# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
મિસ વર્લ્ડ પ્રિયંકાનું બરેલીમાં સ્વાગત ન થયું





પેજ-09
પાકિસ્તાન સામેની સદીથી કોહલીએ રેન્કિંગમાં કૂદકો માર્યો


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 22.00 |
| વડોદરા | 37.00 | 22.00 |
| સુરત | 37.00 | 22.00 |




પેજ 5
ઇન્ડિયન ઓઇલનાં ડાયરેક્ટર (પ્લાનિંગ એન્ડ બિઝનેસ ડેવલપમેન્ટ)...



28 FEBRUARY-2025 FRIDAY



ફ્રાન્સના રાષ્ટ્રપતિએ કહ્યું- રશિયાએ દર વખતે યુદ્ધવિરામ તોડ્યો
પેજ 10




**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 74612.43 | ▼ | 010.31 |
| નિફ્ટી | 22545.05 | ▼ | 02.50 |
| સોનું | 85,300.00 | ▼ | 574.00 |
| ચાંદી | 94,345.00 | ▼ | 296.00 |


વર્ષ-14 । અંક-101 । વિક્રમ સંવત-2081 । મહા વદ-15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## PM મોદીનું મહાકુંભના સમાપન અંગે નિવેદન

**એકતાનો મહાયજ્ઞ સંપન્ન**


# સેવામાં કોઈ ભૂલ થઈ હોય તો માફ કરજો...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રયાગરાજમાં સંપન્ન થયેલાં મહાકુંભને લઈને એક બ્લોગ લખ્યો છે. જેમાં તેમણે આ આયોજનને એકતાનો મહાકુંભ કહ્યો છે. વડાપ્રધાને કહ્યું કે, સમાજના દરેક વર્ગ અને દરેક ક્ષેત્રના લોકો મહાકુંભમાં એક થઈ ગયાં. આ આયોજનની સફળતાને લઈને તેઓ સોમનાથ દર્શ માટે જશે અને દરેક ભારતીયો માટે પ્રાર્થના કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના બ્લોગમાં લખ્યું કે, 'મહાકુંભ સંપન્ન થયો. એકતાનો મહાયજ્ઞ સંપન્ન થયો. પ્રયાગરાજમાં એકતાના મહાકુંભમાં સંપૂર્ણ 45 દિવસ સુધી જે પ્રકારે 140 કરોડ દેશવાસીઓની આસ્થા એકસાથે, એક સમયે આ એક પર્વથી આવીને જોડાઈ, આ અદ્ભુત છે! મહાકુંભના પૂર્ણ થતાં જે વિચાર મનમાં આવ્યો તેને મેં લખવાનો પ્રયાસ કર્યો છે.' પોતાના આ બ્લોગમાં વડાપ્રધાન મોદીએ જનતાની માફી પણ માંગી છે.

**45 દિવસ સુધી મેં દેશના ખૂણે ખૂણેથી કરોડો લોકોને સંગમ તરફ આવતા જોયા. સંગમ પર લાગણીઓની લહેર વધતી રહી. દરેક ભક્ત એક જ હેતુ સાથે આવતા હતા - સંગમમાં ડૂબકી લગાવવી. ગંગા, યમુના અને સરસ્વતીના પવિત્ર સંગમથી દરેક યાત્રાળુને ઉત્સાહ, ઉર્જા અને આત્મવિશ્વાસથી તરબોળ કરી દેતા હતા.**

### કરોડો દેશવાસીઓમાં આત્મવિશ્વાસના સાક્ષાત્કારનો પર્વ

PM મોદીએ વધુમાં લખ્યું કે, 'તીર્થરાજ પ્રયાગના આ વિસ્તારમાં એકતા સમરસતા અને પ્રેમનો પવિત્ર વિસ્તાર શ્રૃંદવેરપુર પણ છે, જ્યાં પ્રભુ શ્રીરામ અને નિષાદરાજનું મિલન થયું હતું. તેમના મિલનનો આ પ્રસંગ પણ આપણાં ઈતિહાસમાં ભક્તિ અને સદ્ભાવના સંગમની જેમ છે. પ્રયાગરાજનું આ તીર્થ આજે પણ આપણને એકતા અને સમરસતાની પ્રેરણા આપે છે. જે પ્રકારે એકતાના મહાકુંભમાં દરેક શ્રદ્ધાળુ, પછી ભલે તે ગરીબ હોય કે સંપન્ન હોય, બાળક હોય કે વૃદ્ધ હોય, દેશ-વિદેશથી આવ્યા હોય, ગામ કે શહેરના હોય, પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણથી હોય, કોઈપણ જાતિનું હોય, કોઈપણ વિચારધારા હોય, તમામ એક મહાયજ્ઞ માટે એકતાના માહકુંભમાં એક થઈ ગયાં. એક ભારત-શ્રેષ્ઠ ભારતનું આ ચીર સ્મરણીય દ્રશ્યસ કરોડો દેશવાસીઓમાં આત્મવિશ્વાસના સાક્ષાત્કારનો મહાપર્વ બની ગયો.



**એકતા કા મહાકુંભ**
**એક નવા યુગનો પ્રારંભ**
– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

બંને દેશો વચ્ચે 14 રાઉન્ડની વાતચીત પૂર્ણ : પસંદગીના કરારો પર હસ્તાક્ષર

# યુકે સાથે ભારત ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

ભારતે માલ અને સેવાઓની નિકાસને વેગ આપવા માટે તેના વેપારી ભાગીદારો સાથે 13 મુક્ત વેપાર કરાર (FTA) અને છ પસંદગીના કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આ કરારો દ્વારા, ભારત વૈશ્વિક બજારોમાં તેના સ્થાનિક ઉદ્યોગની પહોંચ વધારવા માંગે છે. 2014થી, દેશે મોરેશિયસ, UAE, ઓસ્ટ્રેલિયા અને EFTA (યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન) સાથે આવા 3 મુક્ત વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા છે. ભારત યુકે અને ઇયુ સાથે સમાન કરારો માટે સક્રિયપણે વાટાઘાટો કરી રહ્યું છે. 24 ફેબ્રુઆરીના રોજ, વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલ અને યુકેના વ્યાપાર અને વેપાર સચિવ જોનાથન રેનોલ્ડ્સે બંને દેશો વચ્ચે પ્રસ્તાવિત FTA માટે વાટાઘાટો ફરી શરૂ કરવાની જાહેરાત કરી. ભારત અને યુકે વચ્ચેની આ વાતચીત 8 મહિનાથી વધુ સમય પછી ફરી શરૂ થઈ રહી છે.



### FTAથી ભારતને વેપારમાં કેવી રીતે ફાયદો થશે?

નાણાકીય વર્ષ 2024માં, ભારતમાંથી યુકેમાં $12.9 બિલિયન એટલે કે રૂ. 1.12 લાખ કરોડનો માલ નિકાસ કરવામાં આવ્યો હતો. GTRIના સ્થાપક અજય શ્રીવાસ્તવ કહે છે કે આ કરાર આ નિકાસને વધુ વેગ આપશે. કારણ કે, અડધાથી વધુ ભારતીય ઉત્પાદનો પહેલાથી જ યુકેમાં ઓછા અથવા ટેરિફ પર નિકાસ કરવામાં આવે છે. ભારતમાંથી યુકેમાં આયાત થતા માલ પર સરેરાશ ટેરિફ 4.2% છે. યુકેમાં $6.8 બિલિયન અથવા રૂ. 59,241 કરોડના ભારતીય ઉત્પાદનો પર ડ્યુટી ઘટાડવાનો કોઈ ફાયદો થશે નહીં, કારણ કે FTA વિના પણ યુકેમાં પહેલાથી જ તેમના પર કોઈ ટેરિફ નથી.

### ભારતે કયા દેશો સાથે આ કરારો પર હસ્તાક્ષર કર્યા છે?

ભારત શ્રીલંકા, ભૂતાન, થાઈલેન્ડ, સિંગાપોર, મલેશિયા, કોરિયા, જાપાન, ઓસ્ટ્રેલિયા, યુએઈ, મોરેશિયસ, આસિયાન અને EFTA બ્લોક્સ સાથે વેપાર કરાર ધરાવે છે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ (GTRI) અનુસાર, મુખ્ય એશિયન અર્થતંત્રો સાથે સોદા કર્યા પછી, ભારતે તેનું FTA ધ્યાન પૂર્વ (ASEAN, જાપાન, કોરિયા)થી પશ્ચિમી ભાગીદારો તરફ વાળ્યું છે. ભારત હવે પશ્ચિમના મુખ્ય અર્થતંત્રો સાથે નિકાસ વધારવા અને વેપાર સંબંધોને મજબૂત બનાવવા માટે યુકે, યુરોપિયન યુનિયન અને યુએસ સાથે FTA ને પ્રાથમિકતા આપી રહ્યું છે.

### વેપાર કરાર કેટલા પ્રકારના હોય છે?

મુક્ત વેપાર કરારોને તેમના સ્વભાવના આધારે અલગ અલગ નામ આપવામાં આવે છે. આમાં PTA (પ્રિફરન્શિયલ), RTA (પ્રાદેશિક) અને BTA (દ્વિપક્ષીય)નો સમાવેશ થાય છે. WTO આવા તમામ આર્થિક જોડાણોને RTA કહે છે. પીટીએ (ભારત-થાઈલેન્ડ)માં કેટલીક વસ્તુઓને ડ્યુટી ફ્રી બનાવવામાં આવે છે. જ્યારે CECA (વ્યાપક આર્થિક ભાગીદારી કરાર) અથવા CEPA (વ્યાપક આર્થિક ભાગીદારી કરાર - ભારત-કોરિયા, જાપાન) અથવા TEPA (વેપાર અને આર્થિક ભાગીદારી કરાર) - તેમનો વ્યાપ વ્યાપક છે.

# મહાકુંભમાં યોગીએ સફાઈકર્મીઓ સાથે ભોજન કર્યું : યોગીએ સફાઈ કરી ગંગામાંથી કચરો કાઢ્યો

(એજન્સી) પ્રયાગરાજ । તા. 27

45 દિવસ ચાલેલા મહાકુંભનું ગઈકાલે (26 ફેબ્રુઆરી) સમાપન થયું, જોકે આજે પણ મેળામાં ભક્તોની ભીડ જોવા મળી છે. લોકો સ્નાન માટે સંગમ પહોંચી રહ્યા છે. ગાડીઓ સંગમ જઈ રહી છે. મેળામાં દુકાનો પણ ખુલ્લી છે. સીએમ યોગી અને બંને ડેપ્યુટી સીએમએ અરેલ ઘાટ પર ઝાડુ મારીને સફાઈ કરી. બધાએ ગંગામાંથી કચરો કાઢ્યો હતો. યોગીએ બપોરે ગંગા પંડાલમાં પોલીસકર્મીઓ, સફાઈકર્મીઓ અને નાવિકોનું સન્માન કર્યું. બાદમાં સીએમ યોગીએ સફાઈકર્મીઓ સાથે ભોજન કર્યું હતું. પ્રયાગરાજ ખાતે 45 દિવસ સુધી ચાલેલા મહાકુંભનું ગઈ કાલે 26 ફેબ્રુઆરીએ સમાપન થયું છે. જોકે, આજે પણ મેળામાં શ્રદ્ધાળુઓની ભીડ જોવા મળે છે.



**સફાઈ કર્મચારીઓ સાથે જમીન પર બેસીને ભોજન લીધું**

સીએમ યોગીએ સફાઈ કર્મચારીઓ સાથે જમીન પર બેસીને ભોજન લીધું હતું. બન્ને ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠક અને કેશવ મોર્ય પણ હાજર રહ્યા હતા. સીએમે કહ્યું કે, કાલે મહાકુંભની પૂર્ણાહુતિ થઈ છે. શ્રદ્ધાનો આટલો મોટો મેળાવડો દુનિયામાં ક્યાંય થયો નથી. કોઈ ઘટના બની નથી.

ભારતે કહ્યું...પાકિસ્તાન અરીસામાં મોઢું જુએ

# પાકિસ્તાન એક નિષ્ફળ દેશ, બીજાને લેક્ચર ન આપે...

■ **પાક. વિદેશી દાન પર જીવી રહ્યો છે, UNમાં આપેલા ભાષણમાં દંભની ગંધ આવે છે**

(એજન્સી) જીનિવા । તા. 27

પાકિસ્તાન ભારત પર જમ્મુ-કાશ્મીરમાં માનવાધિકાર ઉલ્લંઘનનો આરોપ લગાવતું રહ્યું છે. આ અંગે ભારતે કહ્યું- પાકિસ્તાન એક નિષ્ફળ દેશ છે, જે દાનના પૈસા પર જીવે છે. સંયુક્ત રાષ્ટ્ર (UN)માં તેના પ્રતિનિધિઓ દ્વારા આપવામાં આવેલા ભાષણમાં દંભની ગંધ આવે છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી મિશનના અધિકારી ક્ષિતિજ ત્યાગીએ જીનિવામાં આયોજિત સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ (UNHRC)ના 58મા સત્રની સાતમી બેઠકમાં આ વાત કહી હતી. ભારતે કહ્યું- પાકિસ્તાન હંમેશાં જુઠ્ઠાણું ફેલાવે છે ક્ષિતિજ ત્યાગીએ કહ્યું હતું કે અમને આશ્ચર્ય નથી કે પાકિસ્તાની નેતાઓ આતંકવાદીઓ દ્વારા પ્રચારિત જુઠ્ઠાણાં ફેલાવે છે. પાકિસ્તાન ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC)ને તેનું મુખપત્ર કહીને તેની મજાક ઉડાવી રહ્યું છે. એક નિષ્ફળ રાજ્ય દ્વારા આ સંગઠનનો સમય બગાડવામાં આવી રહ્યો છે, એ દુર્ભાગ્યપૂર્ણ છે.

પિતાએ ઈમરજન્સી વિઝા માટે વિદેશમંત્રીને વિનંતી કરી

# અમેરિકામાં અકસ્માત બાદ ભારતીય વિદ્યાર્થિની કોમામાં : માથામાં ગંભીર ઈજા, હાથ અને પગ તૂટ્યા

(એજન્સી) સતારા । તા. 27

મહારાષ્ટ્રના સતારા જિલ્લાની રહેવાસી 35 વર્ષીય નીલમ શિંદે 14 ફેબ્રુઆરીના રોજ અમેરિકામાં માર્ગ અકસ્માતનો ભોગ બની હતી. કેલિફોર્નિયામાં નીલમને એક કારે ટક્કર મારી, જેના પછી તે કોમામાં જતી રહે છે. હાલમાં તેને ICUમાં દાખલ કરવામાં આવી છે. પોલીસે આ અકસ્માતના આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી છે. નીલમના પિતા તાનાજી શિંદેએ જણાવ્યું કે તેમને આ અકસ્માતની જાણ 16 ફેબ્રુઆરીએ થઈ હતી, ત્યારબાદ તેઓ અમેરિકા જવા માટે વિઝા મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ અત્યાર સુધી તેમને સફળતા મળી નથી. તેમણે કહ્યું કે નીલમની હાલત ગંભીર છે અને પરિવારને શક્ય તેટલી વહેલી તકે ત્યાં પહોંચવાની જરૂર છે. ભારત સરકારના હસ્તક્ષેપ બાદ, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે વિઝા ઔપચારિકતાઓ ટૂંક સમયમાં પૂર્ણ કરવાની ખાતરી આપી છે.



### 16 જાન્યુઆરીથી વિઝા માટે મથી રહ્યો છે પરિવાર

નીલમ શિંદેના પિતા તાનાજી શિંદેએ જણાવ્યું કે, 'અમને આ દુર્ઘટનાની જાણકારી 16 જાન્યુઆરીએ મળી. ત્યારથી અમે અમેરિકા જવા માટે વિઝા મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. પરંતુ, અત્યાર સુધી અમને સફળતા નથી મળી. મારી દીકરીની સ્થિતિ નાજુક છે અને અમે જલ્દીમાં જલ્દી ત્યાં પહોંચવા ઈચ્છીએ છીએ.' પરિવારના જણાવ્યાં અનુસાર, આ દુર્ઘટનામાં નીલમ શિંદેના હાથ-પગ તૂટી ગયા છે અને માથામાં ગંભીર ઈજા થઈ છે. નીલમના કાકાએ જણાવ્યું કે, હૉસ્પિટલ મેનેજમેન્ટમાં મગજની સર્જરી માટે પરિવારની મંજૂરી માંગવામાં આવી હતી. તે હાલ કોમામાં છે અને અમારો પરિવાર તેની સંભાળ રાખવા માટે તેની સાથે હાજર રહેવા ઈચ્છીએ છીએ.

**સુપ્રિયા સુલે મદદે આવ્યા :** સમગ્ર મુદ્દે NCP (SP) સાંસદ સુપ્રિયા સુલેએ કહ્યું કે, નીલમનો પરિવાર વિઝા અરજી માટે સ્લૉટ બૂક કરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ, તેમને આગળની ઉપલબ્ધ તારીખ આવતા વર્ષની જણાવવામાં આવી રહી છે. નીલમ ગત ચાર વર્ષથી અમેરિકામાં રહેતી હતી અને તે પોતાના અભ્યાસના ફાઈનલ યરમાં હતી. તેમના પરિવારને આશા છે કે, સરકાર જલ્દી તેમની મદદ કરશે જેથી તે અમેરિકામાં પોતાની દીકરી પાસે પહોંચી શકે.

## દિલ્હી વિધાનસભાના પરિસરમાં AAP ધારાસભ્યોની એન્ટ્રી પર પ્રતિબંધ

**આતિશી ધરણાં પર બેઠા**

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભા સત્રનો આજે ત્રીજો દિવસ છે. વિપક્ષી દળ આમ આદમી પાર્ટીના ધારાસભ્યોને દિલ્હી વિધાનસભા પરિસરમાં એન્ટ્રી કરવાથી રોકી દેવાયા. સત્રના બીજા દિવસે જ આપના 21 ધારાસભ્યોને સમગ્ર સેશન માટે સસ્પેન્ડ કરી દેવાયા હતા. હવે તેમના પરિસરમાં પણ આવવા પર રોક લગાવી દેવાઈ છે. આપ નેતા આતિશીએ આરોપ લગાવ્યો છે કે આપ ધારાસભ્યોએ 'જય ભીમ'ના સૂત્રોચ્ચાર કર્યા હતા. તેથી તેમને સત્રથી સસ્પેન્ડ કરી દેવાયા હતા. આતિશીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી લખ્યું, 'ભાજપ વાળાએ સરકારમાં આવતાં જ તાનાશાહીની હદો પાર કરી દીધી. 'જય ભીમ'ના સૂત્રોચ્ચાર કરવા બદલ ત્રણ દિવસ માટે આમ આદમી પાર્ટીના ધારાસભ્યોને ગૃહથી સસ્પેન્ડ કર્યા અને આજે આપ ધારાસભ્યોને વિધાનસભા પરિસરમાં ઘૂસવા પણ દેવામાં આવી રહ્યા નથી.

મમતા બેનર્જીનો ભાજપ પર ગંભીર આરોપ

# દિલ્હી-મહારાષ્ટ્રમાં ભાજપે ગુજરાતના લોકોના મત નંખાવીને ચૂંટણી જીતી હતી

બંગાળમાં પણ આવું જ કરવાનો પ્રયાસ કરશે : મમતા બેનર્જી

(એજન્સી) કોલકાતા । તા. 27



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુરુવારે કોલકાતામાં કહ્યું, 'ભાજપે નકલી મતો દ્વારા દિલ્હી અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી જીતી. ચૂંટણી પંચે આમાં મદદ કરી. તેમણે કહ્યું કે ભાજપે ચૂંટણી પંચની મદદથી નકલી મતદારોને મતદાર યાદીમાં સામેલ કર્યા. મમતાએ પાર્ટી કાર્યકર્તાઓની એક બેઠકમાં આ વાત કહી. તેમણે કહ્યું કે જો જરૂર પડશે તો તેઓ મતદાર યાદીમાં સુધારો કરવા અને નકલી મતદારોને દૂર કરવા માટે ચૂંટણી પંચના કાર્યાલયની સામે ધરણા કરશે. તેમણે કહ્યું, 'જો હું 26 દિવસ સુધી ભૂખ હડતાળ પર જઈ શકું છું, તો હું ચૂંટણી પંચ વિરુદ્ધ આંદોલન પણ શરૂ કરી શકું છું.' હકીકતમાં, તે જમીન સંપાદનના વિરોધમાં 2006માં હાથ ધરેલી 26 દિવસની ભૂખ હડતાળનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

### ભત્રીજા અભિષેક બેનર્જીએ કહ્યું- હું ટીએમસીનો વફાદાર સિપાહી

મમતા બેનર્જીના ભત્રીજા અને તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના મહાસચિવ અભિષેક બેનર્જીએ તેમના ભાજપમાં જોડાવાના અહેવાલોને અફવા ગણાવી. તેમણે કહ્યું કે હું ટીએમસીનો વફાદાર સૈનિક છું અને મમતા બેનર્જી મારા નેતા છે. જે લોકો કહી રહ્યા છે કે હું ભાજપમાં જોડાઈ રહ્યો છું તેઓ જુઠ્ઠાણું ફેલાવી રહ્યા છે. ભલે મારું માથું કાપી નાખવામાં આવે, હું મમતા બેનર્જી ઝિંદાબાદ કહીશ.

150 કરોડના જમીન કૌભાંડના આરોપ

# મારી પાસે ભારતમાં કોઈ ઘર, જમીન કે શેર નથી : પિત્રોડા



(એજન્સી) નવી દિલ્હી । તા. 27

ભારતીય જનતા પાર્ટીના નેતા દ્વારા લગાવવામાં આવેલા આરોપોને નકારી કાઢતા ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસ પ્રમુખ સામ પિત્રોડાએ સ્પષ્ટ કર્યું છે કે, 'મારી પાસે ભારતમાં કોઈ ઘર, જમીન કે શેર નથી.' તેમણે આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા અને કહ્યું કે, મને કારણ વગર આ વિવાદમાં ઢસેડવામાં આવી રહ્યો છે. ભાજપ નેતા એન. આર. રમેશે આરોપ લગાવ્યો છે કે, સામ પિત્રોડાએ વન વિભાગના અધિકારીઓ સહિત પાંચ સીનિયર સરકારી અધિકારીઓની મિલીભગતથી બેંગલુરુના યેલહંકામાં 12.35 એકર સરકારી જમીન પર ગેરકાયદેસર કબજો કરી લીધો છે. આ જમીનની કિંમત લગભગ 150 કરોડ રૂપિયા આંકવામાં આવી છે. આ મામલે બૃહત બેંગલુરુ મહાનગર પાલિકા(BBMP)ના પૂર્વ કાઉન્સિલર રમેશે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને કર્ણાટક લોકાયુક્તમાં ફરિયાદ નોંધાવી છે.

# હિન્દીના કારણે ઉત્તર ભારતની 25 ભાષા ખતમ થઈ ગઈ, તમિલનાડુમાં એવું નહીં થવા દઈએ: સ્ટાલિન

## યુપી-બિહાર ક્યારેય હિન્દી નહોતા... હિન્દી નકાબ અને સંસ્કૃત છુપાયેલ ચહેરો

(એજન્સી) ચેન્નઇ । તા. 27

તમિલનાડુમાં હિન્દી વિરુદ્ધ તમિલની વાત કરનારા મુખ્યમંત્રી અને ડીએમકેના પ્રમુખ એમ. કે. સ્ટાલિને ફરી એકવાર આ મુદ્દે આક્રમક વલણ અપનાવ્યું છે. હવે તેમણે ફરી એકવાર ભારપૂર્વક કહ્યું છે કે, અમે હિન્દીને તમિલો પર લાદી દેવાનો વિરોધ કરીએ છીએ. હિન્દીના કારણે ઉત્તર ભારતની 25થી વધારે ભાષા ખતમ થઈ ગઈ છે. તમિલનાડુમાં અમે હિન્દી ઠોકી બેસાડી દેવાની મંજૂરી નહીં આપીએ. અમે તમિલ સંસ્કૃતિની સુરક્ષા કરવાનો સંકલ્પ કર્યો છે.



### ■ મૈથિલી, બ્રજભાષા, બુંદેલખંડી અને અવધી પણ નષ્ટ

આ પત્રમાં સ્ટાલિને દાવો કર્યો છે કે, 'બિહાર, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં બોલાતી મૈથિલી, બ્રજભાષા, બુંદેલખંડી અને અવધી જેવી કેટલીક ઉત્તર ભારતની ભાષાઓને આધિપત્યવાદી હિન્દીએ નષ્ટ કરી દીધી છે. હિન્દી-સંસ્કૃત ભાષાઓનાં હસ્તક્ષેપના કારણે 25થી વધુ ઉત્તર ભારતીય મૂળની ભાષા નષ્ટ થઈ ગઈ છે.

### ■ તો તમિલ જેવી અન્ય ભાષા ઓનલાઈન ભણાવાશે

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પ્રમાણે, ત્રીજી ભાષા વિદેશી પણ હોઈ શકે છે. આ અંગે સ્ટાલિનનું માનવું છે કે, 'ત્રિભાષા નીતિ કાર્યક્રમ પ્રમાણે કેટલાક રાજ્યોમાં માત્ર સંસ્કૃતનો ફેલાવો કરાઈ રહ્યો છે. ભાજપ શાસિત રાજસ્થાન ઉર્દુ પ્રશિક્ષકોના બદલે સંસ્કૃત શિક્ષકોની નિમણૂક કરાઈ રહી છે. જો તમિલનાડુ ત્રિભાષા નીતિનો સ્વીકાર કરે છે, તો માતૃભાષાને નજરઅંદાજ કરી દેવાશે અને ભવિષ્યમાં હિન્દી સંસ્કૃતિકરણ થશે.

મંદીના લીધે આર્થિક મદદમાં કાપ મૂકાશે

# કેન્દ્ર સરકારના નિર્ણયથી રાજ્યોને નુકસાનના એંધાણ

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

કેન્દ્ર સરકાર સેન્ટ્રલ ટેક્સમાં રાજ્યોની ભાગીદારીમાં કાપ મૂકી શકે છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કેન્દ્ર સરકાર નાણાં પંચને આ વિશે ભલામણ કરશે. નાણાં પંચ ટેક્સ શેરિંગ અને કેન્દ્ર તથા રાજ્યોની વચ્ચે નાણાંકીય સંબંધ વિશે ભલામણ કરે છે. અરવિંદ પનગઢિયાની આગેવાનીવાળું આ પંચ 31 ઑક્ટોબરે પોતાનો અહેવાલ આપશે, જેને 2026-27માં લાગુ કરવામાં આવશે. સૂત્રના જણાવ્યા અનુસાર, સરકાર કેન્દ્રીય ટેક્સમાં રાજ્યોની ભાગીદારી 41 ટકાથી ઘટાડીને 40 ટકા કરવાની ભલામણ કરી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે, કેબિનેટ માર્ચના અંત સુધી આ પ્રસ્તાવને મંજૂરી આપી શકે છે. ત્યારબાદ તેને નાણાં પંચ પાસે મોકલવામાં આવશે. ટેક્સ રેવન્યૂમાં 1 ટકાના કપાતથી રાજ્યોને આશરે 35 હજાર કરોડ રૂપિયાનું નુકસાન થશે. આ આંકડો આ વર્ષના અંદાજિત ટેક્સ કલેક્શન પર આધારિત છે. 1980માં કેન્દ્રીય ટેક્સમાં રાજ્યનો ભાગ 20 ટકા હતો જે હવે 41 ટકા છે. પરંતુ, આર્થિક મંદીના કારણે કેન્દ્રનો ખર્ચ વધ્યો છે. આ જ કારણે કેન્દ્રીય ટેક્સમાં રાજ્યોની ભાગીકારી ઓછી કરવાની માંગ કરવામાં આવી રહી છે.

### જિલ્લામાં બોર્ડની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓને

# શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર તથા શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાના હસ્તે પેડ અને પેન આપી શુભેચ્છા આપવામાં આવી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારોની પરીક્ષાઓનો પ્રારંભ થયો છે, ત્યારે શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર, શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયા , ધારાસભ્ય રીટાબેન પટેલક,લેક્ટર ગાંધીનગર, મેહુલ કે. દવે તથા જિલ્લા વિકાસ અધિકારી બી. જે પટેલે રેડિયન સ્કૂલ ઓફ એક્સિલન્સી, સરગાસણ, ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓને સફળ પરીક્ષા અને ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી. આ શુભેચ્છા સમારંભ



અંતર્ગત રાજ્યભરના વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપતા શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, પરીક્ષાને ઉત્સવ સમજી નિશ્ચિત રહી ,ભય મુક્ત બની પરીક્ષા આપો. સરકાર શિક્ષણ વિભાગ તથા વહીવટી તંત્ર તરફથી પણ મંત્રી એ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સાથે તેમણે જણાવ્યું હતું કે, સફળતાપૂર્વક પારદર્શક રીતે થયેલી વ્યવસ્થામાં સકારાત્મક ઉર્જા સાથે પરીક્ષા આપી ઉજ્જવળ ભવિષ્ય તરફ ડગ માંડો, કોઈપણ જાતની અવ્યવસ્થા સર્જાય તો આરોગ્ય વિભાગથી માંડી પોલીસ તંત્ર સુધી બધા જ ખડે પગે વ્યવસ્થામાં હાજર છે. આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ તનાવ મુક્ત રહી પરીક્ષા આપવા જણાવતાં ઉમેર્યું હતું કે, રાજ્યના 14 લાખથી વધુ દીકરા દીકરીઓ આજે જ્યારે બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે, ત્યારે વાલીઓ, શિક્ષકો અને સરકાર દરેકની અપેક્ષા એવી હોય છે કે, આપણા બાળકો હસતા, ખેલતા, કુદતા તનાવ મુક્ત બની પરીક્ષા આપે.અને જો એકાદ પેપર સારું ન જાય તો એક મહિના પછી બીજી વાર વિદ્યાર્થીને સફળ થવાનો મોકો આપવા, સરકારની નવી શિક્ષા નીતિમાં જોગવાઈ કરવામાં આવી છે.

## ચાણસ્મા ડેપોના 21 કર્મચારીઓ કુંભમાં ગંગાસ્નાન કરી પરત આવતાં ભોજન સમારંભ યોજ્યો

નીતિન ઠાકર : ચાણસ્મા

આ વર્ષે વારાણસી માં પવિત્ર ગંગા નદીના કિનારે મહા કુંભ મેળો યોજાયો હતો કુંભ મેળા માં ભારત ભર માં ભક્તજનો એ ગંગાસ્નાન કરી ધન્યતા અનુભવી હતી જે પૈકી ચાણસ્મા ડેપો ના અજ્ય ભાઈ નરેન્દ્રભાઈ દિનેશજી જીતુભાઇ મયુર દવે . હસુભાઈ પટેલ નરેશભાઈ પ્રજાપતિ સહિત ૨૧ કર્મચારીઓ એ કુંભમેળા જઈ ગંગાજી માં ડુબકી મારી કૃતાર્થ થયા હતા અને મહાકુંભ મેળા ના દિવ્યદર્શન કરી પરત ફરેલા ચાણસ્મા ડેપો ના ૨૧ કર્મચારીઓ એ ડેપો ના કર્મચારીઓ નોં ભોજન પ્રસાદ સમારોહ રાખી ડેપો ના સૌ કર્મચારી ઓ સૌ સાથે મળી ભાઈ ચારા થી હળીમળી ને રહે સૌ સુખ દુખ ના સહિયારા સાચા સાથી બની રહી એ તેવો ભાવ વ્યક્ત કર્યો હતો ડેપો મેનેજર ગુંજન ભાઈ પંચાલ સહિત ડેપોના કર્મચારીઓ એ કુંભમેળા માં શાહી સ્નાન કરી પરત ફરેલા સહયાત્રી ઓ નું સન્માન કર્યું હતું.

# નડગખાદી ગામ પાસે પિકઅપ ગાડી પલ્ટી મારી જતા શોર્ટ સર્કિટનાં પગલે આગ લાગી,એકનું મોત

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા - વઘઈ માર્ગ પર નડગખાદી-હનવતચોંડ ફાટક પાસેનાં ઘાટમાં પિકઅપ ગાડી પલ્ટી મારી જતા શોર્ટ સર્કિટ થયુ હતુ.અને સ્થળ પર પિકઅપ ગાડીમાં આગ લઈ ગઈ હતી. આ અકસ્માતમાં એક મહિલાને ગંભીર ઈજા પહોંચી હતી.જોકે તેણીને 108 માં આહવા સિવિલ હોસ્પિટલ એ લઈ જતા રસ્તામાં જ મોત નિપજ્યુ હતુ.ડાંગ જિલ્લાનાં ઘાણીઆંબા ગામના કેટલાક મજૂરો તાપી જિલ્લાના વાલોડ તાલુકાના અંબાચ ગામે કોલુનાં એટલે કે ગોળ બનાવવાના કામે ગયા હતા.આ મજૂરો ગુરુવારે મજૂરી કરી પરત ફરી રહ્યા હતા.અને આ મજૂરો પિક અપ ગાડી રજી. નં.GJ -26-T-9172 માં સવાર થઈને લગભગ સાંજે 3.30 વાગ્યાના અરસામાં આહવા - વઘઈ માર્ગ પર નડગખાદી ગામ પાસેનાં હનવતચોંડ ઘાટમાંથી પસાર થઈ રહ્યા હતા. તે વેળાએ પિકઅપ ગાડીના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા પિકઅપ ગાડી પલટી મારી ગઈ હતી અને જગ્યા પર જ આગ ભભૂકી ઉઠી હતી.આ



પિક અપ ગાડીમાં કુલ 6 વ્યક્તિઓ સવાર હતા. ત્યારે અકસ્માત સર્જાતા ઘટનાં સ્થળ પર આવી સ્થાનિક આગેવાન રવિન્દ્રભાઈ ભિવસન દ્વારા તાત્કાલીક ઈજાગ્રસ્તોને બહાર કઢાવ્યા હતા.આ અકસ્માતમાં ડ્રાઈવર અને એક મહિલાને ઈજા પહોંચી હતી.આ અકસ્માતને પગલે તાત્કાલિક ધોરણે ડાંગ પોલીસના કંટ્રોલ નંબર 100 પર જાણ કરવામાં આવી હતી.જે બાદ આહવા પીએસઆઈ. એમ.જી. શેખ તથા તેમનાં સ્ટાફ હેડ કોન્સ્ટેબલ રમણીકભાઈ મકવાણા, દીનેશભાઈ પાંડુભાઈ, જગદીશભાઈ ભીલાભાઈ તથા પોલીસ વાનના ડ્રાઈવર નરેન્દ્રભાઈ સાથે તાત્કાલિક ઘટના સ્થળ પર પોહચ્યા હતા.

## ગુજરાતના છેવાડાના તાલુકાઓમાં GIDCનું નિર્માણ કરવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય : ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતના છેવાડાના તાલુકાઓમાં નવીન ઔધોગિક વસાહત- GIDCનું નિર્માણ અને વિસ્તાર કરવાનું રાજ્ય સરકાર દ્વારા લક્ષ્ય રાખવામાં આવ્યું છે. જેના ભાગરૂપે છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં ૦૭ પ્લોટ અને ૦૪ શેડ તેમજ પાવી જેતપુરમાં ૧૦ પ્લોટ અને ૦૨ શેડની ફાળવણી કરી દેવામાં આવી છે તેમ,વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે કહ્યું હતું. ઉદ્યોગ મંત્રી રાજપૂતે પેટા પ્રશ્નના જવાબમાં ઉમેર્યું હતું કે, નવીન GIDC બનાવવા માટે સરકારી જમીન જે શહેરની નજીક હોય, વાહન વ્યવહારની સુવિધા, હાઈવેની આજુબાજુ, વીજળી,પાણીની વ્યવસ્થા અને રેલવે વગેરે સુવિધા જરૂરી છે. સ્થાનિક યુવાનોએ યોગ્ય રોજગારી મળી રહે તેવા ઉમદા હેતુથી ગુજરાતમાં કોઈ તાલુકો GIDC વિના બાકી ન રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે તેમ, મંત્રીએ વધુ વિગતો આપતા ગૃહમાં જણાવ્યું હતું.

### વેલને મળે જો ટેકો તો જીવી જાય, ને બાળને મળે જો ટેકો,ખીલી જાય

# દાંતીવાડા તાલુકાના ભાકોદર ક્લસ્ટરની જોરાપુરા ભા.પ્રા. શાળામાં પણ દર વર્ષે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ

દાંતીવાડા : 28મી ફેબ્રુઆરીના દિવસને,ભૌતિકશાસ્ત્રમાં રામન અસરની શોધ બદલ સમગ્ર એશિયા ખંડમાં સૌ પ્રથમ નોબેલ પારિતોષિક પ્રાપ્ત કરનાર ભારતીય વૈજ્ઞાનિક સી.વી.રામનના યોગદાનની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે.આજ રોજ શાળાઓમાં વિજ્ઞાન પ્રત્યે રસ રુચિ કેળવાય તે હેતુથી અનેકવિધ કાર્યક્રમો રાખવામાં આવે છે.

આ અનુસંધાને દાંતીવાડા તાલુકાના ભાકોદર ક્લસ્ટરની જોરાપુરા ભા.પ્રા.શાળામાં પણ દર વર્ષે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની



ઉજવણી કરવામાં આવે છે. જેમાં વિજ્ઞાન ક્વિઝ,દિન વિશેષ પરિચય,વિજ્ઞાન પ્રયોગશાળાના સાધનોનું પ્રદર્શન,નમૂના,કૃતિ અને ટી.એલ.એમ.નિર્માણ વર્કશોપ તેમજ પ્રોજેક્ટ- પ્રવૃતિ અને પ્રયોગ નિદર્શન જેવા કાર્યક્રમ રાખવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આજના દિવસે, જોરાપુરા ભા.પ્રા.શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ધોરણ 6 થી 8ના બાળકોએ વિજ્ઞાન ક્ષેત્રે વૈજ્ઞાનિક સી.વી. રામનના યોગદાન તેમજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના મહત્વને અનુલક્ષીને વિવિધ વક્તવ્યો રજૂ કર્યા અને વિજ્ઞાન વિષયની ક્વિઝ રમ્યા.સાથે ગ્રામ્ય વિસ્તારની આ શાળાના બાળકોએ વિજ્ઞાન વિષયના શિક્ષિકાબેનશ્રી જસ્મીનબેન પટેલના માર્ગદર્શન હેઠળ ઈકો ફ્રેન્ડલી, પર્યાવરણ,જળ અને ઉર્જા બચાઓ, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા, કૃષિ, વેસ્ટમાંથી બેસ્ટ જેવા વિવિધ વિભાગોને અનુલક્ષીને ખૂબ સુંદર નમૂના,રમકડાં અને કૃતિઓ તૈયાર કરેલ.

## મહિસાગર જિલ્લામાં હોટલ,ગેસ્ટ હાઉસ નિયંત્રણ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

આગામી સમયમાં તહેવારો આવતા હોય જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે મહીસાગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી સી.વી.લટા દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ. મહીસાગર જિલ્લાના વિસ્તારના હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો ધ્વારા દેશ/વિદેશના નાગરીકોને રૂમો ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ (ચોવીસ) કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. જિલ્લામાં હોટલ, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ,વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડિટેઇલ કોપી સહિતની લેવી,વિદેશી નાગરીકના પાસપોર્ટ, વિઝા અને ભારતના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કારાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી,વિદેશી નાગરીકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ (ચોવીસ) કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

# પાલનપુર ખાતે પોષણ ઉત્સવ 2024 અંતર્ગત જિલ્લા કક્ષાની પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઇ

■ બનાસકાંઠા જિલ્લામાં એકપણ બાળક કુપોષિત ના રહે તે માટે સૌકોઈ સાથે મળીને કામ કરીએ : જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ

(માહિતી બ્યુરો,પાલનપુર)

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને આઈ.સી.ડી.એસ.વિભાગ, બનાસકાંઠા દ્વારા પાલનપુર સ્થિત જિલ્લા પંચાયત ભવન ખાતે પોષણ ઉત્સવ અંતર્ગત જિલ્લા કક્ષાની પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ટેક હોમ રાશનમાંથી બનતી વાનગીઓ માટે ૨૭ આંગણવાડી કાર્યકર બહેનો અને મિલેટ (શ્રીઅન્ન) આધારિત વાનગીઓ માટે પણ ૨૭ આંગણવાડી કાર્યકર બહેનો મળી કુલ ૫૪ આંગણવાડી કાર્યકર બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ટેક હોમ રાશન અને મિલેટ (શ્રીઅન્ન)



બન્ને સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન હાંસલ કરનાર આંગણવાડી કાર્યકર બહેનોને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. ઉપરાંત, વર્ષ ૨૦૨૧-૨૨માં શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી કાર્યકર, તેડાગર તથા મુખ્ય સેવિકા ત્રણ બહેનોને માતા યશોદા એવોર્ડ અને પ્રમાણપત્ર તથા ચેક આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, સરકારશ્રીના અભિગમ સાથે મહિલાઓને પોષણ મળી રહે તે હેતુથી બાળ શક્તિ, માતૃ શક્તિ અને પૂર્ણા શક્તિના પેકેટ આપવામાં આવે છે.

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.વી.લટા દ્વારા ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયત્રણો મુકતું જાહેરનામું બહાર પડાયું

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્વો સ્થાનિક વિસ્તારોમાં કોઇના મકાન ભાડે રાખી રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ ને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.વી.લટા દ્વારા ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયત્રણો મુકતું જાહેરનામું બહાર પડાયું. મહીસાગર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# અદાણી વિલ્મરે શહેરમાં મધ્યાહ્ન ભોજનની પહોંચને વધારવા માટે અક્ષય પાત્ર ફાઉન્ડેશન સાથે ભાગીદારી કરી

■ આ ભાગીદારી કુપોષણને નાથવા અને શિક્ષણને ટેકો આપવા માટે ફોર્ચ્યુન સુપોષણ દ્વારા શરૂ કરાયેલી કામગીરીને આગળ વધારે છે

(એજન્સી) અમદાવાદ । તા. 27

ભારતની સૌથી મોટી ફૂડ અને એફએમસીજી કંપનીઓમાંની એક અદાણી વિલ્મર લિમિટેડ દરેક ભારતીયના જીવનને સ્પર્શવાનો, તેમને પોતાનું જીવન સંપૂર્ણપણે જીવવા સક્ષમ બનાવવાનો તેમજ દેશને વધુ મજબૂત, સ્વસ્થ અને વધુ ઉત્પાદક બનાવવનો ઉદ્દેશ ધરાવે છે. આ મિશન ફ્લેગશિપ સીએસઆર પ્રોજેક્ટ ફોર્ચ્યુન સુપોષણ સાથે શરૂ થયો હતો જે કુપોષણ અને એનિમિયાનું સમાધાન રજૂ કરે છે. આ મિશનને વિસ્તારવાના પ્રયાસરૂપે કંપનીએ અમદાવાદમાં સુવિધાઓથી વંચિત શાળાના બાળકોને પોષણયુક્ત આહાર પૂરો પાડવા માટે તેના મધ્યાન



ભોજન કાર્યક્રમને ટેકો પવા માટે અક્ષય પાત્ર ફાઉન્ડેશન સાથે સહયોગ કર્યો છે.આ સહયોગના ભાગરૂપે શાળાના બાળકોને પોષણયુક્ત ભોજન પહોંચાડવા માટે સરળ વિતરણ સુનિશ્ચિત કરવા છ નવી ડિલિવરી વાન રજૂ કરવામાં આવી છે. આ વાનને લીલીઝંડી આપવાનો કાર્યક્રમ અમદાવાદમાં યોજાયો હતો જેમાં અદાણી વિલ્મર અને અક્ષય પાત્ર ફાઉન્ડેશનના અગ્રણી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલ ભોજનની પહોંચને વધારવા તથા સમગ્ર દેશમાં બાળકોના તંદુરસ્ત ભવિષ્યને પ્રોત્સાહન આપવા માટે એફએમસીજી કંપનીએ બતાવેલી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે.

# મહા શિવરાત્રિ નિમિતે ઉપલેટામાં હર-હર મહાદેવના નાદ સાથે ઠેર-ઠેર ભવ્ય ઉજવણી તેમજ વિશેષ પ્રસાદનું થયું આયોજન

ઉપલેટા : ઉપલેટામાં મહાશિવરાત્રીના પાવન પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી જેમાં મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે વિવિધ શિવ મંદિરોના શિવલિંગને સ્વયંસેવકો તેમજ સહયોગીઓ દ્વારા વિશેષ રૂપે શણગાર કરવામાં આવ્યો હતો જેમાં આ શણગારની સાથે-સાથે વિવિધ શિવ મંદિરોની અંદર મહા આરતી તેમજ ભાંગનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો તો ઘણી જગ્યા ઉપર બપોરના સમયે ફરાળની પ્રસાદીનું પણ સેવકો દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે દિવસ દરમિયાન વિવિધ શિવ મંદિરોમાં મહા આરતીનો અને



ભાંગના પ્રસાદનો લાભ લેવા ભક્તોનું ખોડાપુર ઉમટી પડ્યું હતું. ઉપલેટા શહેરના કિલોલ સ્કૂલ પાસે આવેલા શ્રી વિશ્વનાથ મહાદેવ મંદિરના પટાંગણમાં શિવ ભક્ત ધર્મેન્દ્રસિંહ જાડેજા પરિવાર તરફથી છેલ્લા આઠ વર્ષથી કરવામાં આવી રહેલ આયોજનના ભાગરૂપે બપોરના સમયે વિશેષ રૂપે ફરાળનું આયોજન કરવામાં આવે છે તો ઉપલેટા શહેરના દ્વારકાધીશ સોસાયટી વિસ્તાર પાસે આવેલા શ્રી બડા બજરંગ શ્રીરામ મંદિર ખાતે બિરાજમાન શ્રી બિલેશ્વર મહાદેવને પણ વિશેષ પુષ્પોનો શણગાર કરવામાં આવ્યો હતો જેમાં મહાદેવના મોટા સેવક તરીકે અને ખુદ મહાદેવ તરીકે છાપ ધરાવતા અને ઉપલેટા બ્રહ્મ સમાજના પ્રમુખ જીગ્નેશભાઈ વ્યાસ ઉર્ફે મહાદેવ તેમજ તાજેતરની ઉપલેટા નગરપાલિકાની ચૂંટણીમાં સદસ્ય તરીકે જંગી મત મેળવી વિજેતા થનાર તેમના પત્ની જીજ્ઞાબેન વ્યાસ પરિવાર અને તેમના સહયોગીઓ અને સેવકો દ્વારા રાત્રીની મહા આરતી બાદ વિશેષ રૂપે ફરાળનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઉપલેટા મોજ નદી કાંઠે આવેલ અને પૌરાણિક શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે સંધ્યા આરતીનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

## અમદાવાદ-ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ રદ

અમદાવાદ : પશ્ચિમ રેલવે દ્વારા ટેકનિકલ કારણોસર ટ્રેન નંબર 94801/94802 અમદાવાદ-ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ રદ કરવામાં આવી છે, જેની વિગતો નીચે મુજબ છે: 27 ફેબ્રુઆરી 2025 ના રોજ અમદાવાદથી દોડનારી ટ્રેન નંબર 94801 અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલ રદ રહેશે. તેવી જ રીતે, રેકની ઉપલબ્ધતા ન હોવાને કારણે, 28 ફેબ્રુઆરી 2025 ના રોજ ભુજથી દોડતી ટ્રેન નંબર 94802 ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ રદ રહેશે.

## સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ખરીદ-વેચાણ કરતી વખતે દસ્તાવેજો ચકાસી રજીસ્ટર નિભાવવા અંગેનું જાહેરનામું

લુણાવાડા : મહીસાગર જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટઈલર વિક્રેતા ધ્વારા મોબાઈલના સીમકાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાંની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના અધારે સીમકાર્ડ ખરીદ કરી તે ધ્વારા બનાવટી કોલ ધ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાનાં, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ વધી રહેલ હોવાથી તેને અંકુશમાં લાવી શકાય તે માટે જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.વી.લટા દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયું. તેમજ રજીસ્ટર નિભાવવાનું રહેશે. ઉક્ત જાહેરનામામાં દર્શાવ્યા મુજબ મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ અનુક્રમ નંબર, મોબાઈલ ફોનની વિગત/કંપની, IMEI નંબર, મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત અને આઈ.ડી. પ્રુફની વિગત વગેરે વિગતો દર્શાવતું નિયત નમૂનામાં રજીસ્ટનર નિભાવવાનું રહેશે. મોબાઈલ ફોનની વિગત/કંપની, IMEI નંબર, મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત અને આઈ.ડી. પ્રુફની વિગત વગેરે વિગતો દર્શાવતું નિયત નમૂનામાં રજીસ્ટવર નિભાવવાનું રહેશે.

# SSC બોર્ડની પરીક્ષાનાં પ્રથમ દિવસે 14 પરીક્ષા કેન્દ્રો પર 3057 વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયની પરીક્ષા આપી



સુશીલ પવાર : ડાંગ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની એસ. એસ.સી ધોરણ-10 અને એચ.એસ. સી ધોરણ-12ની પરીક્ષાનો આજરોજથી શુભારંભ થયો છે.ત્યારે રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં પણ આજરોજ SSC અને HSC બોર્ડની પરિક્ષાઓને લઈને વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.ડાંગ જિલ્લામાં SSC બોર્ડની પરીક્ષામાં પ્રથમ દિવસે 14 પરીક્ષા કેન્દ્ર પર 3057 વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયની પરીક્ષા આપી. ડાંગ જિલ્લામાં પ્રથમ દિવસે ડાંગ જિલ્લા શિક્ષણ અધિકારી જીગ્નેશ ત્રિવેદી તથા જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓએ પરીક્ષા કેન્દ્રો ખાતે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનું મોઢું મીઠું કરી શુભેચ્છાઓ પાઠવી હતી.જેમાં ડાંગ જિલ્લાની એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલ માલેગામ પરીક્ષા કેન્દ્ર ખાતે સંતોકબા ધોળકિયા વિદ્યામંદિરનાં પ.પૂ.પી.પી. સ્વામીજીએ વિદ્યાર્થીઓનું મોઢું મીઠું કરાવી પ્રગતિમય શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારે ડાંગ જિલ્લાની સરકારી માધ્યમિક શાળા આહવા, દીપ દર્શન માધ્યમિક શાળા આહવા, એકલવ્ય મોડલ રેસિડેન્સીયલ સ્કૂલ માલેગામ, સરકારી માધ્યમિક શાળા સુબીર, નવજ્યોત હાઈસ્કુલ સુબીર, ઋતુમ્ભરા કન્યા વિદ્યામંદિર સાપુતારા, એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ સાપુતારા, માધ્યમિક શાળા પીંપરી, સરકારી માધ્યમિક શાળા સાકરપાતળ, એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ ચિંચલી , સરકારી માધ્યમિક શાળા પીપલદહાડ, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા કાલીબેલ, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ચિકાર, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા રંભાસ એમ મળી કુલ 14 પરીક્ષા કેન્દ્રનાં 133 બ્લોકમાં ધોરણ 10 SSC બોર્ડના વિદ્યાર્થીઓએ પ્રથમ દિવસે ગુજરાતી વિષયની પરીક્ષા આપી હતી.પ્રથમ દિવસે ગુજરાતી વિષયની પરીક્ષા હતી.ડાંગ જિલ્લામાં એસ.એસ.સી બોર્ડની પરીક્ષામાં કુલ 3122 વિદ્યાર્થીઓ પૈકી 3057 વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયની પરીક્ષા આપી હતી.

### બેજવાબદાર નીતિના કારણે નાગરિકો થઈ રહ્યા છે હેરાનપરેશાન : પ્રાથમિક સુવિધા આપવામાં પણ વામણી થઈ

# અંધેરી નગરી ગંડુ રાજા જેવી સ્થિતિ : જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં વોર્ડ નંબર 3માં તલાવડી વિસ્તારમાં ગટરના પાણી રોડ ઉપર ચડ્યા

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

જાફરાબાદના સામાકાંઠા તલાવડી વિસ્તારનો મેન રોડ ઉપર ઘણા સમયથી ગટરના પાણી રોડ ઉપર ચડ્યા હોય તણાવ જેમ પાણી ભરેલા હોવાથી નાગરિકો હેરાન પરેશાન આ રોડ મેન રોડ હોવાથી અહીં હજારો ની સંખ્યા લોકોની અવર-જવર હોય પરંતુ રોડ વચ્ચોવચ ખોદેલી હાલતમાં પણ હોય અને ઘણા સમયથી મળમૂત્ર તેમજ ફીનાઈ અને સાબુના ફીણ વાળા પાણી મેન રોડ ઉપર અંધ વચ્ચે ભરેલું હોવાથી મહિલાઓ વિધાર્થીઓ નાના ભૂલકાઓ આ ગંધાતા અને દુર્ગંધ મારતું પાણી માંથી ચાલવા મજબુર બન્યા છે. પરંતુ પાલિકા ના જવાબદાર લોકો ના ધ્યાન ઉપર આવતું નથી અહીં નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ રહી હોવા છતાં પાલિકા ના બે જવાબદાર લોકો ના લીધે અહીં ના નાગરિકો હેરાન પરેશાન



છે. પાલિકા સ્વચ્છતા હી સેવા અભિયાન ચલાવી ફોટા સેક્શન કરી ફેસબુક ઉપર મુકી સ્વચ્છતા અભિયાન ની ઉચ્ચ અધિકારીઓ ને ઉંધુ દેખાડી રહ્યા છે. પરંતુ અહીં જ બાજુમાં ખડકાયેલા ઉકરડો તથા બાલકૃષ્ણ સોસાયટી બાજુમાં આવેલ ભૂતડાદાદ ના મંદિર બાજુમાં ખદબદતી ગંદકી પણ પાલિકા દ્વારા ઉપાડવામાં આવતી નથી આ તમામ ગંદકી ના કારણે માખીઓ તથા મચ્છર નો ઉપદ્રવ વધી ગયો હોય અને મેલેરીયા, ચિકનગુનિયા, ડેંગ્યૂ જેવી બીમારી ના ફેલાય તે પહેલાં કુંભકર્ણની નિદ્રામાં સુતેલી પાલિકા ધ્યાન ઉપર લઈ આ ખદબદતા ઉકરડા તથા મેન રોડ ઉપર ભરાયેલા તણાવને અને અહીં ખદબદતી ગંદકી દૂર કરવામાં આવશે કે પછી કોઈ મોટી બીમારી ઉત્પન્ન થાય તેની રાહ જોઈ રહી છે પાલિકા ? સામાકાંઠા ના નાગરિકો દરેક સ્તરે ટેક્સ ભરવા છતાં પાલિકા દ્વારા ઓરમાયું વર્તન અપનાવવામાં આવી રહ્યું હોય તેવું લોકો દ્વારા ચર્ચાઓ થઈ રહી છે. હાલમાં ગંદકી અને ગંદવાડો ખદબદી રહ્યો હોય પરંતુ તંત્ર ધ્યાન ઉપર લઈ સામાકાંઠા વોર્ડ નંબર ૩ માં આવતી આ તલાવડી વિસ્તાર ની ખદબદતી ગંદકી વહેલી તકે ઉપાડવામાં આવે અને ખરાઅર્થમાં સ્વચ્છતા અભિયાન ચાલુ કરવામાં આવે તેવી લોકોમાંથી માંગ ઉઠી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### સુરતના યુવકની ભારે શોધખોળ છતાં 14 દિવસ પછી પણ પત્તો નહીં; પરિવારે બેસણું અને બારમું પણ કરી નાખ્યું

# મહાકુંભના સંગમમાં છ ડૂબકી બાદ યુવક ડૂબ્યો

(એજન્સી) સુરત | 27

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ચાલતા મહાકુંભમાં ત્રિવેણી સંગમ પાસે ડૂબકી લગાવતાં સુરતનો યુવક મૃત્યુના દ્વારે પહોંચ્યો હતો. સંગમમાં ગત 12 ફેબ્રુઆરીના રોજ પૂનમે ડૂબકી લગાવતાં યુવક તણાયો હતો, જેની શોધખોળ સ્થાનિક ફાયર, NDRF સહિતની ટીમ દ્વારા કરવામાં આવી હતી. સુરતથી મિત્ર સાથે મહાકુંભમાં નીકળેલા યુવકની 14 દિવસ બાદ પણ કોઈ ભાળ મળી નહોતી. એને પગલે પરિવારજનોમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

આ દરમિયાન પરિવાર દ્વારા બેસણું અને બારમું પણ કરી નાખ્યું છે, જોકે પરિવાર છેલ્લીવાર યુવકનો ચહેરો જોવા મળે એવી આશા રાખીને બેઠું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ત્રિવેણી સંગમમાં આ યુવક ડૂબકી લગાવી રહ્યો હતો અને તેનો મિત્ર આ વીડિયો બનાવતો હતો. દરમિયાન જ યુવકનો પગ સ્લિપ થતાં ડૂબી ગયો હતો અને ત્યાર બાદ તણાઈ ગયો હતો.

મૂળ અમરેલી જિલ્લાના મોટા લિલિયા તાલુકામાં પીપળવા ગામના વતની અને હાલ કતારગામ લલિતા ચોકડી પાસે આવેલી પંચવટી સોસાયટીમાં રહેતા 32 વર્ષીય કમલેશ વિનુભાઈ વઘાસિયા પરિવાર સાથે રહેતો હતો. એથર કંપનીમાં કેમિકલ એન્જિનિયર તરીકે કામ કરી પત્ની, એક પુત્ર અને એક પુત્રી સહિતના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. કમલેશે કંપનીમાં કામ કરતા સાથી કર્મચારી અક્ષય ચૌહાણ સાથે પ્રયાગરાજના મહાકુંભમાં ડૂબકી લગાવવાનું નક્કી કર્યું હતું.



ગત 8 ફેબ્રુઆરીના રોજ બપોરે બંને મિત્ર સુરતથી નીકળ્યા હતા. સૌપ્રથમ ઉત્તરપ્રદેશના રીવા ખાતે પહોંચ્યા હતાં જ્યાંથી વારાણસી પહોંચી કાશી વિશ્વનાથ અને ગંગા નદી કિનારે ઘાટનાં દર્શન કર્યાં હતાં. જ્યાંથી અયોધ્યા કમલેશ અને અક્ષય ભગવાન શ્રીરામના મંદિરે પહોંચ્યા હતા, ત્યાર બાદ મહાકુંભમાં 12 ફેબ્રુઆરીએ પહોંચ્યા હતા. તા. 12 ફેબ્રુઆરીએ શાહી સ્નાન અંતર્ગત પૂનમનું સ્થાન હતું. જેથી બંને ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવા માટે પહોંચી ગયા હતા. જ્યાં ભક્તોની ભીડ વધુ હોવાથી કમલેશે મિત્ર અક્ષયને ઘાટથી થોડા અંતરે નાગવાસુકી ઘાટ પાસે જઈને ડૂબકી લગાવવાનું કહ્યું હતું.

બંને ઘાટથી થોડા દૂર સ્નાન માટે પહોંચ્યા હતા. જ્યાં પહોંચી એક ડૂબકી લગાવે અને બીજો વીડિયો બનાવે તે પ્રકારે નિર્ણય કર્યો હતો. પહેલાં કમલેશે ડૂબકી લગાવવા સંગમમાં ઊતર્યો હતો. એક, બે, ત્રણ એમ છ ડૂબકી લગાવ્યા બાદ તેનો પગ લપસી ગયો હતો અને બાદ ગુમ થઈ ગયો હતો, જેથી કિનારે ઊભેલો મિત્ર અક્ષય સ્તબ્ધ થઈ ગયો હતો. તાત્કાલિક નજીકમાં ઊભેલા પોલીસકર્મીને જાણ કરી હતી. જે બાદ ફાયર અને NDRFની ટીમને જાણ કરતા શોધખોળ હાથ ધરી હતી.

### પરિવારજનો દ્વારા ભારે હૈયે એક કઠોર નિર્ણય લેવામાં આવ્યો

કમલેશનો મોટો ભાઈ અને અન્ય એક પરિવારજન સહિતના પ્રયાગરાજમાં આઠ દિવસ સુધી રહ્યાં હતાં. જોકે, કમલેશની કોઈ ભાળ મળી ન હતી. ઘરે પણ પરિવાર દીકરો મળી જાય તેવી આશા રાખીને બેઠો હતો. જોકે, ત્યારબાદ ઘરમાં રડતી માતા અને પત્ની સહિતનાઓને ધ્યાનમાં રાખીને પરિવારજનો દ્વારા ભારે હૈયે એક કઠોર નિર્ણય લેવામાં આવ્યો હતો. 12 ફેબ્રુઆરીના રોજ કમલેશનું મોત થયું હોય એવું માનીને 21 ફેબ્રુઆરીના રોજ તેનું બેસણું રાખવામાં આવ્યું હતું. ત્યાર બાદ 24 ફેબ્રુઆરીના રોજ તેનું બારમું (પાણીઢોળ) પણ કરી નાખવામાં આવ્યું હતું. કમલેશના ગુમ થવાને આજે 14-14 દિવસ વીતી ગયા છે અને પરિવાર સાથે મિત્ર વર્તુળ પણ કમલેશનાં અંતિમ દર્શન માટે તરસી રહ્યું છે.

**14 દિવસ બાદ પણ કમલેશની કોઈ ભાળ મળી નહીં:** અક્ષય દ્વારા આ મામલે પરિવારને જાણ કરવામાં આવી હતી. પરિવારજનો પણ પ્રયાગરાજ પહોંચ્યા હતા. 14 દિવસ બાદ પણ કમલેશભાઈની કોઈ ભાળ મળી નહોતી. જેથી પરિવારજનોમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી. કમલેશભાઈનાં બે સંતાને પિતાનું છત્ર ગુમાવ્યું હતું. કમલેશનો મોટો ભાઈ અને અન્ય એક પરિવારજન પ્રયાગરાજ પહોંચ્યાં હતાં. પ્રયાગરાજમાં મહાકુંભ પર સમગ્ર વિશ્વની નજર છે ત્યાં નાનામાં નાની ઘટના અંગે તંત્ર સંવેદનશીલ દેખાઈ રહ્યું છે. સુરતના આશાસ્પદ યુવક કમલેશ વઘાસિયા મહાકુંભમાં પૂનમના સ્નાન દરમિયાન ત્રિવેણી સંગમ ખાતે ડુબી ગયો હોવાના સમાચાર મળ્યા ત્યારે વઘાસિયા પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો.

# હત્યા કેસમાં 35 વર્ષે વોન્ટેડ આરોપી ઝડપાયો

### 1990માં આડાસંબંધના કારણે તમિલનાડુના યુવકની લોધીકા ગામે થઈ હતી હત્યા, નામનો એક અક્ષર ખોટો લખાઈ જતાં હત્યારો પકડાતો ન હતો

(એજન્સી) રાજકોટ | 27

એક એવી કહેવત છે કે, 'નામમાં શું રાખ્યું છે?' જોકે, આ કહેવતને રાજકોટ (રૂરલ) LCBની ટીમે ખોટી સાબિત કરી બતાવી છે. 15.07.1990માં રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના પારડી ગામમાં શીતળા માતાજી મંદિર પાસેથી એક યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી અને તેના થોડા સમય બાદ એક હત્યારાને પોલીસ દ્વારા પકડી પાડવામાં આવે છે, જેની કબૂલાતમાં અન્ય એક હત્યારાનું નામ ખુલવા પામ્યું હતું પરંતુ, આ નામમાં એક અક્ષર ખોટો લખાઈ જતાં હત્યારો 35 વર્ષ સુધી પોલીસના હાથે લાગ્યો ન હતો. જોકે, ગઈકાલે પોલીસે 35 વર્ષથી નાસતાં ફરતાં આ હત્યારાને ગોવાથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તા.15.07.1990ના રોજ કાનજીભાઈ સામજીભાઈ ભુવાએ લોધીકા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી કે, શીતળા માતાજી મંદિર પાસે છરીના ઘા ઝીંકીને હત્યા કરાયેલી એક લાશ મળી આવી છે. આ પછી પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી શરૂ કરી હતી. થોડા દિવસ બાદ પીરમલ પાક્ય નાડરે પોલીસને જણાવ્યું હતું કે, આ લાશ તામિલનાડુના વતની નૈનતુરઈ એકવ નાડરની છે અને તે તેનો પિતરાઇ ભાઈ હતો. નૈનતુરઈને પીછૈયા ઉર્ફે વિજય સન્મુખવેલ નાડરની પત્ની સાથે આડાસંબંધ હોય તેની જાણ પીછૈયા ઉર્ફે વિજયને થતા તેણે અને બસપ્પા ઉર્ફે સુરેશે મળીને નૈનતુરઈની હત્યાને અંજામ આપ્યો હતો. આ પછી પોલીસે 29.07.1990ના તામિલનાડુના વતની પીછૈયા ઉર્ફે વિજય સન્મુખવેલ નાડરને ઝડપી પાડ્યો હતો. જેની ધરપકડ બાદ પૂછપરછ કરતા તેણે કબૂલાત આપી હતી કે, નૈનતુરઈને તેની પત્ની સાથે આડાસંબંધ હોવાથી વારંવાર તે તેની સાથે ઝઘડો કરતી હોય, પત્નીને વતનમાં મૂકી આવ્યો હતો.

**બસપ્પાનો પુત્ર ગોવામાં શીપિંગ કંપનીમાં કામ કરતો હોવાની માહિતી મળી**

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બસપ્પા ઉર્ફે સુરેશએ પીછૈયા ઉર્ફે વિજય સાથે મળીને જે હત્યાને અંજામ આપ્યો હતો, તેના બદલામાં તેને 15,000 રૂપિયા મળ્યા હોવાનું સામે આવ્યું હતું. હત્યાને અંજામ આપ્યા બાદ તે ઘરબાર છોડીને ગોવા ચાલ્યો ગયો હતો અને ત્યાં પ્રેમલગ્ન કરીને રહેતો હતો. ફક્ત એટલું જ નહિ બસપ્પાનો પુત્ર ગોવામાં શીપિંગ કંપનીમાં કામ કરતો હોવાની માહિતી પણ પોલીસ માટે કારગત નીવડી હતી. પોલીસે જે-તે સમયે બસપ્પા ઉર્ફે સુરેશના બનેવી અપ્પનગૌડા પલગૌડા પાટીલની પૂછપરછ કરી ત્યારે તેણે કહ્યું હતું કે, બસપ્પા તેનો સાળો છે અને તે ક્યાં છે.

## કાર ચાલક સાથે થયેલી માથાકૂટમાં એક ઘાયલ

બોટાદ | રાણપુરના બરાનીયા ગામ નજીક રોડ પર એક ચકચારી ઘટના સામે આવી છે. બરાનીયા ગામના પાટીયા પાસે ગઈકાલે બપોરે કાર ચાલક અને કેટલાક લોકો વચ્ચે વિવાદ સર્જાયો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. વાયરલ વિડીયોમાં દેખાય છે કે કેટલાક લોકો હાથમાં લાકડીઓ લઈને રસ્તા પર ઉગ્ર બબાલ કરી રહ્યા છે. આ ઘટનામાં એક વ્યક્તિને ઈજાઓ થતાં ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાની માહિતી મળી રહી છે. ઘટનામાં એક કાર અને એક બાઈકને પણ નુકસાન થયું છે. બંને વાહનો ક્ષતિગ્રસ્ત હાલતમાં ઘટનાસ્થળે જોવા મળ્યા હતા. માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે તપાસ શરૂ કરી છે, પરંતુ હજુ સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નથી.આ સમગ્ર ઘટનાનો વીડિયો સામે આવ્યો છે.

### યુવકની ઓળખ કરવી મુશ્કેલ બની, 2 મહિનામાં ત્રીજી ઘટનાથી લોકોની બાયપાસની માગ

# મીઠું ભરેલા ડમ્પરે બાઈકચાલકને કચડી માર્યો

(એજન્સી) કચ્છ (ભુજ) | 27

ભચાઉના કસ્ટમ ચાર રસ્તા વિસ્તારમાં ગુરુવારે બપોરે એક વધુ ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. વેરાઈ કૃપા હોટલ સામે મીઠું ભરેલા ડમ્પરે એક બાઈક ચાલકને કચડી નાખ્યો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે મૃતક બાઈક ચાલકની ઓળખ પણ થઈ શકી નથી.

ઘટનાની વિગતો મુજબ, દુધઈ રોડ તરફથી આવતા મીઠા ભરેલા ડમ્પરના બ્રેક ફેલ થતાં તે પહેલા કસ્ટમ બ્રિજ પાસે ઊભેલી રિક્ષાઓ સાથે અથડાયું હતું. ત્યારબાદ વેરાઈ કૃપા હોટલ તરફના સર્વિસ રોડ પર રોંગ સાઈડમાં દોડી ગયું હતું. ડમ્પર એક કાર સાથે અથડાયા બાદ બાઈક ચાલકને કચડી નાખ્યો હતો. બેકાબૂ વાહન છેવટે હંગામી આવાસ પાસે અટકી ગયું હતું.

ભીમા કોરેગાવ સેનાના તાલુકા પ્રમુખ સુરેશ કાંઠેચાએ જણાવ્યું કે, ઓવરલોડ મીઠાના કારણે આ અકસ્માત સર્જાયો છે. તેમણે મૃતકના પરિવારને વળતરની



માંગ સાથે કસ્ટમ સર્કલ પર ચક્કાજામની ચીમકી આપી છે. નોંધનીય છે કે છેલ્લા બે માસમાં માલવાહક ડમ્પર દ્વારા થયેલી આ ત્રીજી દુર્ઘટના છે. સ્થાનિક રહીશોએ માલવાહક વાહનો માટે બાયપાસ માર્ગની માંગણી કરી છે. ભચાઉ પોલીસે ઘટનાની પુષ્ટિ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે.

### માળીયામાં જમીન વિવાદમાં હિંસક હુમલો...

## કાકાના સાળા સહિત બે શખ્સે મહિલા પર છરી-ધારિયાથી હુમલો કર્યો...

(એજન્સી) મોરબી | 27

માળીયા મીયાણામાં જમીન વિવાદે હિંસક ઘટના સામે આવી છે. સરકારી હોસ્પિટલની પાછળ જેસરાભાઈ મોવરની વાડીમાં રહેતા સમીરાબેન અકબરભાઈ મોવર (34) પર હુમલો થયો છે. ફરિયાદીના પતિ અને તેમના કાકા ગફુરભાઈ વચ્ચે જમીન બાબતે મનદુઃખ ચાલતું હતું. આ મનદુઃખમાં કાકાનો સાળો યુસુફ ઉર્ફે ચીટર કાદરભાઈ જેડા અને સાહિલ યુસુફભાઈ જેડા થાર ગાડી અને બાઈકમાં આવ્યા હતા. તેમની પાસે છરી અને ધારિયા જેવા હથિયારો હતા.

આરોપીઓએ સમીરાબેન અને અન્ય લોકોને ગાળો આપી ઝપાઝપી કરી હતી. હુમલામાં ફરિયાદી સહિત કેટલાક લોકોને સામાન્ય ઈજાઓ થઈ હતી. એટલું જ નહીં, આરોપીઓએ ફરિયાદીના ઘર પાસે પાર્ક કરેલી બ્રેઝા કારમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું. તેમણે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. સમીરાબેને માળિયા મિયાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# 'મોંઘી મશીનરી હોવાથી સર્વેલન્સ માટે CCTV લગાવ્યા હતા...'

### જિલ્લા આરોગ્ય અધિકારીની કારણદર્શક નોટિસ સામે પાયલ હોસ્પિટલનો લૂલો બચાવ; 'અમારો કોઈ ખરાબ ઈરાદો નહોતો, હેક થવાથી વાઈરલ થયા'

રાજકોટ | રાજકોટનાં 150 ફૂટ રિંગરોડ પરની પાયલ હોસ્પિટલમાં મહિલાઓની ચકાસણીનાં CCTV વાઈરલ થયા હોવાની ઘટના સામે આવી હતી. આ મામલે હોસ્પિટલનાં લેબર રૂમમાં CCTV કેમેરા લાગ્યાનું સામે આવતા કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી. જેના જવાબમાં હોસ્પિટલ દ્વારા લુલો બચાવ કરતા જણાવવામાં આવ્યું હતું કે, લેબર રૂમમાં મોંઘી મશીનરી હોવાથી માત્ર સર્વેલન્સ માટે સીસીટીવી રાખ્યા હતા, અમારો કોઈ ખરાબ ઈરાદો નહોતો. સીસીટીવી હેક થવાથી વીડિયો વાઈરલ થયા હતા.જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO) આ રિપોર્ટ કમિટીને સોંપશે અને કલેક્ટર સાથે પરામર્શ બાદ આ મુદ્દે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ જિલ્લાનાં આરોગ્ય અધિકારી ડો. આર.આર.ફુલમાલીએ જણાવ્યું હતું કે, પાયલ હોસ્પિટલની તપાસ માટે રાજ્ય સરકારના આદેશ મુજબ ટીમ બનાવવામાં આવી હતી. જેમાં મારા ઉપરાંત RCHO ડો. જોશી, ડો. સિંઘ સાહેબ, પીડિયું હોસ્પિટલ ખાતેના ગાયનેકોલોજિસ્ટ, મનપાનાં MOHના પ્રતિનિધિ તેમજ પદ્મકુવરબા હોસ્પિટલના ડો. ઝાલા સામેલ હતા. અમારી ટીમ દ્વારા પાયલ હોસ્પિટલમાં રૂબરૂ જઈ તપાસ કરવામાં આવી હતી. જેમાં અમે બનાવ સ્થળની તપાસ કરી હતી, તેમજ હોસ્પિટલના સત્તાધીશો સાથે ચર્ચા કરી હતી. આ દરમિયાન લેબર રૂમમાં સીસીટીવી રાખ્યા હતા. જે કોઈ રીતે યોગ્ય નહીં હોવાથી ત્રણ દિવસની કારણદર્શક નોટિસ પાયલ હોસ્પિટલને આપવામાં આવી હતી.

**હોસ્પિટલે પોતાની કોઈ ભૂલ ન હોવાનો બચાવ કર્યો**

આ નોટિસનો જવાબ પાયલ હોસ્પિટલ દ્વારા આપવામાં આવ્યો છે. જેમાં તેઓએ પોતાની સેફ સાઈડ રાખતા જણાવ્યું છે કે, ત્યાં મોંઘી વસ્તુઓ હોવાથી સર્વેલન્સ માટે સીસીટીવી રાખવામાં આવ્યા હતા. અમારો કોઈપણ ખરાબ ઈરાદો નહોતો, માત્ર સીસીટીવી હેક થવાને કારણે વાઈરલ થવાની ઘટના બની છે. તેમજ આ સીસીટીવી લગાવવામાં પોતાની કોઈ ભૂલ ન હોવાનો બચાવ કર્યો છે. અગાઉના ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટમાં આ માટેની કોઈ જોગવાઈ નહીં હોવાથી તેનાં મુજબ કોઈ કાર્યવાહી થઈ શકે તેમ નથી. છતાં કલેક્ટર અને DDO સહિતના સાથે ચર્ચા કરી આગળની કાર્યવાહી કરાશે. ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટમાં હવે સુધારાઓ આવ્યા છે એટલે હવે પછી આવી ઘટના બને તો તે માટે કાર્યવાહી કરી શકાય છે, પરંતુ આ સુધારો આવ્યા પહેલાં લાગેલા સીસીટીવીનો મામલો છે. જેને લઈને હવે આ રિપોર્ટ કમિટીને આપવામાં આવશે. આપણા બે મુદ્દા હતા. મેડિકલ એથિક્સ અને ક્લિનિકલ એસ્ટેબ્લિશમેન્ટ એક્ટનો મુદ્દો હતો. જેમાં મેડિકલ એથિક્સ માટે ગુજરાત મેડિકલ કાઉન્સિલનો સંપર્ક કરવામાં આવશે. ત્યારે હવે પાયલ હોસ્પિટલનો આ જવાબ ડીડીઓ અને કલેક્ટર સહિતના અધિકારીઓને સોંપવામાં આવશે અને પછી આખી કમિટી આ અંગે નિર્ણય કરશે.

## 10 દિવસમાં 50 હજાર બોરી આવક, સરેરાશ ભાવ રૂ. 5,438 પ્રતિ ક્વિન્ટલ

(એજન્સી) પાટણ | 27

પાટણ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં રાયડાની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. 17થી 26 ફેબ્રુઆરી દરમિયાન 50 હજારથી વધુ બોરી રાયડાની આવક નોંધાઈ છે. બજાર સમિતિના ચેરમેન સ્નેહલ પટેલના જણાવ્યા મુજબ, રાયડાનો નીચો ભાવ પ્રતિ ક્વિન્ટલે રૂ. 4,810 અને ઊંચો ભાવ રૂ. 5,975 રહ્યો છે. સરેરાશ ભાવ રૂ. 5,438 નોંધાયો છે. આ ભાવથી ખેડૂતોને તેમના ઉત્પાદનનું પોષણક્ષમ વળતર મળી રહ્યું છે. પાટણ પંથકમાં રાયડાનું મબલખ ઉત્પાદન થયું છે. ખેડૂતો વહેલી સવારથી જ ખાનગી વાહનો, ટ્રેક્ટરો અને ઉટલારીઓ મારફતે પોતાનો માલ વેચાણ માટે લઈને આવે છે.

બજાર સમિતિ દ્વારા ઉત્તર ગુજરાતના ખેડૂતો અને વેપારીઓ માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ખુલ્લી હરાજી પદ્ધતિ, યોગ્ય તોલમાપ અને રોકડ નાણાંના વ્યવહારને કારણે મોટી સંખ્યામાં ખેડૂતો પોતાની ઉપજ વેચવા આવે છે. ચેરમેન અને તેમની ટીમ વેપારીઓ સાથે સારો સંબંધ જાળવીને ખેડૂતોને તેમની ઉપજનું યોગ્ય વળતર મળે તે માટે કટિબદ્ધતાથી કાર્ય કરી રહ્યા છે.

## કારેલીબાગ સ્વિમિંગ પૂલમાં મોડી રાત્રે આગ લાગતા દોડધામ; વસ્તુ બળીને ખાખ

(એજન્સી) વડોદરા 27

વડોદરા શહેરમાં ગત રોજ ધામધૂમથી શિવરાત્રિ પર્વની ઉજવણી ચાલી રહી હતી. બીજી તરફ મોડી રાત્રે કારેલીબાગ વિસ્તારમાં આવેલ કોર્પોરેશનના સ્વિમિંગ પૂલમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. અહીં મૂકવામાં આવેલા બેડ, લોકર અને ફાઈબરની કેટલીક વસ્તુઓ સળગી ગઈ હતી. ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો.

આ આગની ઘટનાબાદ આજે સ્ટ્રીટ લાઈટ વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ગત રાત્રે અંદાજે 10 વાગ્યાના સુમારે જીગર રાજપૂત શિવજી કી સવારીમાંથી પરત જઈ રહ્યા હતા. તેઓ કારેલીબાગ વિસ્તારમાં આવેલ સ્વિમિંગ પૂલ પાસેથી પસાર થતા હતા, ત્યારે તેમણે સ્વિમિંગ પૂલની અંદર આગ લાગેલી હોવાનું જોયું હતું.

જેથી તેઓ સ્વિમિંગપુલ ખાતે જઈ જોતા એમાં ત્રણ વ્યક્તિઓ અંદર હતા, પરંતુ તેઓને આગ અંગે કશું માલુમ ન હતું! જેથી તેમણે સ્વિમિંગ પૂલમાં હાજર સિક્યુરિટી સ્ટાફ સહિતનાઓને ઘોંઘાટ કરી, દરવાજા પછાડી ઉઠાડ્યા હતા અને સાથોસાથ ફાયર બ્રિગેડને કોલ કર્યો હતો. ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડનો સ્ટાફ તાત્કાલિક બનાવ સ્થળે દોડી આવ્યો હતો અને પાણીમારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

આ બનાવ મામલે પાલિકાના ટુરિસ્ટ વિભાગના અંકુશ ગરુડે જણાવ્યું હતું કે, શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ છે.

# સોમનાથના ત્રિવેણી સંગમ પર દરરોજ થશે ભવ્ય આરતી

### પ્રભાસ તીર્થમાં નવી પહેલ : ભક્તો હોડીમાં બેસી મહાઆરતીનાં દર્શન કરી શકશે...

(એજન્સી) ગીર સોમનાથ | 27

પ્રભાસ તીર્થના ત્રિવેણી સંગમ ખાતે હવે દરરોજ સાંજે ભવ્ય આરતીનું આયોજન થશે. સોમનાથ મહોત્સવના ત્રીજા દિવસે જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ પરિવાર સાથે સંગમ આરતીમાં ભાગ લીધો હતો. તે દરમિયાન કલેક્ટરે જણાવ્યું હતું કે, સોમપુરા તીર્થ પુરોહિત બ્રહ્મસમાજની વર્ષો જૂની માંગણી હતી કે, અહીં નિયમિત સંધ્યા આરતી યોજાય. જેને લઈને આ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે વહીવટી તંત્રે ભાવિકો માટે બોટિંગની સુવિધા શરૂ કરવાની પણ યોજના બનાવી છે.

ઉલ્લેખનીય છે કે, સોમનાથ ખાતે પ્રથમવાર મહાશિવરાત્રીના ત્રિદિવસીય સોમનાથ મહોત્સવનું તા. 24થી 26 ફેબ્રુઆરી દરમિયાન



આયોજન કરવામાં આવ્યું હતું. આ સોમનાથ મહોત્સવને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખુલ્લો મૂક્યો હતો.

કલેક્ટર જાડેજાએ હિરણ-કપિલા અને સરસ્વતી નદીના સંગમસ્થાને શાસ્ત્રોક્ત વિધિથી પૂજા-અર્ચના કરી હતી. તેમણે જણાવ્યું કે, બનારસની ગંગા આરતીની જેમ અહીં પણ ભવ્ય આરતીનું આયોજન થશે. વહીવટી તંત્રે ભાવિકો માટે બોટિંગની સુવિધા શરૂ કરવાની પણ યોજના બનાવી છે. આ માટે બોટિંગના ઈજારદારને સૂચનાઓ આપવામાં આવી છે. આગામી દિવસોમાં ભાવિકો નૌકાવિહાર દરમિયાન દિવ્ય આરતીનાં દર્શનનો લાભ લઈ શકશે. કલેક્ટર જાડેજાએ સોમપુરા તીર્થ પુરોહિત સમાજને આ પરંપરા જાળવી રાખવા અને સ્થળની મહત્તા વધારવામાં સહયોગ આપવા અનુરોધ કર્યો છે.

20 કરતાં વધુ તીર્થ પુરોહિતોના વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે શિવરાત્રીની સંધ્યાએ 'સંગમ આરતી'થી વાતાવરણ દિવ્યતાસભર બન્યું હતું. ઉલ્લેખનીય છે કે, માનવીય જીવનમાં મહત્ત્વ એવા પાણી સહિત અનેક અમૂલ્ય ભેટોથી નદીઓએ મનુષ્યનું જીવન સુંદર અને સમૃદ્ધ બનાવ્યું છે. પ્રભાસ ક્ષેત્રમાં હિરણ, કપિલા અને સરસ્વતી નદીનું જ્યાં પવિત્ર મિલન થાય છે, તેવા ત્રિવેણી સંગમ પર આ જળસંપત્તિ પ્રત્યે આરતી થકી કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવા જનમેદની ઊમટી પડી હતી. આ 'સંગમ આરતી' દરમિયાન સોમનાથ ટ્રસ્ટના પ્રતિનિધિઓ, જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, મહાશિવરાત્રીના ત્રિદિવસીય સોમનાથ મહોત્સવને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખુલ્લો મૂક્યો હતો.

# મહેસાણામાં બંધ સરકારી વસાહત નશાખોરોનો અડ્ડો!: ખાલી બોટલ, દેશી દારૂની થેલીઓ અને બાઈટિંગ માટેની વસ્તુઓ કેમેરામાં કેદ



મહેસાણા | મહેસાણાના ધોબીઘાટ વિસ્તારમાં આવેલી સરકારી વસાહત નશાખોરોનું મુખ્ય કેન્દ્ર બની ગઈ છે. લાંબા સમયથી બંધ પડેલી આ જર્જરિત વસાહતમાં અસામાજિક તત્વોની પ્રવૃત્તિઓ વધી રહી છે. વસાહતની અંદર અને બહાર મોટી સંખ્યામાં દારૂની ખાલી બોટલો મળી આવી છે. આ ઉપરાંત દેશી દારૂની ખાલી થેલીઓ, પીવા માટેના ગ્લાસ અને નમકીનના ખાલી પેકેટ્સ પણ વિખરાયેલા જોવા મળ્યા છે.

વધુ ચિંતાજનક બાબત એ છે કે આ સ્થળેથી નશીલા પદાર્થના સેવન માટે વપરાતી બીડીઓના ખોખા પણ મળી આવ્યા છે. વસાહતના વિસ્તારમાં મોટી માત્રામાં પ્લાસ્ટિકના કચરા સાથે નશીલા પદાર્થોના અવશેષો પણ જોવા મળી રહ્યા છે.બિસ્માર હાલતમાં રહેલી આ વસાહતમાં કોઈ નિયમિત અવરજવર ન હોવાથી અસામાજિક તત્વોએ તેને પોતાનો અડ્ડો બનાવી લીધો છે. આ પરિસ્થિતિ સ્થાનિક રહેવાસીઓ માટે ચિંતાનો વિષય બની રહી છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આ મામલે યોગ્ય પગલાં લેવાની જરૂરિયાત છે. મહેસાણાના ધોબીઘાટ વિસ્તારમાં આવેલ જર્જરિત હાલતમાં બંધ પડેલ સરકારી વસાહત હાલમાં નસાખોરોનો અડ્ડો બની ગયો છે. આ જર્જરિત બનેલી વસાહતમાં બંધ અને તૂટેલા રૂમોમાં જ્યાં જોવો ત્યાં વેફરના પડીકાં અને દારૂની ઢગલા બંધ બોટલો અને થેલીઓ જોવા મળી રહી છે. ભાસ્કરની ટીમે સમગ્ર ઈમારતોમાં જઈ તપાસ કરતા મોટા ભાગના રૂમોમાં બોટલો દારૂની થેલીઓ અસ્તવ્યસ્ત હાલતમાં પડેલ જોવા મળી રહી છે. મહેસાણા સહેરમાં ધોબીઘાટ વિસ્તારમાં આવેલી 10 જેટલી સરકારી વસાહતની જર્જરિત હાલતમાં બંધ પડેલ ઈમારતોમાં અસામાજિક તત્વોએ નશો કરવા માટે અડ્ડો બનાવ્યો છે. આ વિસ્તારમાં 10 ઈમારતોમાં જ્યાં જોવો ત્યાં વિવિધ બ્રાન્ડની દારૂની બોટલો અને દેશી દારૂની ખાલી પોટલીઓ જોવા મળી હતી. જ્યાં જુઓ ત્યાં ખાલી ગ્લાસ અને બાઈટિંગના પડીકાં જોવા મળ્યા છે.ત્યારે અહીંયા ગાંજો પણ પીવાતો હોવાનું જાણવા મળ્યું છે.ત્યારે આ નસાખોરોનો અડ્ડો ક્યારે બંધ થશે એ જોવાનું રહેશે.

## લૂંટ, ધમકી સહિતની કલમ અન્વયે ગુન્હો નોંધ્યો

# મહિલાના ગળે છરી રાખી 3 લૂંટારાએ 25 હજાર લૂંટયા, ભાગવા જતાં એક ઝડપાયો

(એજન્સી) ધંધુકા । તા.27

ધંધુકાના રહેણાંકી વિસ્તારમાં ગત મોડીરાત્રે તબીબના મહિલા પર હુમલો અને લૂંટના બનાવમાં નવો અને અણધાર્યો વળાંક આવ્યો છે. જેમાં ઘરે પાર્સલ આપવાના ત્રણ લૂંટારા લૂંટના ઈરાદે ઘરમાં ઘુસ્યા હતા અને મહિલાના ગળે છરી રાખી ઘરમાં રહેલાં રોકડા રૂા.૨૫ હજારની લૂંટ ચલાવી નાસી છૂટયા હતા. જો કે, તબીબના પત્ની વર્ષાબેને ઘરનું બારણું ખોલતાની સાથેજ ત્રણેય શખ્સ ઘરમાં ઘુસી ગયા હતા. અને બળપ્રયોગ કરી મહિલાને ડરાવ્યા-ધમકાવ્યા હતા અને ઘરનો દરવાજો બંધ કરી દિધો હતો. જયારે, ત્રણ પૈકીના એક શખ્સે વર્ષાબેન ના ગળા પર છરી રાખી બુમાબુમ કરશે તો મારી નાંખવાની ધમકી આપી હતી. અને મહિલાના પગ પર બોથડ પદાર્થ વડે પ્રહાર કરી ઈજા કરી હતી. ત્રણેય શક્સોએ ઈજાગ્રસ્ત મહિલાને ઘરમાં રોકડ સહિતની મત્તા કયાં છે તેમ પુછી ગળે રાખેલી છરી સાથે તેમને બેડરૂમમાં લઈ ગયા હતા અને અને બેડરૂમમાં રાખેલાં કબાટમાંથી રોકડા રૂ.૨૫ હજારની લૂંટ ચલાવી હતી.જો કે, રોકડ લઈ નાસી છૂટવાનો પ્રાયસ કરતાં મહિલા તેમનાકબ્જામાંથી મુક્ત થયા હતા. અને બુમાબુમ કરતાં આસપાસના રહિશોસ, સ્થાનિકો તથા રાહદારીઓ એકત્રિત થઈ ગયા હતા. જેના કારણે ભયભીત બનેલાં ત્રણેય લૂંટારા ઘરની બહાર ભાગવા પ્રયાસ કરતાં ત્રણ પૈકી અજૂ ઉર્ફે અજય વિજયભાઈ વર્મા નામનો શખ્સ લોકોના હાથે આબાદગ ઝડપાઈ ગયો હતો.બીજી તરફ આ ઘટનાની જાણ થતાં ધંધુકા પોલીસ કાફલો ઘટના સ્થલે આવયો હતો. જયાં સ્થાનિકોએ ઝડપી પાડેલાં ત્રણ પૈકીના એક લૂંટારાને પોલીસના હવાલે કર્યો હતો. જયારે, અન્ય બે નાસી જવામાં સફળ રહેતાં પોલીસે તેમને શોધવા તપાસ આદરી હતી. જયારે, પોલીસે સ્થળ પરથી ગુન્હામાં વપરાયેલી બાઈક કબ્જે લઈ વર્ષાબેન કિશોરભાઈ શાહની ફરિયાદના આધારે ત્રણ લૂંટારા વિરૂદ્ધ લૂંટ, ધમકી સહિતની કલમ અન્વયે ગુન્હો નોંધ્યો હતો. આ ઘટનામાં લૂંટારાનો ઈરાદો માત્ર લૂંટનો જ હતો કે અન્ય હતો? તે દિશામાં પણ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જયારે, ફરાર અન્ય બે લૂંટારાને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળેલ છે. બનાવને લઈ આજે દિવસભર ધંધુકામાં મુદ્દો ટૉક ઓફ ધ ટાઉન રહ્યો હતો.

## મહાશિવરાત્રી મહોત્સવની શ્રધ્ધાભેર ઉજવણી, પ્રાચીન શિવ મંદિરોમાં ભાતીગળ લોકમેળાની રંગત જામી

# શિવાલયોમાં પૂજન-અર્ચન, જળાભિષેક અને દુગ્ધાભિષેક અર્થે શિવભકતોની ભીડ જામી

(એજન્સી) ભાવનગરા તા. 27

ગોહિલવાડમાં દેવાધિદેવ મહાદેવની આરાધનાના મહાપર્વ મહાશિવરાત્રિ મહોત્સવની પરંપરાગત રીતે ભકિતમય માહોલમાં ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે સવારથી સ્થાનિક સ્વયંભૂ પ્રાગટય પ્રાચીન અને અર્વાચીન શિવાલયોમાં શિવભકતો પુજન, અર્ચન, જળ, બીલીપત્ર,દૂધ, શેરડીના રસના અભિષેક માટે ઉમટી પડયા હતા. આ તકે, શહેરના તખ્તેશ્વર મંદિર ઉપરાંત, કોળીયાક,હાથબ, માળનાથ અને ગોપનાથ સહિતના શિવમંદિરોના પરિસરમાં મીની ભાતીગળ લોકમેળાની રંગત જામી હતી. આ સાથે જ ભાવનગર શિવમય બની ગયુ હતુ.

મહાશિવરાત્રિ પર્વને લઈ ભાવનગર શહેરના તખ્તેશ્વર, ભીડભંજન, નીલકંઠ, નારેશ્વર, બારસો શિવાલય, જશોનાથ, બ ી લે શ્વ ર , અર્જુનેશ્વર,ભૂલેશ્વર,ભૂતનાથ,રામેશ્વર



જયોતિર્લિંગ સહિતના શિવાલયોમાં દર્શનાર્થે શિવભક્તોની ભીડ જામી હતી. તો, જિલ્લાના નિષ્કલંક મહાદેવ, હાથબ, છોટે કાશી સમાન સિહોરના નવનાથ, તળાજાના મોટા ગોપનાથ,માળનાથ સહિતના નામી અનામી પ્રાચીન અને અર્વાચીન શિવાલયોમાં સવારથી જ આબાલવૃધ્ધ શિવભકતો જળ,દૂધ,બીલીપત્ર,નાળિયેર, સહિતના પુજાપા સાથે ઉમટી પડયા હતા.આજના દિવસે શહેર અને જિલ્લાના શિવમંદિરોમાં ચાર પ્રહરની મહાઆરતી, દિપમાળા, વૈદિક પધ્ધતિથી ષોડશોપચાર મહાપુજન, બૃહદ યજ્ઞા, દ્રવ્ય સાથે રૂદ્રી, મહાઆરતી, શિવધૂન, ભજન,કિર્તન અને સંતવાણી સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ તકે, હર હર મહાદેવ, બમ બમ ભોલે અને જય જય મહાદેવના ગગનભેદી જયઘોષથી શિવ મંદિરો ગુંજી ઉઠયા હતા. તદઉપરાંત દશનામ ગોસ્વામી મહામંડળના ઉપક્રમે શહેરના જશોનાથ સર્કલ થી વિશાળ શોભાયાત્રા નિકળી હતી. જે પરંપરાગત રાજમાર્ગો પર શિવધૂનની રમઝટ સાથે વાજતે ગાજતે ફરી હતી. જેમાં શહેરના ૫૧ થી વધુ શિવમંદિરોના મહંતો અને પુજારીઓ દ્વારા શિવજીના મ્હોરાઓ તથા આભુષણો સાથેના ફલોટસ સાથે સુશોભીત ટ્રક, ટ્રેકટર, રીક્ષાઓ અને ફોરવ્હીલ સાથે ભાવિકો જોડાયા હતા.ઉપરાંત, ભરતનગરમાં પણ મહાદેવની શોભાયાત્રા વાજતે-ગાજતે નિકળી હતી. શિવાલયોમાં ભાવિકો માટે ફળાહાર, ફરાળી કચોરી તેમજ શિવજીની ભાંગની પ્રસાદીની વ્યવસ્થા કરાઈ હતી.

### માળનાથ અને ગોપનાથ ખાતે ભંડારા ધમધમ્યા...

જિલ્લાના સ્વયંભૂ પ્રાગટય ગણાતા પ્રાચીન માળનાથ અને ગોપનાથ સહિતના અનેક શિવાલયોમાં શનિવારે ભજન, ભોજન અને ભકિત માટે ભાવિકોના ઘોડાપુર ઉમટયા હતા. સૌરાષ્ટ્રના અનેક શિવાલયોના પરિસરમાં શિવભકતો માટે વિશાળ મંડપો ઉભા કરી મહાપ્રસાદ (ભંડારા) ની ખાસ વ્યવસ્થા કરાઈ હતી. આ સાથે મીની કુંભમેળા સમાન ભાતીગળ લોકમેળાની રંગત જામી હતી.

## બોટાદ તાલુકાના રંગપર ગામે રહેતી યુવતિ અને તેનો પરિવાર ભોગ બન્યા

# સરકારી દવાખાનામાં કલાર્કની નોકરી અપાવવાના બહાને રૂ. 13 લાખની છેતરપિંડી

(એજન્સી) ભાવનગરા તા. 27

બોટાદ તાલુકાના રંગપર ગામે રહેતી યુવતીને આરોગ્ય વિભાગ હસ્તકના સરકારી દવાખાનામાં ક્લાર્ક તરીકે સરકારી નોકરી અપાવી દેવાના બહાને ઠગ દંપતિ સહિત ત્રણ લોકોએ રૂ.૧૩ લાખ ઓળવી જતાં ચકચાર મચી છે.બનાવને લઈ નાના એવા ગામમાં ચકચાર મચી છે. બનાવની વિગત એવી છે કે, બોટાદ તાલુકાના રંગપર ગામે રહેતા અને હીરાનું કામ કરતા પ્રવીણભાઈ ડાયાભાઈ ચાવડા અઢી વર્ષ પૂર્વે ભદ્રાવડી ગામના કાનજીભાઈ જહાભાઈ સુમણીયાના ઘરે લગ્ન પ્રસંગમાં ગયા હતા. ત્યારે કાનજીભાઈએ માંગરોળના ડો. આશીષ દાનાભાઈ રાઠોડ સાથે તેમની મુલાકાત કરાવી હતી અને ડૉ.આશિષ રાઠોડ જુનાગઢની રાજ્ય આયોગ અને પરિવાર કલ્યાણ શાખામાં ડી.એસ.ઓ. તરીકે નોકરી કરતા હોવાનું જણાવ્યું હતું. સાથે જ તેમણે આ તબીબ અધિકારી સરકારી દવાખાનામાં કલાર્કમાં નોકરીનું સેટીંગ કરી આપે છે. તેમ પણ જણાવ્યું હતું. જેના આધારે પ્રવીણભાઈએ તેમની વાતોમાં આવીને તેમની ભત્રીજી સજનબેન હરેશભાઈ ચાવડાને નોકરી અપાવવા વાતચીત કરી હતી. જોકે, વાતચીત દરમિયાન પ્રવીણભાઈને વિશ્વાસ આવી જતા પ્રવીણભાઈએ આશીષને નોકરીના બદલામાં પૈસા આપવાની તૈયારી દર્શાવી હતી. જેના પગલે આશિષે પંદર લાખ રૂપિયા આપવા પડશે તેમ કહ્યું હતું.દરમિયાનમાં થોડા દિવસ બાદ આશીષ રાઠોડ તથા તેમના પત્ની લક્ષ્મીબેન તથા કમલભાઈ દાનાભાઈ રાઠોડ સાળંગપુર દર્શન કરીને એક પરિચિતની વાડીએ આવ્યા હતા. ત્યારે પ્રવીણભાઈએ તેમને છ લાખ રૂપિયા આપ્યા હતા. ત્યાર બાદ બે લાખ રૂપિયા આંગડિયા મારફત મોકલી આપ્યા હતા.આઠ લાખ રૂપિયા મળી ગયા બાદ આશિષે પ્રવિણભાઈને ફોન કરીને કહ્યું હતું કે, નોકરીનો ઓર્ડર જોઈતો હોય તો બે લાખ લઈને ગાંધીનગર આવી જવા જણાવ્યું હતું. જેના પગલે કાકા ભત્રીજી ગાંધીનગર ગયા હતા.અને ત્યાં જઈને આશિષને વધુ લાખ મળી કુલ રૂા.૧૦ લાખ આપ્યા હતા. તદુપરાંત આશિષ અને કમલ રાઠોડે ફરી ફોન કરી પ્રવિણભાઈને બોટાદની સોનાવાળા હોસ્પિટલ પાસે બોલાવ્યા હતા અને રૂ.ત્રણ લાખ માંગી ઓર્ડર મળી જશે તેમ કહી બન્ને ભાઈ ત્યાંથી રૂા. ત્રણ લાખ લઈને નીકળી ગયા હતા. પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# માધવદર્શન કોમ્પ.માં ઠગાઈ મામલે પદુભા થોરડીની અટકઃ 18 કલાકના રિમાન્ડ પર

(એજન્સી) ભાવનગરા તા. 27

લેન્ડ ગ્રેબિંગ અને જમીનોના ખોટા દસ્તાવેજ બનાવવામાં કુખ્યાત ગલકું આણી મંડળીના મુખ્ય સાગરિત અને ભેજાભાજ મનાતા નામચીન શખ્સ પદુભા ગોહિલ(થોરડી)નો શહેરના માધવદર્શન કોમ્પ્લેક્ષમાં દુકાન-ઓફિસધારકો સાથે આચરેલી ઠગાઈના કેસમાં નિલમબાગ પોલીસે જેલમાંથી કબ્જો મેળવ્યો હતો. અને કોર્ટમાંથી ૧૮ કલાકના રિમાન્ડ મેળવ્યા હતા. નામચીન શખ્સની વધુ એક ગુન્હામાં ધરપકડના પગલે શહેરમાં આ મામલો ફરી ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. ચકચારી અને ચર્ચાસ્પદ બનાવની વિગત એવી છે કે, શહેરના વાધાવાડી રોડપર આવેલાં માધવ દર્શન નોન ટ્રેડિંગ કોર્પોરેશન (એનટી સી) માં આવેલ શોપ નંબર જીએફ-૧૦૨ના માલિકી હક્ક માટે એનટીસીની જમીન અને બાંધકામ ફાળાની રકમ બોની ટ્રાવેલ્સ અમદાવાદ પાસેથી એનટીસીએ આશરે વર્ષ ૧૯૯૪ માં વસુલ લઈ બોની ટ્રાવેલ્સનાં નામે શેર સટફિકેટ અને એલોટમેન્ટ લેટર ઈસ્યુ કરવાનો ઠરાવ પસાર કરી શેર સટફિકેટ અને એલોટમેન્ટ લેટર ઈસ્યુ કર્યો હતો.

## તસ્કરો ફરી સક્રિય

# કુકમામાં રહેણાક મકાનમાંથી 6.37 લાખના રોકડ સહિત દાગીનાની તસ્કરી

(એજન્સી) ભુજ તા. 27

ભુજના હોસ્પિટલ રોડ પર એનઆરઆઈના ઘરમાંથી લાખોની ચોરી કર્યાની ઘટના પોલીસ ચોપડે ચડી ત્યાં તાલુકાના માનકુવા ગામે રહેણાકના મકાનમાં ઉપરના માળે આવેલા રૂમમાંથી એક લાખ રોકડા અને ૫,૩૭,૭૮૦ની કિંમતના સોના ચાંદીના દાગીના મળીને કુલે રૂપિયા ૬,૩૭,૭૮૦ના મુદમાલની ચોરી કરી જતાં કાયદાના રક્ષકોમાં દોડધામ મચી ગઈ હતી. પધ્ધર પોલીસ મથકમાં કુકમા ગામે આહિર સમાજવાડી બાજુમાં ઉમાવંશી બંગલામાં રહેતા અને ખેતી કામ કરતા રમેશ પરષોતમભાઈ પટેલે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ચોરીનો બનાવ મંગળવારે મોડી રાતના ત્રણ વાગ્યાથી સવારે પોણા છ વાગ્યા દરમિયાન બન્યો હતો. ફરિયાદી અને તેમના પત્ની ઉપરના માળે તેમના બેડરૂમમાં સુતા હતા. નીચેના રૂમમાં ફરિયાદીના પિતા સુતા હતા. ઉપરના માળે ફરિયાદીના દિકરા મોનિક જે પ્રયાગ રાજ ગયો હોઈ તેનો બેડરૂમ બંધ હતો. દરમિયાન કોઈ અજાણ્યા શખ્સો મધરાત્રે મકાનના પાછળના ભાગે રસોડાની ગેલેરીમાંથી ચડીને કોઈપણ રીતે ફરિયાદીના દિકરા મોનિકના બેડરૂમમાં પ્રવેશીને અંદર કબાટમાં રાખેલા રૂપિયા ૧ લાખ તેમજ લોકરમાંથી આઠ તોલાનો સોનાનો હાર, અને એક તોલાનો ગળામાં પહેરવાનો હાફ હાર, દોઢ તોલાની કાનની બુટી જેની કિંમત ૩,૦૩૬,૦૦ તેમજ ૪૫,૮૮૦ની કિંમતની સોનાની ચેઈન અને દોઢ તોલાની પેન્ડલ બુટી કિંમત રૂપિયા ૧૦,૩૦૦, દોઢ તોલાની બંગડી નંગ ચાર કિંમત રૂપિયા ૧ લાખ ૭૮ હજાર મળીને કુલે રૂપિયા ૬,૩૭,૭૮૦ના મુદમાલની ચોરી કરી ગયા હતા.

# કનારા નજીકથી ફરી કતલખાને જતો પશુ ભરેલો ટ્રક ઝડપાયો

## ગૌરક્ષકની ફરિયાદના પગલે રાણપુર પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો : 9 પશુ અને ટ્રક મળી કુલ રૂ. 9.60 લાખનો મુદ્દામાલ જપ્ત

**ગૌરક્ષક...** નવ અબોલ પશુ ગેરકાયદેસર રીતે બાંધી રાત્રિના સમયે વધ કરવાના ઈરાદે લઈ વાના ગુન્હામાં ધરપકડ

(એજન્સી) ભાવનગરા તા. 27

બોટાદના રાણપુરના કનારા ગામે આવેલાં મિલટ્રી ત્રણ રસ્તા પાસેથી પાંચ દિવસ પૂર્વે કતલખાને લઈ જવાતો પશુ ભરેલો ટ્રક ઝડપાઈ જવાની ઘટના તાજી જ છે તેવામાં તેવામાં ગતમોડી રાત્રિના સુમારે આ જ સ્થળેથી વધુ એક નવ પશુધન ભરેલા ટ્રક સાથે બે શખ્સ ઝડપાયા હતા. બનાવને લઈ પોલીસે બન્નેને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી હતી. બોટાદ પંથકમાં ચકચાર મચાવતાં બનાવની વિગત એવી છે કે, સુરેન્દ્રનગરના ચુડા તાલુકાના છત્રીયાળા ગામે રહેતા ગૌરક્ષક તરીકે સેવા આપતા લાલજીભાઈ બચુભાઈ મીરને બાતમી મળી હતી કે રાણપુરના કનારા ગામ મિલટ્રી ત્રણ રસ્તા પાસેથી પશુ ભરેલો એક ટ્રક પસાર થવાનો છે.જે બાતમીના આધારે વોચ ગોઠવી ત્યારે રાત્રિના સુમારે આવી રહેલ ટ્રક



નબર જીજે.૦૨.એક્સએક્સ. ૬૧૮૬ ને શંકાના આધારે અટકાવવામાં આવ્યો હતો. અને તેની તલાશી લેતા તેમાં નવ પશુધન ખીંચોખીંચ રીતે ભરેલાં હતા. આ બનાવને લઈ ગૌરક્ષકે રાણપુર પોલીસને જાણ કરતાં પોલી સકાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જયાં પોલીસે ડ્રાઈવર વિપુલ પુંજાભાઈ ભારાઈ પાસેથી લાયસન્સ અને પશુની હેરફેર અંગેના કાગળો માંગતા તે આપી શક્યો ન હતો. જેથી પોલીસે વિપુલ પુંજાભાઈ ભારાઈ તથા કલિનર હમીર હરદાસભાઈ કોડીયાતર ને વગર લાયસન્સે અને અબોલ પશુને હેરફરે કરવાનુ પાસ પરમીટ સાથે નહી રાખી ટ્રકમાં નવ અબોલ પશુ ગેરકાયદેસર રીતે બાંધી રાત્રિના સમયે વધ કરવાના ઈરાદે લઈ વાના ગુન્હામાં ધરપકડ કરી તેની વિરૂદ્ધ ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિ યમ- ૧૯૫૪ તથા પ્રાણી ક્રતા નિવારણ અધિ નિયમ ૧૯૬૦ની અલગ-અલગ કલમ અન્વયે ગુન્હો નોંધ્યો હતો. જયારે, પોલીસે નવ પશુધન કિંમત રૂા.૧.૬૦ લાખ તથા ટ્રક કિંમત રૂા.૮ લાખ મળી કુલ રૂા, ૯.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## પોલીટેકનીક કોલેજ રોડથી હિલવ્યુ હોટલ સામે અકસ્માતનો વિચિત્ર બનાવ બન્યો

# ભુજમાં કાર હવામાં ઉલળી ઝાડ સાથે અથડાઇ એરબેગ ખુલી જતાં દંપતિનો આબાદ બચાવ

(એજન્સી) ભુજ તા. 27

ભુજ અને તાલુકાના હાઈવે માર્ગ પર ઉપરા છપરી ગમખ્વાર અકસ્માતોના બનાવો બની રહ્યા છે. ભારે વાહનો અને ઓવર સ્પીડ થકી મહામુલી માનવ જીંદગી મોતના મૂખમાં હોમાઇ રહી છે. તેવામાં ભુજના એરપોર્ટર રોડ પર હિલગાર્ડન નજીક બુધવારે સવારે એક વિચિત્ર કારનો અકસ્માત સર્જાયો હતો. પોલીટેક્નિક કોલેજ તરફથી કારના ચાલકે ઓવર સ્પીડમાં વળાંકો લેતાં હવામાં ગળથોલીયા મારીને ડીવાઇડર કુદી ઝાડ સાથે ભટકાઇ પડી હતી. જોકે કારમાં એરબેગ ખુલી જતાં કાર સવાર દંપતિનો આબાદ બચાવ થયો હતો. રોહિત શેટીની ફિલ્મ જેવું જ કારનું હવામાં ઉડતુ દર્શ્ય જોઇ લોકો માટી સંખ્યામાં એકત્રિત થઇ ગયા હતા.



પ્રાપ્ત વિગતો મુજબ બનાવ સવારે બાર વાગ્યાના અરસામાં બન્યો હતો. એક દંપતિ કારથી પોલીટેક્નિક કોલેજ તરફથી આવી રહ્યા હતા. ત્યારે હિલગાર્ડન નજીક વળાંકામાં ઓવર સ્પીડના કારણે કાર ચાલકે સ્ટીયરીંગનો કાબુ ગુમાવી દીધો હતો. કાર સ્પીડમાં હોઇ કાબુમાં લેવા ચાલકે બ્રેક માર્યા હતા. પણ ૫૦ ફૂટ જેટલા કારના ટાયરના રોડ પર લીસોટા થયાને કાર હવામાં ગળથોલીયા ખાઇને નગર પાલિકાના સાઇનબોર્ડના પોલ સાથે અથડાઇ ડીવાઇડર કુદીને ઝાડ સાથે ભટકાઇ પડી હતી. ઘોરડો ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવાના હોઇ રોડફર સાફસાઇ થઇ રહી હતી માણસો કામ કરી રહ્યા હતા. ત્યારે આ વિચિત્ર અકસ્માતને જોઇ લોકો સ્તબ્ધ થઇ ગયા હતા.

# રતનપર ચોકડી નજીક ડમ્પરની અડફેટે આવી જતાં બાઈકચાલકનું સ્થળ પર મોત

ભાવનગર : બોટાદ જિલ્લાના પાળિયાદ નજીક રતનપર ચોકડી નજીક સર્જાયેલાં માર્ગ અકસ્માતમાં ડમ્પર અડફેટે આવી જતાં તરધરા ગામના બાઈકચાલક યુવાનનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. બનાવના પગલે થોડા સમય માટે હાઈ-વે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી બનાવની વિગત એવી છે કે, બોટાદ તાલુકાના તરઘરા ગામે રહેતા અને બોટાદના મહિન્દ્રા શો રૂમમાં ફરજ બજાવતા જગદીશભાઇ કિસ્મતભાઈ સાંકળીયા (ઉ.વ.૨૪) શો રૂમની મોટરસાયકલ નં.જીજે ૧૪ એએચ ૮૯૦૧ લઈને નાના ભડલા ગામે ટ્રેકટરની વિઝીટમાં તથા હપ્તો લેવા માટે ગયા હતા. પોતાનું કામ પૂર્ણ કરી પરત આવતા હતા ત્યારે રતનપર ચોકડી તરફથી ડમ્પર નં.જીજે .૨૩ .આઈટી. ૭૬૭૭ ના ચાલકે પોતાનું વાહન પુરપાટ ઝડપે અને ગફલત ભરી રીતે માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી જગદીશભાઈની બાઈક સાથે ધડાકાભેર અથડાવ્યું હતું. જેના કારણે બાઈકચાલક જગદીશભાઈને ગંભીર ઈજા પહોંચતા તેમનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું.અજાણ્યા ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડાના 45,204 અને આણંદના 48,058 વિદ્યાર્થીઓએ આજે બોર્ડની પરીક્ષા આપી


(એજન્સી) આણંદ, નડિયાદ તા. 27

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આજે તા.૨૭ ફેબુરઆરીથી તા.૧૭ માર્ચ સુધી ધોરણ-૧૦ અને ધો.૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા યોજવામાં આવશે. આણંદ જિલ્લામાંથી કુલ ૪૮૦૫૮ વિદ્યાર્થીઓ તથા ખેડાના કુલ ૪૫૨૦૪ વિદ્યાર્થીઓ ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપશે. બંને જિલ્લામાં એસએસસી માટે કુલ ૮૫ કેન્દ્રો, ૨૧૨ બિલ્ડિંગો અને ૨૧૯૭ બ્લોક પરથી પરીક્ષા યોજાશે. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહ માટે કુલ ૩૮ કેન્દ્રોની ૮૦ બિલ્ડિંગોના ૮૪૯ બ્લોકમાં પરીક્ષા યોજાશે. તેમજ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ૧૧ કેન્દ્રો પર ૩૪ બિલ્ડિંગના ૩૩૭ બ્લોકમાં પરીક્ષા




યોજાશે. આણંદ જિલ્લામાં ધોરણ-૧૦માં ૩૧,૨૯૦ વિદ્યાર્થીઓ, ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૨,૬૦૯ અને વિજ્ઞાન પ્રવાહમાં ૪,૧૫૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જિલ્લા શિક્ષણ અધિકારી કામિનીબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, બોર્ડની પરીક્ષાના સુચારૂ સંચાલન માટે એસએસસી માટે ૩ ઝોન, એચએસસી માટે ૧ ઝોનની રચના કરવામાં આવી છે. આણંદમાં ધો.૧૦ની પરીક્ષા માટે ૪૦ પરીક્ષા કેન્દ્રો, ૧૦૬ બિલ્ડિંગો અને ૧,૧૨૦ બ્લોક, ધો.૧૨ સામાન્ય પ્રવાહ માટે ૨૦ પરીક્ષા કેન્દ્રો, ૩૮ બિલ્ડિંગો અને ૪૧૭ બ્લોક તેમજ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે પાંચ પરીક્ષા કેન્દ્રો, ૨૦ બિલ્ડિંગ અને ૨૧૩ બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે. તમામ પરીક્ષા કેન્દ્રો, બિલ્ડિંગો અને બ્લોકની ચકાસણી કરવામાં આવી હતી. પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ અને વાલીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન અને પરીક્ષામાં કંઈ તકલીફ હોય તો જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, આણંદ ખાતે જિલ્લા કક્ષાના કંટ્રોલરૂમનો સંપર્ક સાધવા જણાવાયું છે. ખેડા જિલ્લામાં બે ઝોનમાં એસએસસીની પરીક્ષાનું આયોજન કરાયું છે. ઝોન-૧ સી.એમ.પટેલ હાઈસ્કૂલ ડભાણ અને ઝોન-૨ એમ.કે. પટેલ હાઈસ્કૂલ અલીણા હેઠળ પરીક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ખેડા જિલ્લામાં ધો.૧૦માં ૨૯,૭૬૯ વિદ્યાર્થીઓ, ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૩,૧૭૪ વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન પ્રવાહમાં ૨,૨૬૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. એસએસસી માટે ૪૫ કેન્દ્ર પર ૧૦૬ બિલ્ડિંગમાં ૧,૦૭૭ બ્લોકમાં, એચએસસી સામાન્ય પ્રવાહ માટે ૧૮ કેન્દ્ર ઉપર ૪૨ બિલ્ડિંગોમાં ૪૩૨ બ્લોકમાં તેમજ વિજ્ઞાન પ્રવાહ માટે ૬ કેન્દ્રની ૧૪ બિલ્ડિંગમાં ૧૨૪ બ્લોકમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો.




**વૃષભ (બ,વ,ઉ)**
ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરશે.તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે.




**મિથુન (ક,છ,ઘ)**
ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો.




**કર્ક (ડ,હ)**
કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે.




**સિંહ (મ,ટ)**
અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે.




**કન્યા (પ,ઠ,ણ)**
તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે.




**તુલા (ર,ત)**
માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.




**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો.




**ધન (ભ,ધ,ફ)**
તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે.



**મકર (ખ,જ)**
ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે.



**કુંભ (ગ,શ,સ)**
આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. તમે તમારા સંતાન પાસેથી કોઈક પાઠ શીખવાના છો.



**મીન (દ,ચ,ઝ,થ)**
વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે.

# યુક્રેન-અમેરિકા વચ્ચે સમાધાનના સંકેતના પગલે યુરોપ

(એજન્સી) મુંબઈ તા 27

યુક્રેન અને અમેરિકા વચ્ચે મિનરલ્સ ડિલ માટે સંમતિના અહેવાલ અને ચાઈનાના બેંકોને ૫૫ અબજ ડોલરના પેકેજ અને એનવિડીયા કોર્પ.ના પરિણામ પૂર્વે આજે વૈશ્વિક બજારોમાં તેજી રહી હતી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે છેડેલા વૈશ્વિક વેપાર યુદ્ધમાં ચાઈનાને ભીંસમાં લેવા ટ્રમ્પ અવારનવાર આકરાં ટેરિફનું શસ્ત્ર ઉગામતા રહી, અમેરિકાના ચાઈનામાં જંગી રોકાણને પાછું ખેંચવાની ચીમકી આપી રહ્યા હોઈ ચાઈનાએ તેના અર્થતંત્રને આ પડકારો વચ્ચે મજબૂત કરવા વળતાં પગલાં લેવા માંડયા છે.

ચાઈનાના ટોપ બિઝનેસ ટાયકૂનો સાથે મીટિંગોનો દોર સાથે હવે ચાઈનાએ તેની બેંકોને ૫૫ અબજ ડોલરનું જંગી પેકેજ-ફંડિંગ જાહેર કરતાં આજે ચાઈનીઝ શેર બજારોમાં તોફાની તેજી જોવાઈ હતી. વૈશ્વિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ક્ષેત્રે હરિફાઈમાં જાયન્ટ એનવિડીયા કોર્પ.ના પરિણામ જાહેર થતાં પૂર્વે યુરોપ અને



અમેરિકાના બજારોમાં ફ્યુચર્સમાં તેજી રહી હતી. ભારતીય શેર બજારો આજે-બુધવારે મહાશિવરાત્રી નિમિતે બંધ રહ્યા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પે કોપરમાં ટેરિફ કે ક્વોટા રાષ્ટ્રની સુરક્ષા માટે જરૂરી છે કે એ માટે વ્યાપક સમીક્ષા કરવાના આદેશ આપતાં અને યુક્રેન તેના ખનીજ ભંડારોના ડેવલપમેન્ટ માટે અમેરિકા સાથે ડિલ કરવા સંમત થયું હોવાના અને યુક્રેનના રાષ્ટ્ર પ્રમુખ ઝેલેન્સકી શુક્રવારે અમેરિકાની મુલાકાત લઈ એગ્રીમેન્ટ કરે એવી શકયતાના અહેવાલોએ વૈશ્વિક માઈનીંગ-મેટલ શેરોમાં તેજી આવી હતી. ચાઈનાના શાંઘાઈ શેર બજારનો સીએસઆઈ ૩૦૦ ઈન્ડેક્સ ૩૪.૨૯ પોઈન્ટ વધીને ૩૯૫૯.૯૪ રહ્યો હતો. જ્યારે હોંગકોંગ શેર બજારનો હેંગસેંગ ઈન્ડેક્સ ૭૫૩.૯૧ પોઈન્ટ ઉછળીને ૨૩,૭૮૭.૯૩ રહ્યો હતો. અલબત જાપાનના ટોક્યો શેર બજારનો નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ આજે ૯૫.૪૨ પોઈન્ટ ઘટીને ૩૮૧૪૨.૩૭ રહ્યો હતો. બીજી તરફ અમેરિકા-ટ્રમ્પ વિરૂધ્ધ વિશ્વના અન્ય વિકસીત રાષ્ટ્રો ખાસ યુરોપીયન યુનિયનના દેશો એક બની રહ્યા હોઈ અને અમેરિકાને તેની ટેરિફ વોરમાં માત આપવા પડકારવાનો નિર્ધાર કર્યો હોય એમ ફ્રાંસ, યુ.કે.ના રાષ્ટ્ર પ્રમુખોની ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત અને યુક્રેન મામલે રશીયાને ફરી અલગ, એકલું કરવાના વ્યુહના મહત્વના ડેવલપમેન્ટે આજે યુરોપના દેશોના શેર બજારોમાં પણ ઉછાળો નોંધાયો હતો. કોર્પોરેટ પરિણામોની પોઝિટીવ અસરે યુરોપના દેશોના બજારોમાં આઈટી-ટેકનોલોજી શેરોમાં તેજી સાથે મેટલ-માઈનીંગ શેરોમાં ઉછાળો આવ્યો હતો. યુરોપના પ્રમુખ બજારોમાં આજે ફ્રાંસનો કેક ૪૦ ઈન્ડેક્સ સાંજે ૧૧૫ પોઈન્ટનો ઉછાળો, જર્મનીની ફેડરલ ચૂંટણી બાદ શરૂ થયેલી ડોઈશ શેર બજારમાં તેજીમાં હવે એડેક્કો ગ્રુપ, એબી ઈનબેવ, ઈ.ઓન, ડેનોન, મુનિચ રી, યુનિપર, સ્ટેલેન્ટિસ, વોલ્ટર્સ, એસ્ટોન માર્ટીન લાગોન્ડા ગ્લોબલ હોલ્ડિંગ્સ, ડોઈશ ટેલીકોમના કોર્પોરેટ પરિણામોના આકર્ષણે ડેક્ષ ઈન્ડેક્સ ૩૮૧ પોઈન્ટનો ઉછાળો અને લંડન શેર બજારનો ફુત્સી ૧૦૦ ઈન્ડેક્સ ૫૫ પોઈન્ટનો ઉછાળો બતાવતા હતા. અમેરિકી શેર બજારોમાં સાંજે ફ્યુચર્સમાં ડાઉ જોન્સ ફ્યુચર ૧૧૨ પોઈન્ટનો સુધારો અને નાસ્દાક ફ્યુચર્સમાં ૧૫૦ પોઈન્ટનો ઉછાળો બતાવાતો હતો. સાંજે પ્રિ-ઓપનીંગમાં એનવિડીયા કોર્પ.નો શેર ત્રણ ડોલર જેટલો ઉછળીને ૧૨૯.૫૫ ડોલર નજીક બોલાતો હતો. ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ નરમાઈ તરફી રહી સાંજે ન્યુયોર્ક-નાયમેક્ષ ૨૨ સેન્ટ ઘટીને ૬૮.૭૧ ડોલર અને બ્રેન્ટ ક્રુડ બેરલ દીઠ ૩૧ સેન્ટ ઘટીને ૭૨.૭૧ ડોલર નજીક રહ્યા હતા.

# સરકારી કર્મચારી જ નહીં તમામ ભારતીયો માટે નવી પેન્શન સ્કીમ લાવી શકે છે સરકાર



(એજન્સી) મુંબઈ તા 27

સરકાર નવી યુનિવર્સલ પેન્શન યોજના પર કામ કરી રહી છે. અસંગઠિત ક્ષેત્ર (Unorganised Sector)સહિત તમામ ભારતીયોને આ પેન્શન યોજનાનો લાભ મળશે. હાલમાં, બાંધકામ સાથે સંકળાયેલા કામદારો, ઘરેલું કર્મચારીઓ અને રોજમદાર જેવા અસંગઠિત ક્ષેત્રના લોકો સરકાર દ્વારા ચલાવવામાં આવતી મોટી બચત યોજનાઓનો લાભ મેળવી શકતા નથી. એવામાં હવે શ્રમ મંત્રાલયના સૂત્રોના હવાલાથી મળતી જાણકારી અનુસાર આ નવી યુનિવર્સલ પેન્શન યોજનાનો લાભ તમામ પગારદાર કર્મચારીઓ અને વ્યવસાય કરતા લોકોને મળશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ યોજના હાલના એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO)થી અલગ છે, કારણ કે નવી યોજનામાં, સરકાર વિવિધ પ્રકારની યોજનાઓને જોડીને એક યુનિવર્સલ યોજના બનાવી શકે છે. આને સ્વૈચ્છિક ધોરણે કોઈપણ નાગરિક માટે સલામત વિકલ્પ તરીકે જોઈ શકાય છે. આથી સૂત્રો અનુસાર યુનિવર્સલ પેન્શન યોજનાના કારણે નેશનલ પેન્શન યોજના પર કોઈ અસે નહિ થાય. આ યોજના એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) હેઠળ બનાવવામાં આવી રહી છે. તેનો આખરી ડ્રાફ્ટ તૈયાર કર્યા બાદ અલગ-અલગ હિતધારકોના અભિપ્રાયો લેવામાં આવશે. નવી યોજના સ્વૈચ્છિક હશે, એટલે કે કોઈપણ વ્યક્તિ તેમાં જોડાઈ શકે છે, પછી ભલે તેની પાસે નોકરી હોય કે ન હોય. આ સાથે, અસંગઠિત ક્ષેત્રના લોકો, જેમ કે નાના વેપારીઓ, સ્વરોજગાર ધરાવતા લોકો પણ આ યોજનામાં ભાગ લઈ શકશે. તેમજ આ યોજનામાં, પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન (PM-SYM) અને રાષ્ટ્રીય પેન્શન યોજના (NPS-Traders) જેવી વર્તમાન પેન્શન યોજનાઓને મર્જ કરી શકાય છે. આ યોજનાઓ નિવૃત્તિ પછી 3,000 નું માસિક પેન્શન આપે છે, જેમાં 55 થી 200 સુધીના યોગદાન છે, અને સરકાર પણ સમાન રકમનું યોગદાન આપે છે.

### કોને આ યોજનાનો લાભ મળશે?

આ યોજનાનો લાભ ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના મજૂર, નાના વેપારીઓ, સ્વરોજગાર અને અન્ય નાગરિકોને મળશે. આમાં 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના તે લોકો ભાગ લઈ શકશે, જેઓ 60 વર્ષ પછી પેન્શનનો લાભ મેળવવા ઈચ્છે છે. કેન્દ્ર સરકાર રાજ્યોને તેમની પેન્શન યોજનાઓને આ યોજનામાં મર્જ કરવા માટે પ્રોત્સાહિત પણ કરી શકે છે.

# વેદાંતાએ એએક્સએ ક્લાઇમેટ સાથેની ભાગીદારીમાં VEDAS ના લોન્ચ સાથે ટકાઉપણામાં નવું સીમાચિહ્ન સ્થાપ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા 27

કોર્પોરેટ ટકાઉપણાને પુનઃવ્યાખ્યાયિત કરવા તરફના નિર્ભિક પગલાં લેતા કુદરતી સંસાધનોના ક્ષેત્રે અગ્રણી એવા વેદાંતા ગ્રુપે ક્લાઈમેટ રિસ્ક અને સ્થિતિસ્થાપકતા સેવાઓમાં અગ્રણી એએક્સે ક્લાઈમેટ સાથેના સહયોગમાં VEDAS (Vedanta Academy for Sustainability) ના લોન્ચની જાહેરાત કરી હતી. આ દૂરદેશીભરી પહેલ 1,00,000થી વધુ કર્મચારીઓ અને બિઝનેસ પાર્ટનર્સને જ્ઞાન, કુશળતા તથા માનસિકતાથી સજ્જ કરશે જે વેદાંતાની મહત્વાકાંક્ષી નેટ ઝીરો સફર અને ઈએસજી પ્રતિબદ્ધતાઓને આગળ ધપાવશે. VEDAS થકી વેદાંતા તેની કામગીરીના ડીએનએમાં ટકાઉપણાને સંકલિત કરી રહી છે અને સુનિશ્ચિત કરે છે કે દરેક વ્યાપારી નિર્ણય અને કામગીરી ક્લાઈમેટ લીડરશિપ, સામુદાયિક પરિવર્તન અને જવાબદાર રિસોર્સ મેનેજમેન્ટમાં યોગદાન આપે છે. આ પ્રોગ્રામ એ ટકાઉપણાને કેન્દ્રમાં રાખતા વર્કફોર્સના નિર્માણ માટે ઉદ્યોગનો સૌપ્રથમ પ્રયાસ છે જે વેદાંતાને ન કેવળ સહભાગી પરંતુ જવાબદાર વ્યવસાયના ભવિષ્યને આકાર આપવામાં લીડર બનાવે છે. વેદાંતાના ત્રણ પાયાના ટકાઉપણાના માળખા એટલે કે સમુદાયોમાં પરિવર્તન, ગ્રહમાં પરિવર્તન અને કામના સ્થળે પરિવર્તન પર નિર્મિત VEDAS લક્ષ્યાંકિત ઈ-લર્નિંગ મોડ્યુલ્સ, પ્રત્યક્ષ વર્કશોપ્સ અને નેતૃત્વ સંચાલિત જોડાણ દ્વારા ઉચ્ચ અસર ધરાવતું શિક્ષણ પૂરું પાડશે. આ માળખાકીય અભિગમ સંસ્થાના દરેક સ્તરે ઈએસજી ઉત્કૃષ્ટતાને સમાવેશે અને ટકાઉપણાને આગળ ધપાવતી નવી પેઢીનું નિર્માણ કરશે. હિંદુસ્તાન ઝિંકના ચેરપર્સન અને વેદાંતા લિમિટેડના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પ્રિયા અગરવાલ હેબ્બરે વેદાંતાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે "VEDASની શરૂઆત એ વેદાંતાની ટકાઉપણાની યાત્રામાં એક નવું પ્રકરણ ઉમેરે છે. આ એક શીખવાની પહેલ કરતાં સવિશેષ છે. તે સશક્ત કરવાની, શિક્ષિત કરવાની અને અમે જે કંઈ કરીએ છીએ તેમાં સમાવવાનું અભિયાન છે. VEDAS દ્વારા અમે ભવિષ્ય માટે તૈયાર વર્કફોર્સનું નિર્માણ કરી રહ્યા છીએ.

# ઈન્ડિયન ઓઈલનાં ડાયરેક્ટર (પ્લાનિંગ એન્ડ બિઝનેસ ડેવલપમેન્ટ) તરીકે સુમનકુમાર એ ચાર્જ સંભાળ્યો

(એજન્સી) અમદાવાદ | તા 27

ઈન્ડિયન ઓઈલનાં ડાયરેક્ટર (પ્લાનિંગ એન્ડ બિઝનેસ ડેવલપમેન્ટ) તરીકે શ્રી સુમનકુમાર એ ચાર્જ સંભાળ્યો છે. આ નિમણૂંક પહેલાં તેઓ ઈન્ડિયન ઓઈલની કોર્પોરેટ ઓફિસમાં એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર (ઈ એન્ડ પી) તરીકે કાર્યભાર સંભાળતા હતાં. શ્રી સુમનકુમાર ૩૦થી પણ વધુ વર્ષનો અનુભવ ધરાવે છે. તેમણે કુદરતી ગેસ, પેટ્રોકેમિકલ્સ, શહેરી ગેસ વિતરણ અને રિન્યુએબલ એનર્જી વ્યાપારોમાં પ્રસંશનીય કાર્ય કર્યું છે. શ્રી સુમનકુમાર મુઝફ્ફરપુરની એમઆઈટીમાંથી મિકેનિકલ એન્જનિયર થયાં છે અને એડવાન્સડ મેનેજમેન્ટ ટ્રેનિંગ સાથે એમબીએની ડિગ્રી ધરાવે છે. તેમણે એલપીજી ઓપરેશન્સ, પેટ્રોલિયમ પ્રોડક્ટ સેલ્સ, ઉર્જા



સંરક્ષણ, અને કાર્બન એમિશન મિટીગેશન જેવા ક્ષેત્રોમાં પ્રસંશનીય કાર્ય કર્યું છે. શ્રી સુમનકુમાર તેમના નવા રોલમાં ઈન્ડિયન ઓઈલનાં બિઝનેસ પોર્ટફોલિયોનું વિસ્તરણ કરશે. તેમાં પેટ્રોકેમિકલ્સ, કુદરતી ગેસ, ઈ એન્ડ પી, ગ્રીન એનર્જી, વૈવિધ્યકરણ વગેરેનો સમાવેશ થાય છે. તેમનું કુશળ નેતૃત્વ ઈન્ડિયન ઓઈલની વ્યુહાત્મક વૃધ્ધિમાં અગત્યનો ભાગ ભજવશે.

# ભારતનું સ્ટ્રીટ-સ્માર્ટ ઈવી હવે વધુ સ્ટાઈલિશ બન્યું: પ્રસ્તુત છે

* એમજી કૉમેટ ઈવીની કિંમત શરૂ થાય છે રૂ. 4.99L + બેટરીનું ભાડું @ રૂ. 2.5/કિમી
* બ્લેકસ્ટોર્મ એડિશન તેનું ટૉપ વેરિયેન્ટ છે
* 'સ્ટેરી બ્લેક' એક્સટીરિયર્સ અને રેડ એક્સેન્ટ ધરાવતું ઈન્ટીરિયર્સ તેના સોફિસ્ટિકેશનમાં વધારો કરે છે
* તેની 230 કિમી*ની એઆરએઆઈ દ્વારા પ્રમાણિત રેન્જ ધરાવતી 17.4 kWhની બેટરી ઝડપથી ચાર્જ થવાની ક્ષમતા ધરાવે છે
* કૉમેટ બ્લેકસ્ટોર્મમાં હવે 4 સ્પીકરો આપવામાં આવ્યાં છે
* CY'24માં 29%ની સાલ-દર-સાલ વેચાણ વૃદ્ધિની સાથે એમજી કૉમેટ ઈવીએ ગ્રાહકોની ખૂબ સારી સ્વીકૃતિ પ્રાપ્ત કરી છે.



(એજન્સી) મુંબઈ તા 27

ભારતની અગ્રણી ઈલેક્ટ્રિક કાર નિર્માતા કંપની જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાએ કૉમેટ ઈવી પોર્ટફોલિયોની બ્લેકસ્ટોર્મ એડિશન લૉન્ચ કરીને ભારતની આ સ્ટ્રીટ-સ્માર્ટ ઈવીની સ્ટાઈલ અને આકર્ષણને વધારી દીધાં છે. રૂ. 7.80L + બેટરીનું ભાડું @ રૂ. 2.5/કિમીની એક્સ-શૉરૂમ કિંમતે લૉન્ચ કરવામાં આવેલી કૉમેટ બ્લેકસ્ટોર્મ એડિશન તેની શ્રેણીનું ટૉપ વેરિયેન્ટ હશે. સ્ટાઈલિશ અને ટેકનોલોજીપ્રેમી શહેરી પ્રવાસીઓ હવે તેમની નજીકમાં આવેલી એમજીની ડીલરશિપની મુલાકાત લઈ શકે છે અને ફક્ત રૂ. 11,000 ચૂકવીને નવા એમજી કૉમેટ બ્લેકસ્ટોર્મને બૂક કરી શકે છે. તેના 'સ્ટેરી બ્લેક' એક્સટીરિયર્સને કારણે કૉમેટ બ્લેકસ્ટોર્મ સોફિસ્ટિકેશન અને સ્ટાઈલનું પ્રતીક બની રહે છે, જે આ કારના એકંદર આકર્ષણને વધારી દે છે. કૉમેટ ઈવીની નેમપ્લેટને ડાર્ક ક્રૉમમાં ઉત્કીર્ણ કરવામાં આવી છે અને INTERNET INSIDEનું એમ્બેલમ કાળા રંગમાં તૈયાર કરવામાં આવ્યું છે, જે સૌ કોઈનું ધ્યાન આકર્ષિત કરે છે. લેધરની સીટ પર લાલ રંગમાં એમ્બ્રોઈડરી કરેલા 'BLACKSTORM' શબ્દની સાથે તેની બ્લેક થીમ ઈન્ટીરિયર્સમાં પણ જાળવી રાખવામાં આવી છે, જે એક પ્રીમિયમ અનુભવ પૂરો પાડે છે. સંગીતપ્રેમીઓ માટે કંપનીએ હવે કૉમેટ બ્લેકસ્ટોર્મમાં 4 સ્પીકર આપવામાં આવ્યાં છે, જેથી કરીને તમે ટ્રાફીક જામમાં પણ મનને શાંત રાખી શકો. આ નવી એડિશનમાં હૂડની નીચે 17.4 kWhની બેટરી આપવામાં આવી છે, જે ખૂબ જ ઝડપથી ચાર્જ થઈ જાય છે અને 230 કિલોમીટર*ની પ્રમાણિત રેન્જ પૂરી પાડે છે. આ ઉપરાંત, ગ્રાહકો એક્સક્લુસિવ એસેસરીઝ પૅક વડે તેમની કૉમેટ બ્લેકસ્ટોર્મને વધુ પર્સનલાઈઝ પણ કરી શકે છે.

### તમારે 7738299899 પર મેસેજ મોકલવાનો રહેશે

# UAN વિના પણ ઘેરબેઠા આ રીતે ચેક કરો PF બેલેન્સ

(એજન્સી) મુંબઈ તા 27

કર્મચારીઓ પોતાનું રિટાયરમેન્ટ આર્થિક ભીડ વિના આરામથી પસાર કરી શકે તેવા હેતુ સાથે કેન્દ્ર સરકાર એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડની સુવિધા આપે છે. આ સેવાનો લાભ લેવા માટે યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) હોવો જરૂરી છે. પરંતુ ઘણા કર્મચારીઓને પોતાનો UAN યાદ રહેતો નથી અથવા તો ગુમ થઈ જાય છે. આવા કિસ્સામાં પીએફ સંબંધિત પ્રક્રિયા કરવી મુશ્કેલ બની છે. જો તમારી પાસે UAN ના હોય તો પણ તમે રજિસ્ટર્ડ મોબાઈલ નંબર મારફત પીએફ બેલેન્સ ચેક કરી શકો છો, તેમજ UAN જાણી શકો છો. ઈપીએફ સાથે રજિસ્ટર્ડ મોબાઈલ



નંબર મારફત એસએમએસ દ્વારા તમે ઈપીએફની માહિતી મેળવી શકો છો. જેના માટે તમારે 7738299899 પર મેસેજ મોકલવાનો રહેશે. તેમાં પણ પીએફ પોતાની પ્રાદેશિક ભાષામાં જાણવા માટે જુદો-જુદો મેસેજ કરી શકો છો. અંગ્રેજી માટે EPFOHO UAN ENG, હિન્દી માટે EPFOHO UAN HIN અને ગુજરાતી EPFOHO UAN GUJ મેસેજ ટાઈપ કરી પીએફ બેલેન્સ ચેક કરી શકો છો. આ સેવાનો લાભ ત્યારે જ લઈ શકાશે, જ્યારે તમારો UAN એક્ટિવ હોય, તેમજ તમારો બેન્ક એકાઉન્ટ, આધાર અને PANથી લિંક હોય. જો તમારી પાસે ઈન્ટરનેટ નથી. તો તમે મિસ્ડ કૉલ આપી પીએફ બેલેન્સ ચેક કરી શકો છો. તેના માટે રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પરથી 9966044425 પર મિસ્ડ કૉલ કરો. કૉલ આપમેળે જ ડિસ્કનેક્ટ થઈ જશે.અને તમને એસએમએસ મારફત બેલેન્સની તમામ માહિતી મળી જશે. આ સેવા તદ્દન મફત છે. તેના પર કોઈ ચાર્જ વસૂલાતો નથી.

# સોયાબીનના ભાવ સપોર્ટ પ્રાઈસથી નીચા જથ્થો બજારમાં નહિં વેંચવાનો અનુરોધ

(એજન્સી) મુંબઈ તા 27

દેશમાં તેલબિયાં બજારમાં તાજેતરમાં સમીકરણો બદલાતા જોવા મળ્યા છે. સરકાર દ્વારા સોયાબીનની ખરીદી આ પૂર્વે નોંધપાત્ર થઈ હતી અને સરકાર પાસે સોયાબીનનો સ્ટોક પણ ખાસ્સો જમા થયો છે. તાજેતરમાં એવી વાતો ચર્ચાતી થઈ હતી કે સરકાર કદાચ સોયાબીન વેંચવા બજારમાં આવશે. આ વિશે ધી સોયાબીન પ્રોસેસર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાના જણાવ્યા મુજબ સરકારને એવી વિનંતી કરવામાં આવી છે કે સરકારે હાલના તબક્કે બજારમાં સોયાબીનનું વેંચાણ કરવું જોઈએ નહિં. સરકારે પ્રાઈસ સપોર્ટ સ્કીમ હેઠળ આ સોયાબીન આ પૂર્વે ખરીદયા હતા. આ જથ્થો સરકારે જુલાઈ પછી જ વેંચવો જોઈએ એવી રજૂઆત એસોસીએશન દ્વારા સરકારને કરવામાં આવી છે. સોયાબીનના બજાર ભાવ ઉત્પાદક મથકોએ ટેકાના ભાવથી નીચા ચાલી રહ્યા છે તેવે વખતે સરકાર પોતાની પાસે પડેલો જથ્થો બજારમાં વેંચવા કાઢશે તો બજાર પર દબાણ વધશે અને સોયાબીન ઉગાડતા ખેડૂતોને પણ ફટકો પડશે એવી શક્યતા બજારના જાણકારો બતાવી રહ્યા હતા. આની અસર ખરીફ વાવેતર પર પણ પડવાની શક્યતા બજારમાં બતાવાઈ રહી હતી. સરકાર હસ્તકના નેશનલ એગ્રલ્લ્ચરલ કોઓપરેટીવ માર્કેટિંગ ફેડરેશન નાફેડના સૂત્રોના જણાવ્યા મુજબ ખરીફ માર્કેટ મોસમ ૨૦૨૪-૨૫માં સરકારે કિવ.ના રૂ.૪૮૯૨ના ટેકાના ભાવોએ આશરે ૧૪થી ૧૫ લાખ ટન સોયાબીનની ખરીદી કરી છે. આ પૈકી ૮થી ૯ લાખ ટન સોયાબીનની ખરીદી મહારાષ્ટ્રમાંથી કરાઈ હતી જ્યારે આશરે ૪ લાખ ટન સોયાબીનની ખરીદી મધ્ય-પ્રદેશમાંથી કરવામાં આવી હતી. સરકારી અંદાજ મુજબ દેશમાં સોયાબીનનો પાક ૧૩૩થી ૧૩૪ લાખ ટન આસપાસ આવવાની શક્યતા છે જે પાછલા વર્ષે ૧૩૦થી ૧૩૧ લાખ ટન આસ પાસ આવ્યો હતો. સરકારને હાલતુરંત સોયાબીન નહિં વેંચવાની વિનંતી કરતો પત્ર એસોસીયેશન દ્વારા કેન્દ્રના કૃષી મંત્રાલયને પાઠવવામાં આવ્યો છે. ત્રીજી માર્ચથી સરકાર પોતાના સોયાબીન બજારમાં વેંચવા કાઢશે એવી વાતો તાજેતરમાં બજારમાં સંભળાઈ હતી. સોયાબીનના બજાર ભાવ હાલ દેશની વિવિધ ઉત્પાદક કેન્દ્રોની મંડીઓમાં રૂ.૩૯૦૦થી ૪૧૦૦ આસપાસ ચાલી રહ્યા છે. આની સામે સરકારના ટેકાના ભાવ રૂ.૪૮૯૨ રહ્યા છે.



**સરકાર પાસે પોતે ખરીદેલો સોયાબીનનો આશરે 14 થી 15 લાખ ટનનો જથ્થો પડયો છે**

# હરિત ઝવેરીના ગેંડા ફૂલ કલેક્શન સાથે આ લગ્નની મોસમ ઉજવો

(એજન્સી) અમદાવાદ । તા 27

અમદાવાદ સ્થિત હરિત ઝવેરી જ્વેલર્સે તેની નવી શ્રેણી, ગેંડા ફૂલ રજૂ કરી - જે 22 કેરેટ સોનાના હેરિટેજ જ્વેલરીઓનો ઉત્કૃષ્ટ સંગ્રહ છે. ભારતીય સંસ્કૃતિમાં ઊંડે સુધી રહેલા લગ્ન અને ઉત્સવો માનવ સંબંધોની જીવંત અભિવ્યક્તિ છે, જ્યાં ગેન્ડા ફૂલ (ગેંડો) ઉજવણી, એકતા અને સુંદરતાનું શાશ્વત પ્રતીક છે. આ સિઝનમાં રજૂ કરાયેલી ગોલ્ડન જ્વેલરી લાઈનની આ મુખ્ય પ્રેરણા છે. પ્રસ્તુત છે હરિત ઝવેરી દ્વારા લખાયેલ 'ગેંદા ફૂલ' - એક એવો સંગ્રહ જે દરેક ઉજવણીના સારને સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કરે છે. જટિલ ગળાનો હાર, શાહી ચોકર્સ, સ્ટેટમેન્ટ રિંગ્સ, અદભુત બંગડીઓ અને ભવ્ય કાનની બુટ્ટીઓ સાથે, દરેક ટુકડાને વારસા અને આધુનિક કલાત્મકતાના સારથી બનાવવામાં આવ્યો છે. આ કલેક્શન વિવિધ પ્રકારની જોડી બનાવવાની શક્યતાઓ પ્રદાન કરે છે - પછી ભલે તે ક્લાસિક લુક માટે સિલ્ક સાડી સાથે રોયલ ચોકર્સનું પેરિંગ હોય કે બોલ્ડ એલિગન્સ માટે સ્ટેટમેન્ટ રિંગ્સ લહેંગા સાથે પેરિંગ હોય. નાજુક કાનની બુટ્ટીઓ અને બંગડીઓ પરંપરાગત પોશાક સાથે સુંદર રીતે જોડાય છે, જે દરેક હિલચાલમાં આકર્ષણ ઉમેરે છે. પીળા અને નારંગીના તેજસ્વી રંગો સાથે, ગલગોટા એ ખુશી, સુંદરતા અને સોનેરી ક્ષણોનું પ્રતિનિધિત્વ કરે છે જે સ્ત્રીઓ આ ખાસ પ્રસંગોમાં લાવે છે. લગ્ન હોય, કૌટુંબિક સમારંભ હોય કે તહેવારોની મોસમ હોય, ઉજવણી પૂર્ણ કરવા માટે ગલગોટા એક સંપૂર્ણ શણગાર છે. હરિત જાવેરીમાં, દરેક ઘરેણાં પ્રેમ, પરંપરા અને દરેક ક્ષણને અસાધારણ બનાવનારા લોકોની યાદ અપાવે છે. શ્રેષ્ઠ કિંમતોના વચન સાથે અક્ષર કોમ્પ્લેક્સ, ગ્રાઉન્ડ ફ્લોર, શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૧૫ ખાતે હરિત ઝવેરી જ્વેલર્સની મુલાકાત લો.



# સેન્સેક્સ 10 પોઈન્ટના વધારા સાથે 74,612 પર બંધ :નિફ્ટી 2 પોઈન્ટ ઘટ્યો

(એજન્સી) મુંબઈ તા 27

આજે એટલે કે ગુરુવારે (27 ફેબ્રુઆરી) સેન્સેક્સ 10 પોઈન્ટના વધારા સાથે 74,612 પર બંધ થયો હતો. નિફ્ટી 2 પોઈન્ટ ઘટીને 22,545 પર બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 13 ઘટી રહ્યા છે અને 16માં તેજી છે. નિફ્ટીના 50 શેરોમાંથી 31 ઘટ્યા અને 19માં તેજી છે. NSE સેક્ટોરલ ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો મીડિયા સેક્ટરમાં 3.58% અને ઓટો સેક્ટરમાં 1.51% હતો. જ્યારે નિફ્ટી બેન્ક, મેટલ અને ફાઈનાન્સિયલ સર્વિસિસના ઈન્ડેક્સમાં 1%નો વધારો થયો હતો. એશિયન બજારોમાં, જાપાનનો નિક્કેઈ 0.15%ની તેજી છે જ્યારે કોરિયાનો કોસ્પીમાં 0.83%, હોંગકોંગનો હેંગસેંગમાં 0.56% અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.46% ઘટ્યો છે. 25 ફેબ્રુઆરીના રોજ, વિદેશી રોકાણકારો (FII) એ 3,529.10કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. આ દરમિયાન, સ્થાનિક રોકાણકારો (DIIs) એ રૂ. 3,030.78 કરોડના શેર ખરીદ્યા.

# ભારતની ઈકોનોમીને લઈ મોટી ભવિષ્યવાણી

(એજન્સી) મુંબઈ તા 27

જર્મનીના સૌથી મોટા બેંકિંગ સંસ્થાનની એક રિપોર્ટ અનુસાર ભારતની આર્થિક વૃદ્ધિનો ખરાબ સમય હવે પૂરો થઈ ગયો છે. ત્રીજી ત્રિમાસિક ગાળામાં ભારતની વૃદ્ધિ 6 ટકા થી ઉપર રહેશે અને આ વૃદ્ધિ દર દુનિયામાં સૌથી વધુ જોવા મળશે. આ રિપોર્ટમાં ભારતની ઈકોનોમિક ગ્રોથ અને તેના ભવિષ્ય અંગે મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી છે. ભૂતકાળમાં બીજી ત્રિમાસિક ગાળાની જીડીપી વૃદ્ધિમાં થયેલા ઘટાડા બાદ વિશ્વ બેંક અને આઈએમએફ સહિત અનેક આંતરરાષ્ટ્રીય આર્થિક સંસ્થાઓએ ભારતની આર્થિક સ્થિતિ અંગે વિશ્લેષણ શરૂ કર્યું હતું. જોકે, હવે જર્મનીના સૌથી મોટા બેંકિંગ ઈન્સ્ટિટ્યુશનની રિપોર્ટ મુજબ ભારતની ઈકોનોમી ફરી ઉંચા દરે પહોંચશે અને વિશ્વમાં પોતાનું આગવું સ્થાન મેળવશે. જર્મનીની જાણીતી બ્રોકરેજ કંપની ડોઈચે બેંકના એક અભ્યાસ અનુસાર ભારત માટે આર્થિક વૃદ્ધિ અંગે ખરાબ સમય પૂરો થયો છે. રિપોર્ટ અનુસાર ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં ભારતની જીડીપી વૃદ્ધિ 6.2 ટકા રહેવાનો અંદાજ છે. વિશ્લેષકોના મતે, હાલની આર્થિક પ્રવૃત્તિઓમાં સુધારો જોવા મળી રહ્યો છે, પણ આ વૃદ્ધિ દર હજુ પણ 7 ટકાની ક્ષમતા કરતા થોડો નીચો રહી શકે છે. ભારતની આર્થિક સુધારાની આ પૃષ્ઠભૂમિમાં દેશના મેન્યુફેક્ચરિંગ, કોર સેક્ટર અને સર્વિસ સેક્ટરમાં ઉન્નતિ જોવા મળી રહી છે. યુરોપ અને અમેરિકાની સરખામણીએ ભારતની મહેમૂલી દર ઘટી રહી છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે ભારતની ઈકોનોમી યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. ડોઈચે બેંકના અનુમાન મુજબ ભારતીય રિઝર્વ બેંક એપ્રિલમાં નાણાકીય નીતિની સમીક્ષા દરમિયાન વ્યાજ દરમાં 0.25 ટકાની વધુ કપાત કરી શકે છે.

**તંત્રીની કલમે...**

**વિક્રમ સંવત 2081, મહા વદ-15**

## 'આપ'નાં પાપ



દિલ્હીમાં ભાજપની સરકાર બનતાં જ કેજરીવાલ સરકારે અત્યાર સુધી દબાવી રાખેલો કેગનો રિપોર્ટ વિધાનસભામાં રજૂ કર્યો છે. કેજરીવાલ સરકારની શરાબ નીતિ પર કેગ (નિયંત્રક અને મહાલેખા પરીક્ષક)નો રિપોર્ટ આમ આદમી પાર્ટીને કઠેરામાં ઊભો કરનારો જ નહીં, બલ્કે તેને બેનકાબ કરી નાખનારો પણ છે. કેગના આ રિપોર્ટ અનુસાર મનમાફક રીતે બનાવેલી શરાબ નીતિથી ૨૦૦૨ કરોડ રૂપિયાથી વધારેના રાજસ્વનું નુક્સાન થયું. કેગે માત્ર એટલું જ નથી કહ્યું કે શરાબ નીતિને મનમાફક રીતે તૈયાર કરવામાં આવી અને અમલમાં મૂકી દેવામાં આવી, બલ્કે એના પર પણ પ્રકાશ પાડ્યો છે કે કઈ રીતે નિયમોનું ઉલ્લંઘન કરીને કેટલાક લોકોને અયોગ્ય લાભ પહોંચાડવામાં આવ્યો અને તેને કારણે ક્યાં કેટલું નુક્સાન થયું. કેગનો રિપોર્ટ એક રીતે એ બહુચર્ચિત શરાબ કૌભાંડની પુષ્ટિ કરી રહ્યો છે, જેમાં અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાને જેલમાં જવું પડ્યું હતું. કેજરીવાલ આણિ મંડળીએ આ કૌભાંડને છૂપાવવાના લાખ પ્રયત્નો કર્યા, તેની જાણ એના પરથી થાય છે કે કેગે શરાબ નીતિ પર પતોનો રિપોર્ટ માર્ચ ૨૦૨૪માં જ સોંપી દીધો હતો, પરંતુ તેને વિધાનસભામાં રજૂ કરવાનો ઈનકાર કરવામાં આવ્યો. કોઈપણ સમજી શકે છે કે કટ્ટર ઈમાનદાર કેજરીવાલે આવું કેમ કર્યું હશે? સમસ્યા માત્ર એ નથી કે શરાબ નીતિ પર કેગના રિપોર્ટને વિધાનસભામાં રજૂ જ ન કરાયો, બલ્કે એ પણ છે કે અન્ય કેસોમાં પણ તેના રિપોર્ટો દબાવી દેવામાં આવ્યા. કેગના એક નહીં, કુલ ૧૪ રિપોર્ટ છે, જેને વિધાનસભામાં રજૂ કરવામાં આનાકાની કરવામાં આવી. તેમાંથી એક રિપોર્ટ કોવિડ કાળમાં મુખ્યમંત્રી આવાસ જે હાલમાં 'શીશમહેલ' તરીકે વધુ પ્રખ્યાત છે, તેની વિલાસિતાપૂર્ણ સાજસજ્જામાં સરકારી નાણાંના ભારે વેડફાટનો પણ છે. આ બધાથી એક જ ચીજ સાબિત થાય છે કે આમ આદમી પાર્ટીએ નવા પ્રકારની રાજનીતિ કરવા, ખુદને કટ્ટર ઈમાનદાર દેખાડવા અને સુશાસનના ઉચ્ચ માપદંડ સ્થાપિત કરવાની જે મોટી મોટી વાતો કરી હતી અને જેનાથી શરૂઆતમાં લોકો અંજાઈ ગયા હતા, તે નિતાંત પોકળ હતી. હવે એ વધુ આસાનીથી સમજ શકાય છે કે છેલ્લા બે દિવસથી દિલ્હી વિધાનસભામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યો શું કામ હોબાળો મચાવી રહ્યા છે. કારણ કે આ હોબાળો સાવ ક્ષુલ્લક કારણોસર મચાવાઈ રહ્યો છે, તેથી એ અનુમાન લગાવવું મુશ્કેલ નથ કે તેનો એકમાત્ર ઉદ્દેશ્ય જનતાનું ધ્યાન આ રિપોર્ટ પરથી ભટકાવવાનું છે, પરંતુ હવે એવી પેંતરાબાજી ચાલવાની નથી. આમ આદમી પાર્ટી દ્વારા જે આરોપ લગાવવામાં આવ્યો કે મુખ્યમંત્રી કાર્યાલયમાંથી આંબેડકર અને ભગતસિંહના ફોટો હટાવીને તેમનું અપમાન કરવામાં આવ્યું તે સદંતર ખોટો સાબિત થયો, જનતાને એ પણ યાદ આવી ગયું કે એ અરવિંદ કેજરીવાલ જ હતા, જેમણે ખુદને બંધારણપ્રેમી અને ક્રાંતિકારી સાબિત કરવા માટે મુખ્યમંત્રી કાર્યાલયમાંથી મહાત્મા ગાંધીનો ફોટો હટાવી દીધો હતો.




**કમલેશ પટેલ, સંખેડા |** આજરોજ સંખેડા તાલુકાના ભાટપુર સાર્વજનિક હાઈસ્કૂલ પરીક્ષાકેન્દ્ર ખાતે ધોરણ 10 ની પરીક્ષા આપવા જતા પરીક્ષાર્થીઓને જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ દ્વારા તિલક કરી મોં મીઠું કરાવી અને ફુલ અને પેન આપીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી.

# વડાપ્રધાન આવવાના જ છે તેમ માનીને ચાલતી તૈયારીઓ

**કિશોર આર. સોલંકી | જાફરાબાદ**

સાસણમાં વડાપ્રધાનના કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પીએમના કાર્યક્રમ અંતર્ગત ૯૦૦થી વધુ સુરક્ષા કર્મીઓને બંદોબસ્ત ફાળવવામાં આવ્યો છે. તા.૨ના બપોર બાદ પીએમ સાસણ આવી રાત્રિ રોકાણ કરી વહેલી સવારે જંગલ સફારી, ત્યારબાદ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક અને નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફની બેઠક યોજી સોમનાથ જવા રવાના થવાના છે.તા. ૩ના વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે હોવાથી વડાપ્રધાન સાસણ આવવાના છે. હાલના સંભવિત કાર્યક્રમ મુજબ પી.એમ સાસણમાં રાત્રી રોકાણ કરે તેવી શક્યતાઓ વચ્ચે વનતંત્ર દ્વારા સાસણના સિંહ સદનમાં આવેલ ગેસ્ટહાઉસ અને રૂમને સજાવવામાં આવ્યા છે. પી.એમની સાથે સીએમ સહિત ના નેતા ઓ આવવાના હોવાથી સુરક્ષા વ્યવસ્થા સજ્જ કરવામાં આવે છે. સીએમ તાલાળા હેલીપેડ ખાતે ઉતરશે, પી.એમ સાસણ નજીકના ભાલછેલ હેલીપેડ ખાતે ઉતરશે.તા.૨ના બપોર બાદ વડાપ્રધાન સાસણ આવી રોકાણ કરશે ત્યારબાદ તા. ૩ના વહેલી સવારે જંગલ સફારી કરશે. સફારી કર્યા બાદ દેશભરના અલગ-અલગ રાજ્યના વન વિભાગના ૬૫ જેટલા ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી વન અને વન્ય સંપદા વિશે વિવિધ માહિતી મેળવશે. આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફની બેઠક યોજાશે અને બેઠક પૂર્ણ થયા બાદ વડાપ્રધાન સોમનાથ મહાદેવના દર્શનાર્થે જવાના છે.વડાપ્રધાનના કાર્યક્રમને લઈ તા.૨૭ના સાસણ ખાતે ૯૦૦ જેટલા પોલીસ કર્મીઓને બંદોબસ્તમાં તહેનાત કરી દેવામાં આવશે. તા.૨૮ ફેબ્રુઆરી અને ૧ માર્ચના પોલીસ અધિકારી ઓ દ્વારા બંદોબસ્તને લઈ રિહર્સલ સહિતના કાર્યક્રમ યોજાશે. હજુ વડાપ્રધાનના કાર્યક્રમને સત્તાવાર સમર્થન મળ્યું નથી પરંતુ પીએમ આવવાના જ છે તેમ માની તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. વડાપ્રધાનના સુરક્ષા કર્મીઓ પણ સાસણની મુલાકાતે આવ્યા હતા. સાસણમાં જંગલ સફારી, ઉચ્ચ અધિકારી ઓ સાથે બેઠક અને નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની બેઠક માટેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.



**માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાસણમાં સંભવતઃ રાત્રિ રોકાણ બાદ બીજા દિવસે જંગલ સફારી કરશે... અલગ-અલગ રાજ્યના વન વિભાગના ૬૫ જેટલા ઊચ્ચ અધિકારીઓ સાથે બેઠક, ૯૦૦ પોલીસ કર્મીનો બંદોબસ્ત.....**

## બનાસકાંઠા નબળા અને વંચિત જૂથના બાળકોને ધો.1માં વિનામૂલ્યે પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરાશે

**માહિતી બ્યુરો | પાલનપુર**

ભારત સરકાર દ્વારા મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ હેઠળ બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા મુજબ વિનામૂલ્યે ધો.૧ માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. વર્ષ : ૨૦૨૫-૨૬ માટે આર.ટી.ઈ.એક્ટ હેઠળ ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૫ થી ૧૨ માર્ચ-૨૦૨૫ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. નબળા અને વંચિત જૂથના બાળકોને ધો.૧ માં વિનામૂલ્યે પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરાશે. આ અંગે બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.વિનુભાઇ પટેલે જણાવ્યુ હતું કે, આર.ટી.ઇ. એક્ટ હેઠળ જે બાળકોએ ૧ લી જૂન ૨૦૨૫ના રોજ ૬ વર્ષ પૂર્ણ કર્યા હોય તેઓ આ યોજના હેઠળ પ્રવેશપાત્ર બને છે. વર્ષ : ૨૦૨૫-૨૬ માં બનાસકાંઠા જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ અંતર્ગત પ્રવેશ મળવાપાત્ર છે. www.rte.orpgujarat.com વેબસાઈટ ઉપર ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૫ થી ૧૨ માર્ચ-૨૦૨૫ દરમિયાન પ્રવેશ ફોર્મ ભરી શકાશે. જિલ્લાની નોન ગ્રાન્ટેડ શાળાઓમાં પ્રવેશ અપાશે.

વિધાર્થીઓનો આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવવા ઓનલાઈન અરજી કરવાની રહેશે. જિલ્લાની ખાનગી શાળાઓમાં ધો.૧ના વર્ગોમાં વિધાર્થીઓની ક્ષમતાના ૨૫ ટકા વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. ફોર્મ ભરવા સબંધિત જરૂરી આધાર પુરાવાની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ યોજના હેઠળ પ્રવેશ માટે જરૂરી માર્ગદર્શન માટે ચાલુ દિવસોમાં કચેરી સમયે સર્વ શિક્ષા અભિયાનની કચેરી, સેવા સદન-૨ ખાતે કંટ્રોલ રૂમ ચાલુ કરેલ છે જેનો હેલ્પલાઈન નંબર : ૦૨૭૪૨-૨૫૯૬૬૮ ઉપર અરજદારને ફોર્મ ભરવા અંગે માર્ગદર્શનની જરૂરીયાત હોય તો કચેરી સમય દરમિયાન તથા રૂબરૂ સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકાશે. જરૂર જણાય તો નોડલ અધિકારીશ્રી બી.બી.ગઢવી (નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા-પાલનપુર) નું માર્ગદર્શન પણ મેળવી શકાશે.

## પાલનપુર ખાતે મેગા પ્લેસમેન્ટ ફેર-2025નું આયોજન કરાયું

**માહિતી બ્યુરો | પાલનપુર**



બનાસકાંઠા જિલ્લાની સરકારી અને અનુદાનિત ટેકનિકલ તેમજ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્નાતક અને અનુસ્નાતકના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રોજગાર મળી રહે તે હેતુથી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અને Knowledge Consortium of Gujarat (KCG) દ્વારા આ સરકારી પોલીટેકનીક, પાલનપુર ખાતે મેગા પ્લેસમેન્ટ ફેર-૨૦૨૫નું આયોજન કરાયું હતું.

આ પ્લેસમેન્ટ ફેરમાં, બનાસકાંઠા જિલ્લાની કુલ ૧૪ સરકારી અને અનુદાનિત કોલેજના અંતિમ વર્ષમા અભ્યાસ કરતા બી.ઇ., ડિપ્લોમા, બી.સી.એ., બી.એસ.સી., એમ.એસ.સી.,બી.એ., બી. કોમ. અને એમ.કોમ.ના રજીસ્ટ્રેશન કરેલ વિદ્યાર્થીઓના જુદા જુદા ૧૧ ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ દ્વારા ઈન્ટરવ્યું લેવામાં આવ્યા હતા. પ્લેસમેન્ટ ફેર માર્ચ-૨૦૨૫ દરમ્યાન કુલ ૩૧૬ વિદ્યાર્થીઓને જુદા- જુદા ૧૧ ઔદ્યોગિક એકમો દ્વારા નોકરી માટે પસંદગી કરાઈ હતી તેમ ગવર્મેન્ટ પોલિટેકનિક પાલનપુરના પ્લેસમેન્ટ અધિકારીશ્રી દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

**NEWS BRIEF**

## ચાણસ્મા ડેપોના 21 કર્મચારીઓ કુંભમાંથી પરત ફર્યા



**નીતિન ઠાકર | ચાણસ્મા**

આ વર્ષે વારાણસી માં પવિત્ર ગંગા નદીના કિનારે મહા કુંભ મેળો યોજાયો હતો કુંભ મેળા માં ભારત ભર માં ભક્તજનો એ ગંગાસ્નાન કરી ધન્યતા અનુભવી હતી જે પૈકી ચાણસ્મા ડેપો ના અજ્ય ભાઈ જીતુભાઇ મયુર દવે . હસુભાઈ પટેલ નરેશભાઈ પ્રજાપતિ સહિત ૨૧ કર્મચારીઓ એ કુંભમેળા જઈ ગંગાજી માં ડુબકી મારી કૃતાર્થ થયા હતા અને મહાકુંભ મેળા ના દિવ્યદર્શન કરી પરત ફરેલા ચાણસ્મા ડેપો ના ૨૧ કર્મચારીઓ એ ડેપો ના કર્મચારીઓ નોં ભોજન પ્રસાદ સમારોહ રાખી ડેપો ના સૌ કર્મચારી ઓ સૌ સાથે મળી ભાઈ ચારા થી હળીમળી ને રહે સૌ સુખ દુખ ના સહિયારા સાચા સાથી બની રહી એ તેવો ભાવ વ્યક્ત કર્યો હતો ડેપો મેનેજર ગુંજન ભાઈ પંચાલ સહિત ડેપોના કર્મચારીઓ એ કુંભમેળા માં શાહી સ્નાન કરી પરત ફરેલા સહયાત્રી ઓ નું સન્માન કર્યું હતું.

## વાઘોડિયા તાલુકમાં સગીરાને ભગાડી જવાના કેસમાં આરોપીને 20 વર્ષની કેદ

**કિશન રોહિડા | જરોદ**



વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના માં ચ્હા નાસ્તા ની લારી ધરાવતા વ્યક્તિને ત્યાં અવારનવાર આવતો છકડો ચાલક સુરેશ ઉર્ફે કિશ્રના રમેશભાઈ ઓડ ચ્હા નાસ્તા વ્યવસાય કરતી સાડા પંદર વર્ષની કિશોરી ને પ્રેમ જાળમાં ફસાવી ભગાડી ગયો હોવાની ચાર વર્ષ અગાઉ બનેલી ઘટના ના કેસમાં સાવલી ની પોસકો કોર્ટ માં કેસ ચાલી જતાં કિશોરી ને ભગાડી ને દુષ્કર્મ આચરનાર યુવાન ને કસુરવાર ઠેરવી ને 20 વિસ વર્ષ ની સખ્ત કેદની સજા ઉપરાંત એક લાખ નો દંડ ફટકારવાનો હુકમ કરાતા ચકચાર મચી જવા પામી હતી. સુરેશ ઓડે ભોગ બનનાર ને પોતાના વતન સહિત અનેક સ્થળોએ લઈ જ ઈ ને તેનાં પર દુષ્કર્મ આચર્યું હતું જે પોલીસ તપાસમાં બહાર આવતા જેને લઈને પોલીસે દુષ્કર્મ નો ગુનો દાખલ કરી પુરાવા સાથે અદાલતમાં ચાર્જશીટ મુજબ દાખલ કરતાં સાવલી ની સ્પેશ્યલ પોકસો કોર્ટ ના નામદાર જ્જ જે એ ઠક્કર સમક્ષ આ કેસ ચાલી જતાં સરકારી વકીલ સી જે પટેલ ની ધારદાર દલીલો અને પુરાવા ના આધારે અદાલતે આરોપી સુરેશ ઓડ ને કસુરવાર ઠેરવી પોકસો હેઠળ 20 વર્ષની સખત કેદની સજા ઉપરાંત એક લાખ રૂપિયા નો દંડ ફટકારવાનો હુકમ કર્યો હતો તેમજ ભોગ બનનાર ને વિકટીમ કોમપેનસેશન સ્કીમ હેઠળ ચાર લાખ રૂપિયા નું વળતર ચૂકવવા માટે લિગલ સર્વિસ ઓથોરિટી ને ભલામણ કરી છે.

# આજથી પ્રારંભ થયેલ SSC તથા HSCની પરીક્ષા માટે બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર સુસજ્જ

### કોઈપણ પ્રકારના ડર વગર આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જિલ્લા કલેક્ટર

**માહિતી બ્યુરો | પાલનપુર**

ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક બોર્ડની ધોરણ-10 અને ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારોની પરીક્ષાઓનો પ્રારંભ થયો છે, ત્યારે પાલનપુર આદર્શ વિદ્યાલય ખાતેથી બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી હિતેશ પટેલ સહિતનાં અધિકારીશ્રીઓએ વિદ્યાર્થીઓને ગુલાબનું ફૂલ આપી સફળ પરીક્ષા અને ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી.

આ તકે જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલએ જણાવ્યું હતું કે, બોર્ડની પરીક્ષામાં બનાસકાંઠા જિલ્લાના 79,228 જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવાના છે. કુલ 107 કેન્દ્રો અને 291 બિલ્ડિંગ પર આ પરીક્ષા આગામી 17 માર્ચ 2025 સુધી યોજાવાની છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કંટ્રોલ



રૂમ તૈયાર કરાયો છે જ્યારે બાળકો કોઈપણ પ્રકારના ભય વગર અને પારદર્શિત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે તંત્ર દ્વારા વિશેષ તૈયારી સહિત બાળકોને જિલ્લા કલેકટરશ્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું કે, તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે પોલીસ બંદોબસ્ત તથા ટ્રાફિક જામ ના થાય તે મુજબની વ્યવસ્થાઓ કરાઈ છે. આ સાથે તેમણે પરીક્ષા અપતા બાળકો અને વાલીઓને પરીક્ષા આપતા સમયે મોડા અથવા કોઈપણ મુશ્કેલીમાં પોલીસ વાહનનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં ધો.10ના 49,805, ધો.12 (સામાન્ય પ્રવાહ) ના 24,093 તથા ધો-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં 5330 પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. ધો.10 માટે 184 બિલ્ડીંગ,1789 બ્લોકમાં પરીક્ષા, તેવી જ રીતે ધો-12 (સામાન્ય પ્રવાહ) માટે 82 બિલ્ડીંગ, 809 બ્લોક અને ધો-12 (વિજ્ઞાન પ્રવાહ) માટે 25 બિલ્ડીંગ, 274 બ્લોકમાં પરીક્ષા યોજાઈ રહી છે. તમામ પર CCTV કેમેરાની બાજ નજર રહેશે. જિલ્લામાં ધોરણ 10 - 12ના કુલ 79,228 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. આ માટે કુલ 09 ઝોનલ અધિકારીઓ, 23 મદદનીશ ઝોનલ અધિકારી, 45 વહીવટી મદદનીશ અધિકારીશ્રીઓ, 291 સરકારી પ્રતિનિધિઓ ફરજ બજાવી રહ્યા છે.

## જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કક્ષાનો 'સ્વાગત કાર્યક્રમ' યોજાયો



**કમલેશ પટેલ | સંખેડા**

જિલ્લા કલેકટરશ્રી ગાર્ગી જૈનના અધ્યક્ષતામાં જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રજાજનોની વિવિધ ૧૩ જેટલી સમસ્યાઓની અરજીઓ મળી હતી. જે પૈકી ૧૨ અરજીઓનું જિલ્લા કલેકટરશ્રી દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલ સ્વાગત ફરિયાદ નિવારણમાં ઉપસ્થિત તમામ અરજદારોની સમસ્યાને જિલ્લા કલેકટરશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. ઉપરાંત વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ચોક્કસ સમયમાં પ્રજાના પ્રશ્નોના નિકાલ કરવા સૂચના આપી હતી. જિલ્લા કલેકટરશ્રીએ તમામ અરજદારોની સમસ્યાનો નિયત સમયમાં હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સચિન કુમાર, અધિક નિવાસી કલેકટરશ્રી શૈલેષ ગોકલાણી, નાયબ કલેકટર પ્રીતેશ પટેલ સહિત સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

## લુણાવાડા ST સ્ટેન્ડમાં પીવાના પાણીની પરબ માત્ર શોભાના ગાંઠિયા સમાન બની

**જગદીશ ત્રિવેદી | લુણાવાડા**



લુણાવાડા એસટી સ્ટેન્ડ માં આવેલી પાણીની પરબની બાજુમાં જ એસટી કેન્ટીન પણ ચાલી રહી છે ત્યારે લુણાવાડા એસટી ડેપોમાં આવેલ પાણીની પરબ ઉપર મુસાફરો કે વિદ્યાર્થીઓ પાણીની તરસ છીપાવવા માટે જાય છે ત્યારે પાણીની પરબ બંધ હોવાથી તેઓ વીલા મોઢે પાછા ફરતા હોય છે ત્યારે તેમના મુખેથી એવી પણ ચર્ચાઓ થતી સાંભળવા મળે છે કે લુણાવાડા એસટી ડેપો નો સત્તાધીશોની અને કેન્ટીન ચાલકોની મિલીભગત અને શોઠ ગોઠ હોવાથી કેન્ટીન વાળા ને પાણીની બોટલોના વેચાણ પાછળ ફાયદો કરી આપવાના આશયથી પણ કદાચ પાણીની પરબ ચાલુ કરવામાં આવતી નહીં હોય તેઓ સુર પણ એસટી સ્ટેન્ડ પર ઉભા રહેલા મુસાફર જનતામાંથી ઉઠવા પામ્યો છે. પીવાના પાણી માટેની પરબ બંધ હોવાથી મુસાફર જનતા ને 20 રૂપિયા ખર્ચીને પીવાના પાણીની બોટલ લેવા માટે મજબૂર બનવું પડે છે જ્યારે બીજી બાજુ સરકાર દ્વારા લુણાવાડા એસટી સ્ટેન્ડમાં તગડી રકમ ખર્ચીને આરો સિસ્ટમ પણ આપવામાં આવી છે જેના કારણે લુણાવાડા એસટી સ્ટેન્ડમાં એસટી સ્ટાફ ના કર્મચારીઓ, મુસાફર જનતા, નાના ભૂલકાઓ તેમજ વિદ્યાર્થીઓ વગેરેની પીવાના પાણીની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થઈ શકે પરંતુ એસટી ડેપોના સત્તાધીશોની આડોદાઈ ના કારણે આજે એસ ટી સ્ટેન્ડમાં આવેલી પરબ બંધ હાલતમાં જોવા મળી રહી છે. ઉનાળાની ગરમી ની શરૂઆત થઈ ચૂકી છે મુસાફર જનતાને પીવાના પાણીની તાતી જરૂરિયાત ઊભી થવા પામશે ત્યારે લુણાવાડા એસટી ડેપો ખાતે ફરજ બજાવતા સ્થાનિક સત્તાધીશો માત્રને માત્ર ઓફિસમાં પંખા નીચે આરામ ફરમાવીને લુણાવાડા એસટી સ્ટેન્ડ ખાતે મુસાફર જનતાને પીવાના પાણી માટે વેઠવી પડતી હાલાકી બાબતે ફરજ પરના સત્તાધીશો ને જાણે કે સ્નાનસુતકનો પણ સંબંધ ન હોય તેવું હાલના તબક્કે જણાઈ રહ્યું છે.

### જાયન્ટ્સ ગ્રુપ ચાણસ્મા દ્વારા ધોરણ 10-12ના

## પરીક્ષાર્થીઓને કુંમ કુમ તિલક કરી ને મોં મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી

**કમલેશ પટેલ | સંખેડા**



ગુરૂવારે રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઇ રહ્યો છે.ત્યારે આ પરીક્ષામાં ચાણસ્મા પી.પી.પટેલ હાઈસ્કૂલ માં ધોરણ 10 ના અંદાજે 450 જેટલા પરીક્ષાર્થીઓ . ધો-૧૦ ની પરીક્ષા આપવા જઈ રહ્યા હતા તે પૂર્વે. તમામ પરીક્ષાર્થીઓને કુમ કુમ તિલક કરી માં મીઠું કરાવી પરીક્ષા માં સફળતા પ્રાપ્ત કરે તેવા શુભ હેતુ સર જાયન્ટ્સ ગ્રુપ ચાણસ્મા ના પ્રમુખ ચંદુભાઈ પટેલ અને પ્રવીણભાઈ સુથાર,દિનેશભાઈ પટેલ,રમણલાલ પટેલ,વિનોદભાઈ પટેલ,શાળાના સારસ્વતો , પોલીસ કર્મચારીઓ વગેરેએ તેઓના ઉત્સાહ માં વધારો કરવા અને વિના સંકોચે ગભરાટ સિવાય પરીક્ષા આપી શકે તે માટે ગુલાબ નું પુષ્પ અને સાકર થી મોં મીઠું કરાવી શુભકામનાઓ પાઠવી હતી.જ્યારે ધોરણ ૧૨ ના પરીક્ષાર્થીઓને ગુલાબ નું ફુલ સાકર થી માં મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી જ્યારે ચાણસ્મા વડાવલી ધિણોજ ચવેલી ના મળી ચાણસ્મા તાલુકામાં પાંચ કેન્દ્રો પરથી ધો.૧૦ ની પરીક્ષાઓનો શુભારંભ થયો હતો ધો.૧૦ - ૧૨ ની પરીક્ષા ઓ શાંતિપૂર્ણ માહોલ પુરી થાય તે માટે ચાણસ્મા પોલિશ દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.સંખેડા ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કુલ ખાતે ધોરણ 10 અને 12 ની પરીક્ષાનું શુભારંભ થતાં જ સંસ્થાના મંત્રીશ્રી સંજયકુમાર દેસાઈ તેમજ આચાર્ય ચિરાગ શાહ દ્વારા કુમ કુમ તિલક પુષ્પ અને મોઢું મીઠું કરાવીને બોર્ડની પરીક્ષા આપનાર તમામ વિદ્યાર્થીઓને શુભ કામનાઓ પાઠવી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધોરણ ૧૦ તેમજ ધોરણ-૧૨ ની પરીક્ષાનો આજ રોજ થી શુભારંભ થઇ ગયો છે.

## ધોરણ 10 - 12ની પરીક્ષાનું શુભારંભ થતાં વિદ્યાર્થીઓને શુભ કામનાઓ પાઠવી



**કમલેશ પટેલ | સંખેડા**

સંખેડા ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કુલ ખાતે ધોરણ 10 અને 12 ની પરીક્ષાનું શુભારંભ થતાં જ સંસ્થાના મંત્રીશ્રી સંજયકુમાર દેસાઈ તેમજ આચાર્ય ચિરાગ શાહ દ્વારા કુમ કુમ તિલક પુષ્પ અને મોઢું મીઠું કરાવીને બોર્ડની પરીક્ષા આપનાર તમામ વિદ્યાર્થીઓને શુભ કામનાઓ પાઠવી. સંખેડા નાગરિક બેન્કના ચેરમેન અને સંસ્થાના મંત્રીશ્રી સંજયકુમાર દેસાઈ દ્વારા કુમ કુમ તિલક પુષ્પ અને મોઢું મીઠું કરાવીને બોર્ડની પરીક્ષા આપનાર તમામ વિદ્યાથીઓને પુરા આત્મ વિશ્વાસ સાથે પરીક્ષા આપી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરવાની શુભ કામનાઓ આપી હતી.



# 40+ વર્ષની ઉંમરે પણ તમારી ત્વચા દેખાશે યુવાન

**ઉંમર વધતાની સાથે તમારા ત્વચામાં પણ ઘણા ફેરફારો આવતા હોય છે. ખાસ કરીને 40ની ઉંમર પછી કરચલીઓ જેવા વૃદ્ધત્વના ચિહ્નો દેખાવા લાગે છે, તેવામાં તેને ઘટાડવા માટે ઘરઘથ્થુ વસ્તુઓનો ઉપયોગ કરીને તમે તેને ઓછી કરી શકો છો. દરેક વ્યકિત ઈચ્છે કે તેમની સ્કિન હેલ્દી, નરમ-કોમળ અને ચમકતી રહે, પરંતુ આજના આ સમયમાં પ્રદૂષણ, વાતાવરણમાં બદલાવ અને ઉંમરની સાથે સ્કિનમાં બદલાવ આવે છે. 30-40 ઉંમર પછી તમારી ત્વચા ઢીલી પડી જાય છે અને કરચલીઓ થવા લાગે છે અને વૃદ્ધત્વના ચિહ્નો દેખાવા લાગે છે. તેવામાં જો તમારે ત્વચાને કડક રાખવા અને વૃદ્ધત્વથી બચવા માટે ઘરે ઉપલબ્ધ વસ્તુઓનો ઉપયોગ કરી શકો છો. 40ની ઉંમર પછી કરચલીઓ, કાળા ડાઘ અને શુષ્ક ત્વચા જેવી સમસ્યાઓ સામાન્ય બની જાય છે. પરંતુ કેટલાક ઘરેલુ ઉપચારોથી તમે તમારી ત્વચાને સુંદર અને યુવાન બનાવી શકશો. આ વસ્તઓનો ઉપયોગ કરીને ફેસપેક બનાવી શકો છો.**



## આમળા અને ગુલાબજળ

40ની ઉંમર પછી કરચલીઓ, કાળા ડાઘ અને શુષ્ક ત્વચા જેવી સમસ્યાઓ સામાન્ય બની જાય છે. પરંતુ કેટલાક ઘરેલુ ઉપચારોથી તમે તમારી ત્વચાને સુંદર અને યુવાન બનાવી શકશો. આ વસ્તઓનો ઉપયોગ કરીને ફેસપેક બનાવી શકો છો. આમળામાં વિટામીન સી અને એન્ટીઑક્સિડન્ટ હોય છે. જે વૃદ્ધત્વ ઘટાડવામાં મદદ કરી શકે છે. ગુલાબજળ ત્વચાને હાઈટ્રેડ કરે છે અને તાજગીનો અહેસાસ કરાવે છે. એક ચમચી આમળનો પાવડરમાં ગુલાબજળ ઉમેરી પેસ્ટ બનાવો આ પેસ્ટને ચહેરા પર 15 મિનિટ લગાવી રાખી થોડીવાર પછી પાણીથી ધોઈ લેવો.

## હળદર અને દૂધનો ફેસપેક

હળદર એક એન્ટીઑક્સિડન્ટ છે. જે ત્વચાને ચમકદાર અને તાજગીભર રાખવામાં મદદ કરે છે.દૂધમાં લેકટિક એસિડ હોય છે. જ ત્વચાને હાઈટ્રેડ કરે છે અને કોમળ બનાવવામાં મદદ કરે છે. એક ચમચી હળદરમાં 2 ચમચી દૂધ મળવીને એક પેસ્ટ બનાવી દો, જેને 15-20 મિનિટ સુધી ચહેરા પર લગાવી રાખો, પછી તેને હુંફાળા પાણીથી ધોઈ લો, આ ફેસપેક ત્વચાને ભેજ અને ચમક આપશે. અને વૃદ્ધત્વની અસરો ઘટાડવામાં મદદ કરશે.



**બટાકાનો રસ |** બટાકામાં બ્લીચિમગ ગુણ હોય છે. જે ત્વચાના કાળા ડાઘ અને ડાઘને હળવા કરવામાં મદદ કરે છે. બટાકામાં સ્ટાર્ચ અને એન્ટીઑક્સિડન્ટ હોય છે જે ત્વચાને ગ્લો આપવામાં મદદગાર સાબિત થઈ શકે છે. બટાકાની છીણ કરીને તેમાંથી રસ કાઢી દો. આ રસને હલકા હાથે ચહેરા પર લગાવો અને તેને15-20 મિનિટ સુધી રહેવા દો ત્યારપછી હુંફાળા પાણીથી ધોઈ લો, તેનાથી ડાર્ક સર્કલ અને ડાઘ ઓછા કરવામાં મદદ કરશે.

**આ વાતોનુ પણ ખાસ ધ્યાન રાખો |** આ સાથે તમારા આહાર પણ ધ્યાન રાખો, કસરત કરવી, સફાઈની સાથે હેલ્દી જીવનશૈલી પર પણ ધ્યાન રાખવુ જરુરી છે. તમારે હેમંશા તમારી ત્વચાના પ્રકારના પ્રોડ્ક્સ જ વાપરવા જોઈએ, જો તમન્ કોઈપણ પ્રકારની એલર્જી હોય તો તમારે તેનો ઉપયોગ કરવાનુ ટાળવુ જોઈએ. કેમકે તે તમારી ત્વચાને નુકસાન પહોંચાડી શકે છે.

# એક મહિના માટે ચા કે કોફી પીવાનું બંધ કરો તો શું થશે?

ચા અને કોફી આખી દુનિયામાં ખૂબ જ પસંદ કરવામાં આવે છે. ભારતમાં દરેક ઘરમાં એવા લોકો હોય છે જેમને ચા કે કોફી પીવાનું ગમે છે. ખાસ કરીને કેટલાક લોકો સવારે ઉઠતાની સાથે જ ચા પીવાનું પસંદ કરે છે, જેને 'બેડ ટી' કહેવામાં આવે છે. કેટલાક લોકો એવા પણ હોય છે જેમને ગમે તેટલી વાર પૂછવામાં આવે તો પણ તેઓ ચા પીવા માટે ના પાડી શકતા નથી. તેઓ દિવસમાં ઓછામાં ઓછી 4 વખત ચા પીવે છે. કેટલાક લોકો કોફીના શોખીન હોય છે. તેઓ દિવસમાં 2 થી 3 વખત ચોક્કસપણે કોફી પીવે છે. ચા અને કોફી શરીર માટે ફાયદાકારક છે જો તે યોગ્ય રીતે બનાવવામાં આવે અને મર્યાદિત માત્રામાં પીવામાં આવે. પરંતુ જો તમે તેનું વધુ પડતું સેવન કરો છો અથવા ખોટી રીતે તૈયાર કરો છો તો તે તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. તમે વધુ પડતી ચા કે કોફી પીવાના ગેરફાયદા વિશે સાંભળ્યું જ હશે. ચા અને કોફી બંનેમાં કેફીન જોવા મળે છે તેથી તેને વધુ પડતું પીવાથી ખાસ કરીને રાત્રે ઊંઘ ન આવવાની સમસ્યા થઈ શકે છે. વધુ પડતી ચા અને કોફી પીવાથી પાચનતંત્ર પર પણ અસર પડી શકે છે. એસિડ રિફ્લક્સ અને હાર્ટબર્નની સમસ્યા થઈ શકે છે. આવી સ્થિતિમાં શું તમે વિચાર્યું છે કે જો તમે એક મહિના સુધી દરરોજ ચા કે કોફી ન પીઓ તો શરીરમાં કેવા પ્રકારના ફેરફારો જોવા મળી શકે છે. ચાલો આ વિશે નિષ્ણાત પાસેથી જાણીએ.




**ઊંઘ સુધારો |** ચા અને કોફીમાં કેફીન હોય છે, જે ઊંઘમાં ખલેલ પહોંચાડી શકે છે. ખાસ કરીને જો સાંજે પીવામાં આવે તો. જો તમે એક મહિના માટે ચા કે કોફી છોડી દો છો, તો તમને તમારી ઊંઘમાં સુધારો જોવા મળી શકે છે.

**બ્લડ પ્રેશરમાં સુધારો |** જે લોકોને ચા કે કોફી પીવાથી બ્લડ પ્રેશર વધારે હોય છે. તેમના માટે તે બ્લડ પ્રેશરને સામાન્ય રાખવામાં મદદ કરી શકે છે. આ સાથે વધુ પડતી ચા કે કોફી પીવાથી આપણા ન્યુરોટ્રાન્સમીટર પર પણ નકારાત્મક અસર પડી શકે છે. તેથી ચા કે કોફી ઓછી કરવાથી ન્યુરોટ્રાન્સમીટર સામાન્ય થવા લાગશે સાથે જ તેમાં ખુશીના હોર્મોન્સ એક્ટિવ થશે.


**એસિડિટીથી રાહત મળશે**

જયપુરના આયુર્વેદ નિષ્ણાત કિરણ ગુપ્તાએ જણાવ્યું હતું કે જો આપણે એક મહિના માટે ચા કે કોફી પીવાનું બંધ કરીએ તો તે એસિડિટીની સમસ્યા ઘટાડવામાં અને પાચનને સ્વસ્થ રાખવામાં મદદ કરી શકે છે.



# બ્રેસ્ટ કેન્સરનો શિકાર બની રહી છે મહિલાઓ, આ છે શરૂઆતના લક્ષણો

દુનિયામાં મહિલાઓ બેસ્ટ કેન્સરની બીમારી સામે ઝઝુમી રહી છે.આનું મોટું કારણ છે મહિલાઓ શરુઆતના લક્ષણોને નજરઅંદાજ કરે છે WHOએ કડક ચેતવણી આપી છે, જેમાં તેણે કહ્યું છે કે દર 20માંથી 1 મહિલાને બ્રેસ્ટ કેન્સરનું જોખમ હોઈ શકે છે. તો ચાલો આજે આપણે બ્રેસ્ટ કેન્સર વિશે વિસ્તારથી વાત કરીશું. આજકાલ મહિલાઓની હેલ્થી લાઈફસ્ટાઈલ બ્રેસ્ટ કેન્સર જેવી જીવલેણ બીમારીઓનું મુખ્ય કારણ છે. ધુમ્રપાન, આલ્કોહોલ અને જંક ફૂડ શરીરને અંદરથી ખોખલું બનાવી રહ્યું છે. જેના કારણે શરીરમાં અનેક પ્રકારની બીમારીઓ થાય છે, જેમાંથી એક બ્રેસ્ટ કેન્સરની સમસ્યા છે. બ્રેસ્ટ કેન્સરએ સ્ત્રીઓમાં સૌથી સામાન્ય કેન્સર છે. જો તમે તેને સમયસર ઓળખશો તો તેની યોગ્ય સારવાર થઈ શકે છે.તો ચાલો જાણીએ બ્રેસ્ટ કેન્સરના લક્ષણો ક્યા ક્યા છે. WHOએ મહિલાઓના સ્વાસ્થ્ય વિશે વાત કરી હતી. સમયની સાથે સ્તન કેન્સરના કેસો વધી રહ્યા છે. આ સંશોધન મુજબ વિશ્વભરમાં દર 20માંથી એક મહિલા સ્તન કેન્સરનો શિકાર બની શકે છે. આ સિવાય 2050 સુધીમાં સ્તન કેન્સરને કારણે થતા મૃત્યુની સંખ્યામાં પણ વધારો જોવા મળી શકે છે. જ્યારે બ્રેસ્ટ કેન્સરનું જોખમ વધી જાય છે. ત્યારે મહિલાઓ ડોક્ટર પાસે જાય છે. અંતે આની સારવાર કરવી ખુબ મુશ્કિલ થઈ જાય છે.એટલા માટે ડોક્ટર હંમેશા કહેતા હોય છે કે, શુરુઆતના લક્ષણો ઓળખી લીધા તો જલ્દી ડોક્ટરની સલાહ લો. બ્રેસ્ટ કેન્સરના શરુઆતના લક્ષણોમાં બ્રેસ્ટની આસપાસ ગાંઠ થવી, નિપ્પલમાં



ફેરફાર , બ્રેસ્ટમાંથી પ્રવાહી નીકળવું,નિપ્પલમાં ખંજવાળ આવવી આ બધા બ્રેસ્ટ કેન્સરના શરુઆતના લક્ષણો છે. જે બ્રેસ્ટ કેન્સરના સંકેત આપે છે. જો આવા લક્ષણો જોવા મળે તો જલ્દી ડોક્ટરની સલાહ લો. 50 વર્ષથી ઉપરની મહિલાઓમાં બેસ્ટ કેન્સરનું જોખમ વધારે હોય છે.બ્રેસ્ટ કેન્સરની સારવાર ઘણી રીતે કરી શકાય છે. જેમાં ગાંઠને પ્રથમ સર્જરી દ્વારા દૂર કરવામાં આવે છે. આ સિવાય દર્દીને રેડિયેશન થેરાપી પણ આપવામાં આવે છે. જેમાં જીવલેણ કેન્સર કોષોને નષ્ટ કરવા માટે થાય છે. કીમોથેરાપી કરવામાં આવે છે, જેમાં દવાઓ દ્વારા કેન્સરના કોષોનો નાશ કરવામાં આવે છે. તેમની વૃદ્ધિ અટકાવે છે.

# જ્યારે લાગણીઓ અને વિચારો બન્ને ભેગા થઈ જાય ને ત્યારે દિલ જોર થી ધબકવા લાગે........

સવાર સવાર માં ગરમા ગરમ મસાલા વાળી ચા નો કપ હાથમાં લઈને પતિદેવ સામે નજર કરતાં મારા નવરા ધાકોર મગજ એ વિચાર્યું કે "પતિ પત્ની" નામના લેબલ વિશે પ્રથમ કોણે વિચાર્યું હશે? બ્રહ્મા,વિષ્ણુ કે મહેશ. જો સ્વર્ગ ના રાજા ઈન્દ્ર ના મગજ એ વિચાર્યું હશે તો ઈન્દ્રાણી સાથે અપ્સરા ની પણ કલ્પના કરી હોત."પતિ પત્ની" લેબલ સ્વર્ગ ના રાજા ઈન્દ્ર ના મગજની બહાર ની વાત છે.વિષ્ણુ ભગવાન માટે અકલ્પનીય વાત સમજો લક્ષ્મીજી એના વગર ક્ષણ માત્ર દૂર રહેતા નથી.કૈલાસ નિવાસી ભોળા નાથ તપશ્ચર્યા માં તલ્લીન રહે છે એને મન પાર્વતી પ્યારા છે પ્રેમની બાબત માં અન્ય દેવો કે ભગવાન કરતા ભગવાન ભોળાનાથ નો પત્ની પ્રેમ અવર્ણનીય અતૂટ છે. વિચારો સતી માતા ના અગ્નિ પ્રવેશ બાદ બળી ગયેલ માતા ના શરીર ને હાથમાં પકડીને પત્ની વિયોગમાં યુગોના યુગો સુધી બેસી રહ્યા હતા. ધરતી પર શિવ પાર્વતીના પ્રેમ પૃથ્વીના પ્રલય બાદ પણ અમર રહેશે.



**પંચાત રસ**

**- રુપાલી દવે**

આ બાબતે લગ્ન પર પી.એચ.ડી પ્રાપ્ત કરનાર પત્નીઓ ના ગ્રુપ નું કહેવું હતું કે ભગવાન ભોળાનાથ કૈલાસ માં

ઓછું અને હિમાલય ની ગુફામાં તપશ્ચર્યા માં લીન વધારે રહેતા હોય છે.જે પતિની ઘરમાં દખલગીરી ઓછી રહેતી હોય છે એની પત્ની સુખી હોય છે.અમારા પતિ દેવો ભવ ને ગામ પંચાત કરતા પત્ની શું કરે છે? શું વિચારે છે? ક્યાં જાય છે? વગેરે વગેરે જેવી જાસૂસી માં પોતે "પતિ" ભૂલીને જાસૂસ બની જતા હોય છે. કાલ ની જ વાત કરું તો પતિદેવ એ વ્રત ના મૂડમાં પૂછ્યું કે પ્રિય, "આજ ખાને મેં ક્યાં બનેંગા? કીધું કે રાજગરાની પૂરી,શિખંડ,બટેટાની સૂકી ભાજી અને બટેટા કેળાની વેફર્સ. ખુશખુશાલ થતાં પતિદેવ એ પૂછ્યું કે શું હેલ્પ કરી શકું? સજ્જન પત્ની ની સ્ટાઈલ માં પતિદેવ ની હથેળી પર "આઈ લવ યુ" લખવાના બદલે રાજગરા નો લોટ અને શિખંડ લખ્યું.રાજગરા નો લોટ અને શિખંડ લાવ્યા ખરા? મારા આજ્ઞાકારી પતિદેવ ઉત્સાહ માં ને ઉત્સાહ માં રાજગરાના લોટનું એક પેકેટ ના બદલે ચાર લઈ આવ્યા.પત્ની સહજ હળવો ગુસ્સો કરતા પૂછ્યું કે તમારો વરઘોડો જોડવાનો છે તો બે કિલો રાજગરા નો લોટ લાવ્યા? રાજગરા નો લોટ મીઠો હોય એટલે એમાં જલ્દી જીવાત પડી જાય છે થોડું પૂછવાનું રાખતા હોત તો આવી નાની નાની ભૂલો ન થાત. મારા બિચારા ભોળાનાથ એટલે ગુસ્સામાં બરડા પડતા બોલ્યા કે બૈરા નું કામ પુરુષો એ ક્યારેય કરવું ન જોઈએ કરો તો પણ ગુનો અને ન કરો તો પણ ગુનો?

જ્યારે લાગણીઓ અને વિચારો બન્ને ભેગા થઈ જાય ને ત્યારે દિલ જોર થી ધબકવા લાગતું હોય છે.પરિવારના લગતા વળગતા સગા સબંધીઓ,પડોશીઓ બધાય મહાકુંભ માં સ્નાન કરી આવ્યા.બધા પ્રસાદ સાથે ટૂબુડી માં ગાગા જળ આપતા વખાણના પુલ બાંધતા બાંધતા અંત માં બોલે કે "મહાદેવ એ મોક્ષ ના અધિકારી બનાવ્યા" પુણ્યશાળી ને જ મહાકુંભ માં અમૃત સ્નાન નો મોકો મળે છે.આપણા મનોમન થયું કે મોદી બાપા થી લઈને ધોતી બાપા,બોલિવૂડ થી લઈને ઢોલીવુડ,ન્યુઝ ચેનલ થી લઈને પેપર પસ્તી વાળા બધાજ કુંભ માં ડૂબકી મારી આવ્યા છે.બૈરા એના મનમાં પ્રગટ થયેલ વિચારો પ્રસ્તુત ન કરે તો એને જમવાનુ પચતું નથી એટલે શિવરાત્રિની સવારે પતિદેવ ને પ્રેમથી હંકારો પડ્યો કે ઓય!!સાંભળો છો? ક્યાં છો? જવાબ કેમ નથી આપતા? ક્યાં ઘુસીને બેઠા છો?

પતિદેવ વોશરૂમ માંથી બહાર નીકળી ને નકલી ગુસ્સા સાથે પ્રગટ થયા, એનું થાકેલું મુખ નિહાળતા જ બોલી કે લગ્ન બાદ તમે મારી સામે બેસવાનું તદન ભૂલી જ ગયા છો.શું કહું છું કે હાલોને,મહાકુંભ નો છેલ્લો દિવસ છે તો આજ હું અને તમે પ્રયાગ તીર્થ જઈ સ્નાન કરી આવીએ.પતિદેવ સોફા પર બેસતા સાથે ખડખડાટ હસતા હસતા બોલ્યા કે મને ખબર કે તું મજાક કરે છે,તારી બધી આદતો બદલાઈ ગઈ છે પણ તારી મજાક કરવાની આદત એવી ને એવી રહી.એલી!!ક્યારેક તો સિરિયસ વાત કર. તારી મજાક કરવાની આદત માં લગ્ન બાદ પતિ બની પતિ ગયો છું. જયારે પણ પતિદેવ એની અસ્ખલિત વાણી મારા તરફ ફેંકવાનું ચાલુ કરે ત્યારે એના પત્ની પીડિત પ્રિય સાઢુ નું ભૂત મોબાઈલ દ્વારા અચૂક ધૂણતું ધૂણતું પધારે.

શું થયું? કેમ રડો છો? સાળી બા એ ફરી ફટકાર્યા..પેલું બાજરા ના ખેતર વાળું લફડું પકડાઈ ગયું કે શું? અરે!!રે, તમારા ત્યાંની આગ મારા ઘર સુધી પોહચી સમજો, સાળી બા નો ફોન બૈરી પર આવ્યો સમજો.મોબાઈલ ફોન માં વાગતું સાઢુ ના ભૂત એ કીધું આલ્યા એય એવું કઈ નથી? વિચર્યા વગર નું બોલવાનું બંધ કર, એક તો આફત ને મારી બૈરી પસંદ પડી ગઈ છે ને એમાં તું ટર ટર કરે છે. પતિદેવ ધીમેથી બોલ્યા કે સાઢુભાઈ,શું થયું એનો ફોડ પાડો તો સમજાય ને? મારી બૈરી એ કાળો કકળાટ આદર્યો છે શક્કરિયા ભાવે એટલે ખરીદી ન લેવાય? સુરણ ખરીદવાનું કોણે કીધું હતું? તમારી પ્રિન્સેસ ની ના માં તમને ગમે એ બધું ના થાય. એલા!!ક્યાંક એવા કનેક્શન વિચાર કે જેથી સાપ મરે અને લાઠી પણ તૂટે.

પતિદેવ એ ગજવા માં મોબાઈલ મૂક્યા બાદ છત તરફ નજર કરીને ઊંડો નિસાસો નાખતા કહ્યું કે કુદરત ની રચેલી માયાજાળ માં પુરુષ ગજબ નો ફસાઈ જાય છે.

પંચાત..પંચાત..પંચાત માં એક વાત તો ભૂલાઈ ગઈ કે મહાકુંભ ની પૂર્ણાહુતિ બાદ ગંગાજી ની અંદર નું અમૃત કોને મળ્યું? બેત્રણ મિનિટ પહેલા મહાકુંભ ના દર્શનાર્થી અને સ્નાન કરીને પવિત્ર થયેલ ભૂદેવ સાથે વાતચીત થતા પૂછ્યું કે ત્યાં જઈને શું અનુભવ્યું? ભૂદેવ એ ડોલ ની માફક આંખ બંધ ખોલ કરતા કીધું "પૂર્ણ આનંદ" અત્યારે તો સમગ્ર શરીર માં પૂર્ણ આનંદ ના આવેગ નું ઘોડાપૂર નસે નસ માં દોડી રહ્યું છે. જીવનનો પૂર્ણ આનંદ મળીયા બાદ થાય છે કે ગૃહસ્થ જીવન નો ત્યાગ કરી ને વૈરાગ્ય ના પંથ પર પ્રયાણ કરું. ભૂદેવ ની પત્ની એ એના પતિદેવ ને કહ્યું કે પ્રાણનાથ,વિવાહ યોગ્ય દીકરા દીકરી ના લગ્ન બાકી છે,વૈરાગ્ય નો નિર્ણય બીજા જન્મ માં કરજો..પતિ પત્ની ના સબંધ ગમે કે ના ગમે,ફાવે કે ના ફાવે નિભાવ્યે છૂટકો છે,કેમ? અલ્યા!! ઓય,શાક બકાલું સમજી લીધું છે કે ના ફાવે

એ બંધન તો પ્યાર કા બંધન હૈ..

# કિડની સ્ટોનનો દુખાવો

## કંટ્રોલ કરવા અજમાવો આ નુસખા

પથરીનો દુખાવો ભયંકર હોય છે. જ્યારે કિડનીમાં જમા થતા મિનરલ્સ અને સોલ્ટ ક્રિસ્ટલ તરીકે જામી જાય છે તો તે પથ્થર બની જાય છે. કિડનીમાં પથરી હોય તો અચાનક જ તીવ્ર દુખાવો શરૂ થઈ જાય છે. આ દુખાવો શરૂ થાય ત્યારે તુરંત જ દવાઓ કરવી પડે છે. પથરીનો ઈલાજ કરાવવો પણ જરૂરી છે. ડોક્ટરની સલાહ અનુસાર પથરીની સારવાર કરવી જોઈએ.

**પથરી થવાનું જોખમ અનહેલ્ધી આહાર, જીવનશૈલી, પારિવારિક હિસ્ટ્રીના કારણે વધી શકે છે. ઓછું પાણી પીવું અને બેઠાડું જીવનશૈલીના કારણે પણ કિડની સમસ્યા થવાનું જોખમ વધે છે. કોઈપણ કારણસર પથરી થઈ હોય અને તેના દુખાવાથી રાહત મેળવવી હોય અથવા તો દુખાવાને કંટ્રોલ કરવો હોય તો આ ઘરેલુ ઉપાય અજમાવી શકો છો.**

### લીંબુ અને ઓલિવ ઓઈલ

લીંબુ અને ઓલિવ ઓઈલ તમારી મદદ કરી શકે છે. લીંબુમાં સાઈટ્રિક એસિડ હોય છે જે કિડની સ્ટોનને તોડવામાં મદદ કરે છે. ઓલિવ ઓઈલમાં તેને મિક્સ કરીને પીવાથી પથરી તૂટવાની પ્રક્રિયા ઝડપી થશે. તેના માટે એક ચમચી ઓલિવ ઓઈલમાં અડધા લીંબુનો રસ મિક્સ કરીને પીવાનું રાખો. તેનાથી દુખાવામાં પણ આરામ મળશે અને આકાર પણ નાનો થઈ શકે છે

### બેકિંગ સોડા અને પાણી

બેકિંગ સોડા શરીરના પીએચ લેવલને સંતુલિત કરે છે અને કિડની સ્ટોનને દુર કરવામાં મદદ કરે છે. એક ગ્લાસ પાણીમાં અડધી ચમચી બેકિંગ સોડા મિક્સ કરીને પી જવાથી કિડનીમાં જમા થયેલા સ્ટોનની સમસ્યામાં આરામ મળે છે. પથરીના દુખાવાને ઘટાડવામાં પણ આ ઉપાય કારગર છે.

### તરબૂચ

તરબૂચનો સેવન કરવાથી પણ પથરીના દુખાવામાં ફાયદો થઈ શકે છે. તરબૂચમાં ઉચ્ચ માત્રામાં પાણી હોય છે જે પથરીને ફ્લશ કરવામાં મદદ કરે છે. ઉનાળામાં દિવસ દરમિયાન તરબૂચનું જ્યુસ અથવા તો તાજુ તરબૂચ કાપીને ખાવાથી પથરીમાં રાહત થઈ શકે છે.

### ગ્રીન ટી

ગ્રીન ટી એન્ટી ઓક્સીડન્ટથી ભરપૂર હોય છે અને તે પથરીના નિર્માણને રોકવામાં મદદ કરી શકે છે. રોજ ગ્રીન ટીનું સેવન કરવાથી કિડની સંબંધિત સમસ્યાઓ ઓછી થઈ શકે છે. ગ્રીન ટી શરીરમાં જતા વધારાના ટોક્સિનને બહાર કાઢવામાં મદદ કરે છે.



# ‘આખી-આખી રાત કપિલ મિત્રોની ટોળકી જમા કરીને બેસતો’

## કોમેડિયનની માતાએ કહ્યું- બધાની પ્રગતિ જોઈને ખૂબ ગર્વ થાય છે; તે ખાલી ચા જ બનાવી શકે છે...

(એજન્સી) મુંબઇ | તા.27

તાજેતરમાં, કપિલ શર્માની માતા, જનક રાની પહેલી વાર રસોઈ પર આધારિત રિયાલિટી શો ‘લાફ્ટર શેફ’ ના સેટ પર પહોંચી હતી. સામાન્ય રીતે તે ‘ધ કપિલ શર્મા શો’માં જોવા મળે છે, પરંતુ આ નવા પ્લેટફોર્મ પર આવવાનો અનુભવ તેમના માટે ખાસ રહ્યો.

‘કપિલને પહેલા ઘરનું ખાવાનું પસંદ હતું’ કપિલની માતાએ કહ્યું, બાળપણમાં કપિલને રાજમા-ચાવલ, બટાકાનું શાક અને પુરી ખૂબ જ ભાવતી હતી. પહેલા તે ઘણું ખાતો હતો, હવે તો તે કંઈ ખાતો નથી. મોટે ભાગે તે ડાયટ પર રહે છે. પણ તે ચા ખૂબ જ સારી બનાવે છે. જ્યારે તેમને પૂછ્યું કે શું કપિલે ક્યારેય રસોઈ બનાવી છે, ત્યારે તેમણે હસીને કહ્યું, ના, તે ફક્ત ચા જ બનાવી શકે છે. તેને ઘરે રસોઈ બનાવવાનો શોખ નહોતો. બાળપણમાં પણ તે કહેતો હતો કે મારે રસોડામાં કામ નથી કરવું. પણ તેને સ્વચ્છતા ખૂબ જ ગમતી.

કપિલ બાળપણથી જ સ્વચ્છતાના મામલે પરફેક્શનિસ્ટ હતો જ્યારે સ્વચ્છતાનો વિષય આવ્યો, ત્યારે તેની માતાએ હસીને કહ્યું, તે ઘરની દરેક વસ્તુ વ્યવસ્થિત રાખતો.જો ભૂલથી કંઈ અલગ જગ્યાએ રહી ગયું હોય તો તે તરત જ સુધારી દેતો. અત્યારે પણ, જો તેને સમય મળે તો તે ચા બનાવશે અને ઘરની સાફઈ પણ કરશે.



‘કપિલની મિત્રતા પર માતાને ગર્વ છે’ કપિલની મિત્રતા વિશે વાત કરતાં, તેની માતા ભાવુક થઈ ગઈ અને કહ્યું, ‘ભારતી, સુદેશ... તે બધા અમૃતસરના છે.’ તે કપિલના બાળપણના મિત્ર છે અને આજે પણ તેની એટલો જ નજીક છે. તે બધાને સ્ટેજ પર સાથે જોઈને મને ખૂબ આનંદ થાય છે. હસતાં હસતાં તેણે આગળ કહ્યું, ‘હું ‘કપિલ શર્મા શો’માં ઘણી વાર ગઈ છું, પણ આ પહેલી વાર છે જ્યારે હું ‘લાફ્ટર શેફ’ના સેટ પર આવી છું.’ કપિલના નજીકના મિત્રો આ શોમાં હોવાથી અહીં આવીને ખૂબ આનંદ થાય છે. તેને સ્ટેજ પર જોઈને દિલથી ખુશી થાય છે. જૂની યાદોને તાજી કરતા તેમણે આગળ કહ્યું, અમારા ઘરમાં હંમેશા ખુશી રહેતી હતી. બધા મિત્રો ભેગા થતા અને પાર્ટીઓ કરતા. હું બધા માટે ચા બનાવતી, અને તેઓ ખુશીથી ચાની મજા માણતા. જો કોઈ રાત રોકાય તો પણ હું ચા બનાવતી જેથી બધા આનંદથી પી શકે. ભારતી, સુદેશ લાહિરી... અમારા ઘરે વારંવાર આવતા. અમે ખૂબ મજા કરતા. આજે મને એ બધાની પ્રગતિ જોઈને ખૂબ ગર્વ થાય છે.

કૃષ્ણા અભિષેકે કહ્યું - કપિલની માતા જ્યાં હોય ત્યાં TRP વધે છે કૃષ્ણા અભિષેકે મજાકમાં કહ્યું, અમારો શો પહેલેથી જ હિટ હતો, પણ હવે તે વધુ હિટ થશે કારણ કે મમ્મી આવી ગઈ છે. કપિલની માતા જ્યાં પણ બેસે છે, ત્યાં TRP આપમેળે આસમાને પહોંચી જાય છે. ‘કપિલ શર્મા શો’ પહેલેથી જ સુપરહિટ હતો, હવે જ્યારે મમ્મી ‘લાફ્ટર શેફ’માં જોડાઈ ગઈ છે, તો આ પણ બ્લોકબસ્ટર હિટ હશે. તે આમારી લકી ચાર્મ છે.

સાઉથ એક્ટર જુનિયર NTRની ફિલ્મ ‘દેવરા - પાર્ટ 1’ ભારત પછી હવે જાપાની સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મ 28 માર્ચે જાપાનમાં રિલીઝ થશે. તે જ સમયે, એક્ટર ફિલ્મના પ્રમોશન માટે 22 માર્ચે જાપાન જશે....

# જુનિયર NTRની ‘દેવરા’ જાપાનમાં રિલીઝ થશે

## ભારતમાં આ ફિલ્મે ₹408 કરોડથી વધુની કમાણી કરી હતી; 2026માં એક્ટર ‘NTRNeel’માં જોવા મળશે




(એજન્સી) મુંબઇ | તા.27

‘દેવરા’ પહેલા, એસ એસ રાજામૌલી દ્વારા ડિરેક્ટર તેમની ફિલ્મ ‘RRR’ પણ જાપાનમાં રિલીઝ થઈ ચૂકી છે. ‘RRR’માં NTR સાથે રામ ચરણ પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. જાપાનમાં NTRના ઘણા ફેન્સ છે જાપાનમાં NTR ના ચાહકોની સંખ્યા ખૂબ મોટી છે. ‘દેવરા -પાર્ટ 1’ ની રિલીઝને લઈને જાપાની ફેન્સ પણ ખૂબ ઉત્સાહિત છે. આ ફિલ્મનું ડિરેક્ટર કોરાતલા શિવા દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મે ભારતમાં 408 કરોડથી વધુની કમાણી કરી. આ ફિલ્મમાં જુનિયર NTRએ ડબલ રોલ ભજવ્યો છે. ફિલ્મ ‘દેવરા’માં NTR સાથે જાહ્નવી કપૂર અને સૈફ અલી ખાન પણ હતા. આ સમગ્ર ભારતમાં બનેલી ફિલ્મથી સૈફે તેલુગુમાં ડેબ્યૂ કર્યું. આ એક એક્શન ડ્રામા ફિલ્મ છે, અને તે બે ભાગની ફ્રેન્ચાઈઝી છે.

NTR, ડિરેક્ટર પ્રશાંત નીલની ફિલ્મમાં જોવા મળશે NTRના કાર્યક્ષેત્ર વિશે વાત કરીએ તો, એક્ટર ટૂંક સમયમાં ડિરેક્ટર પ્રશાંત નીલ સાથે કામ કરવા જઈ રહ્યા છે. પ્રશાંત નીલ ‘KGF: ચેપ્ટર 1’, ‘KGF: ચેપ્ટર 2’ અને ‘સલાર પાર્ટ 1 - સીઝફાયર’ જેવી ફિલ્મો માટે જાણીતા છે. એટલું જ નહીં, NTR હૈદરાબાદના રામોજી ફિલ્મ સિટીમાં ડિરેક્ટર પ્રશાંત નીલ સાથે તેમના આગામી પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છે.

તે બંને હાલમાં એક એક્શન થ્રિલર ફિલ્મ બનાવી રહ્યા છે, જેનું નામ હાલમાં ‘NTRNeel’ છે. જોકે, કેટલાક અહેવાલો એમ પણ કહે છે કે આ ફિલ્મનું ટાઈટલ ‘ડ્રેગન’ પણ હોઈ શકે છે. આ ફિલ્મનું શૂટિંગ તાજેતરમાં જ શરૂ થયું છે. હાલમાં એક્ટર વોર-2ના શૂટિંગમાં વ્યસ્ત છે. તેથી, ‘NTRNeel’ નું શૂટિંગ માર્ચથી શરૂ થશે. NTRની આ એક્શન ફિલ્મ 9 જાન્યુઆરી 2026 ના રોજ હિન્દી સાથે તેલુગુ, તમિલ, કન્નડ અને મલયાલમ ભાષામાં પણ સિનેમાઘરોમાં રિલીઝ થશે. પ્રશાંત નીલની આ ફિલ્મનું મેકિંગ મૈત્રી મૂવી મેકર્સ અને NTR આર્ટ્સ દ્વારા કરવામાં આવશે. કલ્યાણ રામ નંદમુરી, નવીન યેરનેની, રવિશંકર યલામાંચિલી અને હરિ કૃષ્ણ કોસારાજુએ પણ આ ફિલ્મમાં રોકાણ કર્યું છે.

# આખરે ડોન થ્રી પરથી ધૂળ ખંખેરાઈ...



મુંબઈ : રણવીર અને કિયારા અડવાણીની ‘ડોન થ્રી’ અટકી પડી હોવાની ચર્ચા લાંબા સમયથી ચાલે છે. જોકે, હવે ફરહાન અખ્તરે ચાહકોને ખુશ ખબર આપ્યા છે કે આ ફિલ્મનું શૂટિંગ આ વર્ષમાં જ શરુ કરી દેવામાં આવશે.

થોડા સમય પહેલાં એવા અહેવાલો હતા કે ફરહાન અખ્તરે હાલ પોતાની એક્ટિંગ કેરિયર પર ફોક્સ કર્યું હોવાથી આ ફિલ્મ હાલ પૂરતી પડતી મૂકી દેવામાં આવી છે. રણવીર અને કિયારા બંને માટે કારકિર્દીની આ મહત્વની ફિલ્મ ગણાય છે.

મૂળ ડોન ફિલ્મમાં અમિતાભ બચ્ચને મુખ્ય ભૂમિકા ભજવી હતી. ત્યાર બાદ ‘ડોન વન’ અને ‘ડોન ટૂ’માં શાહરુખે મુખ્ય ભૂમિકા ભજવી હતી. નવા ડોન તરીકે રણવીરની પસંદગી અંગે મિશ્ર પ્રતિભાવો સર્જાયા હતા. તે જ રીતે રોમાની ભૂમિકા માટે પ્રિયંકા ચોપરાની જગ્યાએ કિયારા અડવાણી વધારે પડતી કોમળ લાગતી હોવાની ચર્ચાઓ પણ અગાઉ થઈ હતી.

# મિસ વર્લ્ડ પ્રિયંકાનું બરેલીમાં સ્વાગત ન થયું



## એક્ટ્રેસની માતાએ કહ્યું- કાયદો અને વ્યવસ્થાનો હવાલો આપીને મુખ્યમંત્રી કાર્યાલયે કાર્યક્રમને મંજૂરી ન આપી

(એજન્સી) મુંબઇ | તા.27

પ્રિયંકા ચોપરાની માતા મધુ ચોપરાએ તાજેતરમાં જ એક્ટ્રેસના શરૂઆતના કરિયર વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે મિસ વર્લ્ડનો ખિતાબ જીત્યા બાદ, એક્ટ્રેસનું બરેલીમાં સ્વાગત કરવામાં આવ્યું ન હતું.

મિસ વર્લ્ડ બન્યા પછી, એક્ટ્રેસનું બરેલીમાં સ્વાગત ન થયું પ્રિયંકાની માતાએ તાજેતરના પોડકાસ્ટમાં લેહરેન રેટ્રો સાથે વાત કરતા કહ્યું, બરેલીમાં યોજાયેલો સ્વાગત સમારોહ બિલકુલ સારો નહોતો. રાજ્ય તંત્ર (રાજ્યનું સંચાલન કરતી ફોર્મલ બ્યૂરોક્રેસી) એ કહ્યું કે આ મહિલાઓનું શોષણ છે અને અમે તેને સ્વીકારીશું નહીં. મિસ વર્લ્ડનો એક કન્સેપ્ટ છે કે છોકરી ગમે તે શહેરની હોય, તેનું સ્વાગત કરવા માટે તે જ શહેરમાં જાય છે. ભલે તે નાના ગામડાની હોય. પ્રિયંકાની માતાએ એક્ટ્રેસનાં શરૂઆતના કરિયર વિશે જણાવ્યું પ્રિયંકાની માતાએ આગળ કહ્યું, અમારે બરેલી જવાનું હતું, પરંતુ અમને મુખ્યમંત્રી કાર્યાલય તરફથી આ માટે પરવાનગી મળી ન હતી. તેમણે અમને કાયદો અને વ્યવસ્થાનું બહાનું આપ્યું અને કહ્યું કે અમે પ્રિયંકાને અહીં બોલાવી શકતા નથી. જે પછી અમે ખૂબ જ પરેશાન થઈ ગયા. આ પછી પણ પ્રિયંકાએ ક્યારેય પોતાના આત્મવિશ્વાસમાં કમી આવવા દીધી નહીં.

‘પ્રિયંકાએ પોતાનો આત્મવિશ્વાસ ડગમગવા ન દીધો’ તેમણે કહ્યું કે બાળપણમાં પ્રિયંકા પાસે હિટ-મી નામનું એક રમકડું હતું. જ્યારે પણ આ રમકડું ક્યાંય પણ અથડાય ત્યારે તે ફરીથી સીધું થઈ જતું. પ્રિયંકા પણ આવી જ બની ગઈ. તેમના જીવનમાં ગમે તેટલી મુશ્કેલીઓ આવી, તેમણે તેનો સારી રીતે સામનો કર્યો.

‘લારા દત્તાએ પ્રિયંકાને મદદ કરી’ આ દરમિયાન તેમણે પ્રિયંકા અને લારા દત્તા વચ્ચેની મિત્રતા વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે વર્ષ 2000માં મિસ યુનિવર્સનો ખિતાબ જીતનાર એક્ટ્રેસ લારા દત્તાએ પ્રિયંકાને ઘણી બધી બાબતો શીખવી. મધુ ચોપરાએ કહ્યું, લારાએ તેને કપડાં પહેરવાનું, વોક અને મેકઅપ કરવાનું શીખવ્યું. કારણ કે પ્રિયંકાને આ બધું જાતે જ કરવું પડતું હતું.\

# મન્નતનું રિનોવેશન થવાનું હોવાથી શાહરુખ સપરિવાર ભાડે રહેવા જશે



### શાહરુખનું સરનામું થોડા સમય માટે બદલાશે : ત્રણ વર્ષ દરમિયાન શાહરુખ કુલ નવ કરોડ રુપિયા ભાડું ચૂકવવાનો છે.

મુંબઈ : શાહરૂખ ખાનનો મુંબઈના બાંદરાના બેન્ડસ્ટેન્ડ પર આવેલો મન્નત બંગલો રિનોવેશનમાં જઇ રહ્યો છે. પરિણામે અભિનેતા પત્ની ગૌરી, પુત્રી સુહાના, પુત્રો આર્યન અને અબરામ સાથે મુંબઈના પાલીહિલ વિસ્તારમાં શિફ્ટ થવાનો છે. થોડા દિવસો અગાઉ જ અહેવાલો આવ્યા હતા કે શાહરુખે જેકી ભગનાની પાસેથી ત્રણ વર્ષ માટે બે ડુપ્લેક્સ ભાડે લીધાં છે.

ત્રણ વર્ષ દરમિયાન શાહરુખ કુલ નવ કરોડ રુપિયા ભાડું ચૂકવવાનો છે. હવે એ બહાર આવ્યું છે કે શાહરુખ મન્નતના રિનોવેશન દરમિયાન આ ભાડાંના ડુપ્લેક્સમાં રહેશે.

થોડા સમય પહેલાં એવા પણ અહેવાલ આવ્યા હતા કે શાહરુખે મન્નતમાં વધુ બે માળનાં બાંધકામ માટે સીઆરઝેડ સહિતની ઓથોરિટીઓની મંજૂરી માગી છે. શાહરુખ-નો મન્નત બંગલો મુંબઈનું એક આઈકોનિક એડ્રેસ ગણાય છે. બાન્દ્રામાં સમુદ્રની સામે જ આવેલો બંગલો એક ટૂરિસ્ટ સ્પોટ પણ છે. આ બંગલાની હાલની કિંમત આશરે ૨૦૦ કરોડ રુપિયા અંદાજવામાં આવે છે.

# સિદ્ધાંત ચતુર્વેદી અને તૃપ્તિ ડિમરીની ધડક ટૂ સેન્સરમાં ફસાઈ ગઈ

### 14મી માર્ચની રીલિઝની ડેડલાઈન સચવાશે કે કેમ તે અંગે સવાલો : જાતિવાદને લગતા સંવાદો સામે વાંધો




મુંબઈ : સિદ્ધાંત ચતુર્વેદી અને તૃપ્તિ ડિમરીની ‘ધડક ટૂ’ ફિલ્મ સેન્સર બોર્ડની મંજૂરીમાં અટવાઈ ગઈ છે. ફિલ્મમાં જાતિવાદને લગતા કેટલાક સંવાદો તથા દ્રશ્યો સામે સેન્સરે વાંધો ઉઠાવ્યો છે.

આ ફિલ્મ ૧૪મી માર્ચના રીલિઝ કરવાનું પ્લાનિંગ છે. પરંતુ, સેન્સરનાં કડક વલણને જોતાં ફિલ્મ સમયસર રીલિઝ થઈ શકશે કે કેમ તે અંગે સવાલો ઊભા થયા છે.

આ ફિલ્મ આમ પણ તેની અગાઉની ડેડલાઈન ચૂકી ગઈ છે. મૂળ પ્લાનિંગ પ્રમાણે તે ગત નવેમ્બરમાં રીલિઝ થઈ જવાની હતી.

આ ફિલ્મ એક મૂળ તમિલ ફિલ્મની રીમેક છે. નવાઈની વાત એ છે કે મૂળ તમિલ ફિલ્મને સેન્સરની મંજૂરીનો પ્રશ્ન નડયો ન હતો. પરંતુ, હિંદી સંવાદોમાં મુશ્કેલી સર્જાઈ છે.

# ‘બાગબાન’ ફેમ એક્ટર અમન વર્મા લેશે છૂટાછેડા : લગ્નના 9 વર્ષ બાદ પત્ની વંદનાએ કોર્ટમાં અરજી દાખલ કરી, પરસ્પર મતભેદોને કારણે નિર્ણય લેવામાં આવ્યો



(એજન્સી) મુંબઇ | તા.27

એક્ટર અમન વર્મા અને તેમની પત્ની વંદના લાલવાણી છૂટાછેડા લેવા જઈ રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમન અને વંદના વચ્ચે છેલ્લા કેટલાક સમયથી બધુ બરાબર નથી. બંનેએ ઘણી વાર સમાધાન કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. બંનેએ ફેમિલી પ્લાનિંગની પહેલ પણ કરી, પરંતુ તેમ છતાં તેમના મતભેદો ઉકેલાયા નહીં. આખરે, વંદનાએ કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી.


જ્યારે એક સમાચાર એજન્સીએ આ મુદ્દા પર અમન સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેણે કહ્યું - અત્યારે કોઈ વાત કરવા માગતો નથી. મારે જે કંઈ કહેવું છે તે મારા વકીલ દ્વારા યોગ્ય સમયે જણાવીશ. બીજી તરફ, વંદનાએ પણ આ મુદ્દે કોઈ નિવેદન આપ્યું નથી.

અમન અને વંદના એક ટીવી શોના શૂટિંગ દરમિયાન મળ્યા હતા અમન અને વંદના પહેલી વાર 2014માં ટીવી શો ‘હમ ને લી હૈ - શપથ’ના શૂટિંગ દરમિયાન મળ્યા હતા. થોડી મુલાકાતો પછી, બંનેએ 2015માં સગાઈ કરી અને 2016માં લગ્ન કર્યા.

અમન કહેતો હતો- મને વંદના સામે કોઈ ફરિયાદ નથી થોડા વર્ષો પહેલા, અમને કહ્યું હતું- લગ્ને મને એક વ્યક્તિ તરીકે બદલી નાખ્યો છે. હું શાંત છું અને પહેલાની જેમ કોઈપણ પરિસ્થિતિને આક્રમકતાથી નથી જોતો. લગ્ન મારા માટે એક મોટું પગલું છે કારણ કે આ પહેલા હું ઘણા વર્ષો સુધી એકલી હતી. મેં પહેલેથી જ નક્કી કરી લીધું હતું કે જ્યારે મને યોગ્ય વ્યક્તિ મળશે ત્યારે જ હું લગ્ન કરીશ.

6 વર્ષ થઈ ગયા છે અને મને કોઈ ફરિયાદ નથી. હું વંદના સાથે જીવનનો આનંદ માણી રહી છું. અમન અને વંદનાની કારકિર્દી અમન વર્મા ‘સાસ ભી કભી બહુ થી’, ‘ખુલ્જા સિમ સિમ’, ‘કુમકુમ’ અને ‘ના આના ઈસ દેશ મેં લાડો’ જેવા ટીવી શો માટે જાણીતા છે. તેમણે ‘અંદાઝ’, ‘બાગબાન’, ‘તીસ માર ખાન’ જેવી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. અમન ‘બિગ બોસ-9’માં એક કન્ટેસ્ટન્ટ તરીકે જોવા મળ્યો હતો.

# ઓસ્કાર વિજેતા જીન હેકમેનનું શંકાસ્પદ મોત: પત્ની બેટ્સી અને પાલતૂ શ્વાન પણ મૃત અવસ્થામાં મળ્યા



(એજન્સી) મુંબઇ | તા.27

હોલિવૂડની દુનિયામાંથી ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. પ્રખ્યાત અભિનેતા જીન હેકમેન અને તેની પત્ની બેટ્સી ન્યુ મેક્સિકોમાં તેમના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા છે. 95 વર્ષીય અભિનેતા જીન હેકમેન અને તેની પત્નીના શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુના સમાચારે બધાને ચોંકાવી દીધા છે. હાલ મામલાની તપાસ ચાલી રહી છે.

ન્યુ મેક્સિકોમાં તેમના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે જીન હેકમેન અને તેની પત્નીના મૃત્યુની પુષ્ટિ કરતા આ વાત જણાવી હતી. આ બંને સિવાય અભિનેતાનો કૂતરો પણ સ્થળ પર મૃત હાલતમાં મળી આવ્યો હતો. જો કે, અધિકારીઓએ તેમના મૃત્યુના અંગે વધુ વિગતો જાહેર કરી નથી. હાલ તપાસ ચાલી રહી છે. હેકમેન હોલિવૂડના પ્રખ્યાત સ્ટાર્સમાંથી એક હતા. વર્ષ 1971માં, તેમને વિલિયમ ફ્રિડકિનની થ્રિલર ફિલ્મ ધ ફ્રેન્ચ કનેક્શનમાં જિમી ‘પોપેય’ ડોયલની ભૂમિકા માટે બેસ્ટ એકટરનો ઓસ્કાર મળ્યો હતો. ત્યારબાદ વર્ષ 1992માં, તેમને ક્લિન્ટ ઈસ્ટવૂડની પશ્ચિમી ફિલ્મ ‘અનફોર્ગિવન’માં લિટલ બિલ ડેગેટની ભૂમિકા માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો ઓસ્કાર મળ્યો હતો.

# અફઘાનિસ્તાને અપસેટ સર્જ્યો, ઈંગ્લેન્ડ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર

ચેમ્પિયન્સ ટ્રોફીની આઠમી મેચમાં અફઘાનિસ્તાને ઈંગ્લેન્ડને 8 રને હરાવ્યું છે. છેલ્લી ઓવરમાં અઝમતુલ્લાહ ઓમરઝાઈએ 13 રન ડિફેન્ડ કર્યા. બુધવારે, 326 રનના ટાર્ગેટ ચેઝ કરતી ઈંગ્લેન્ડની ટીમ 49.5 ઓવરમાં 317 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ સાથે, ઈંગ્લેન્ડ આ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું છે. લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં અફઘાનિસ્તાને ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ટીમે ઈબ્રાહિમ ઝદરાનની સદીના આધારે 7 વિકેટ ગુમાવીને 325 રન બનાવ્યા. ઝદરાને 146 બોલમાં 177 રનની ઈનિંગ રમી. જેમાં 12 ચોગ્ગા અને 6 છગ્ગાનો સમાવેશ થતો હતો. ઝદરાન આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોર બનાવનાર બેટર બન્યો છે. ઈંગ્લિશ ટીમ માટે જો રૂટે 120 રનની ઈનિંગ રમી હતી. બેન ડકેટ અને જોસ બટલરે 38-38 રન બનાવ્યા. જેમી ઓવરટન ફક્ત 32 રન બનાવી શક્યો. અફઘાનિસ્તાન તરફથી ઓમરઝાઈએ 5 વિકેટ લીધી. મોહમ્મદ નબીએ 2 વિકેટ લીધી.




ઓમરઝાઈએ છેલ્લી ઓવરમાં 13 રન ડિફેન્ડ કર્યા, 5 વિકેટ ઝડપી; ઝદરાને 177 રન ફટકાર્યા

### ઈંગ્લેન્ડ કેવી રીતે બહાર થયું?

ગ્રૂપ-Bમાં 4 ટીમ છે; ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, અફઘાનિસ્તાન અને ઈંગ્લેન્ડ. એક ગ્રૂપમાંથી ફક્ત 2 ટીમ સેમિફાઈનલમાં પહોંચી શકે છે. બધી ટીમના 2-2 મેચ રમ્યા પછી, સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા 3-3 પોઈન્ટ સાથે ટૉપ-2માં છે. હવે અફઘાનિસ્તાને ઈંગ્લેન્ડને હરાવીને 2 પોઈન્ટ મેળવ્યા છે. ત્યારે ટીમ ત્રીજા સ્થાને છે. ઈંગ્લેન્ડ એક પણ મેચ જીતી શક્યું નથી, સાઉથ આફ્રિકા સામેની છેલ્લી મેચ જીતે તો પણ ટીમ ફક્ત 2 પોઈન્ટ સુધી પહોંચી શકશે. જે ટૉપ-2 સ્થાન સુધી પહોંચવા માટે પૂરતું નથી. બીજી તરફ, જો અફઘાનિસ્તાન છેલ્લી મેચમાં ઓસ્ટ્રેલિયાને હરાવે છે તો ટીમ સેમિફાઈનલમાં પહોંચી જશે.

**ઝદરાનને 177 રન ફટકાર્યા :** અફઘાનિસ્તાનની શરૂઆત ખરાબ રહી હતી અને નવમી ઓવર સુધીમાં ટીમે 3 વિકેટ ગુમાવી દીધી હતી. આ ત્રણ વિકેટ સ્ટાર ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરે લીધી હતી અને અફઘાનિસ્તાનને મુશ્કેલીમાં મૂકી દીધી હતી. પરંતુ અહીંથી, ઈંગ્લેન્ડની બોલિંગની હાલત ઓસ્ટ્રેલિયા સામે જેવી જ થઈ ગઈ. ઈબ્રાહિમ ઝદરાન, કેપ્ટન હશમતુલ્લાહ શાહિદી અને અઝમતુલ્લાહ ઓમરઝાઈ સાથે મળીને ટીમને 200 રનનો આંકડો પાર કરાવ્યો. અહીં જ ઝદરાને તેની ODI કારકિર્દીની છઠ્ઠી સદી પૂર્ણ કરી અને પછી મોહમ્મદ નબી સાથે મળીને તેણે માત્ર 55 બોલમાં 111 રનની વિસ્ફોટક ભાગીદારી કરી અને ટીમને 325 રનના મોટા સ્કોર સુધી પહોંચાડી.

**લાહોરમાં ઈબ્રાહિમ ઝદરાને મચાવી ધૂમ :** ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા આવેલા અફઘાનિસ્તાનની શરૂઆત સારી રહી ન હતી. ગુરબાઝ બેટથી કંઈ ખાસ કરી શક્યો નહીં અને માત્ર 6 રન બનાવીને આઉટ થયો. અટલ અને રહેમત શાહ પણ સસ્તામાં પેવેલિયન પરત ફર્યા. 37 રનના સ્કોર પર ત્રણ વિકેટ ગુમાવ્યા બાદ મુશ્કેલીમાં મુકાયેલી દેખાતી અફઘાનિસ્તાનની ઈનિંગને ઈબ્રાહિમ ઝદરાન અને કેપ્ટન શાહિદીએ સ્થિર કરી. ઈબ્રાહિમ ઝદરાને બેટથી જોરદાર ધૂમ મચાવી અને ઈંગ્લિશ બોલરોને આડે હાથ લીધા. અફઘાન બેટ્સમેને 106 બોલમાં પોતાની સદી પૂર્ણ કરી. શાહિદી 40 રન બનાવીને આઉટ થયો. ઝદરાને બીજા છેડેથી પોતાની વિસ્ફોટક બેટિંગ ચાલુ રાખી અને ચેમ્પિયન્સ ટ્રોફીના ઈતિહાસમાં સૌથી મોટી ઈનિંગ રમી. તેને 146 બોલમાં 177 રન બનાવ્યા. ઈબ્રાહિમ ઝદરાને તેની ઈનિંગ દરમિયાન 12 ચોગ્ગા અને 6 છગ્ગા ફટકાર્યા. અંતિમ ઓવરોમાં, મોહમ્મદ નબીએ પણ 24 બોલમાં 40 રન ફટકાર્યા, જેના પરિણામે અફઘાનિસ્તાન 50 ઓવરમાં 7 વિકેટ ગુમાવ્યા બાદ સ્કોરબોર્ડ પર 325 રન બનાવવામાં સફળ રહ્યું.

## સનાએ કહ્યું- ધોની પણ પાકિસ્તાનને જિતાડી ન શકે



(એજન્સી) કરાંચી તા 27

મહિલા ક્રિકેટરે કહ્યું- પસંદગીમાં ભૂલ થઈ હતી; 27 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સાથે મેચ પાકિસ્તાની મહિલા ક્રિકેટર સના મીરે કહ્યું છે કે જો મહેન્દ્ર સિંહ ધોની આ ટીમનો કેપ્ટન હોત તો પણ આ ટીમને જિતાડી શક્યા ન હોત. ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં, યજમાન પાકિસ્તાન તેની બંને મેચ હારીને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું છે. પીટીવી સ્પોર્ટ્સ સાથેની એક મુલાકાતમાં, સનાએ કહ્યું, પાકિસ્તાનનું ભાગ્ય ત્યારે નક્કી થયું જ્યારે તેમણે તેમની ટીમની જાહેરાત કરી. ટીમમાં એકમાત્ર મુખ્ય સ્પિનર અબરાર છે અને તેણે છેલ્લા 5 મહિનામાં માત્ર 2 વિકેટ લીધી છે. પાકિસ્તાનની ભૂતપૂર્વ મહિલા કેપ્ટન સના મીરે 2020માં ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. 23 ફેબ્રુઆરીના રોજ ભારતે પાકિસ્તાનને 6 વિકેટે હરાવ્યું હતું. જ્યારે ટુર્નામેન્ટની પહેલી મેચમાં કિવી ટીમે તેમને 60 રનથી હરાવ્યા હતા. જેના કારણે પાકિસ્તાનની ટીમ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી. 23 ફેબ્રુઆરીના રોજ ભારત સામે પાકિસ્તાનની ટીમ. પાકિસ્તાનની ટીમ ટુર્નામેન્ટમાં તેની છેલ્લી મેચ 27 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે રમશે. જે પછી આ ટુર્નામેન્ટમાં તેની સફર સત્તાવાર રીતે સમાપ્ત થશે. જોકે, જીત કે હાર ટીમની સ્થિતિમાં કોઈ ફરક પાડશે નહીં.

## પાકિસ્તાન સામેની સદીથી કોહલીએ રેન્કિંગમાં કૂદકો માર્યો




### ICC બેટર્સ રેન્કિંગમાં ટૉપ-5માં ત્રણ ભારતીય, ગિલ ટોચ પર યથાવત

(એજન્સી) દુબઈ તા 27

વિરાટ કોહલી 4 વર્ષ સુધી ICCનો નંબર-1 ODI બેટર પણ રહ્યો હતો. ICCએ બુધવારે તેની સાપ્તાહિક રેન્કિંગ અપડેટ કરી છે. ભારતના સ્ટાર બેટર વિરાટ કોહલી બેટિંગ રેન્કિંગમાં પાંચમા ક્રમે પહોંચી ગયો છે. તેણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાન સામેની મેચમાં સદી ફટકારી હતી. બેટર્સ રેન્કિંગમાં શુભમન ગિલ પ્રથમ સ્થાને અને રોહિત શર્મા ત્રીજા સ્થાને છે. બોલરોની રેન્કિંગમાં કુલદીપ યાદવ ત્રીજા ક્રમે છે. શ્રીલંકાના મહિશ થિક્સાના ટોચ પર છે. ઓલરાઉન્ડરોમાં, અફઘાનિસ્તાનના મોહમ્મદ નબી ટોચ પર છે, જ્યારે ભારતનો રવીન્દ્ર જાડેજા વમા ક્રમે છે.

### કોહલીને એક સ્થાનનો ફાયદો થયો

વિરાટ કોહલીએ પાકિસ્તાન સામે સદી ફટકારી હતી. રેન્કિંગમાં આ પ્રદર્શનનો લાભ તેને મળ્યો. તે 743 પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાનેથી પાંચમા સ્થાને પહોંચી ગયો. પાકિસ્તાનનો બાબર આઝમ બીજા સ્થાને છે અને સાઉથ આફ્રિકાનો હેનરિક ક્લાસેન ચોથા સ્થાને છે. ભારતનો શ્રેયસ અય્યર ટૉપ-10માં નવમા ક્રમે છે. કેએલ રાહુલ બે સ્થાન ઉપર ચઢીને 15મા ક્રમે પહોંચી ગયો છે.

**બોલર્સ રેન્કિંગમાં શમીને ફાયદો :** ભારતના મોહમ્મદ શમીએ ICC ODI બોલર્સ રેન્કિંગમાં 1 સ્થાનનો ફાયદો થયો છે. તેણે બાંગ્લાદેશ સામે 5 વિકેટ લીધી હતી. તે 599 પોઈન્ટ સાથે 14મા સ્થાને પહોંચ્યો. મોહમ્મદ સિરાજ 12મા સ્થાને છે અને રવીન્દ્ર જાડેજા 13મા સ્થાને છે. અફઘાનિસ્તાનનો રાશિદ ખાન બીજા સ્થાને અને ભારતનો કુલદીપ યાદવ ત્રીજા સ્થાને છે.

### ઓલરાઉન્ડરોમાં બ્રેસવેલ 26 સ્થાન આગળ વધ્યો

ન્યૂઝીલેન્ડનો માઈકલ બ્રેસવેલે ICC ODI ઓલરાઉન્ડર રેન્કિંગમાં 26 સ્થાનનો ફાયદો મેળવ્યો છે. તે 200 પોઈન્ટ સાથે 11મા સ્થાને પહોંચ્યો. ટૉપ-10માં એકમાત્ર ભારતીય ખેલાડી રવીન્દ્ર જાડેજા નવમા ક્રમે છે. અફઘાનિસ્તાનના મોહમ્મદ નબી ટોચ પર છે.

**ટીમ રેન્કિંગમાં ભારત ટોચ પર :** ભારત ODI ટીમ રેન્કિંગમાં નંબર વન પર યથાવત છે. ટીમના 120 પોઈન્ટ છે. ઓસ્ટ્રેલિયા 110 પોઈન્ટ સાથે બીજા નંબરે છે. દરમિયાન, ચેમ્પિયન્સ ટ્રોફીના છઠ્ઠા દિવસે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયેલું યજમાન પાકિસ્તાન ત્રીજા નંબરે છે. તેના 106 પોઈન્ટ છે.

**પાકિસ્તાન સામેની મેચમાં સદી ફટકારી હતી. :** બેટર્સ રેન્કિંગમાં શુભમન ગિલ પ્રથમ સ્થાને અને રોહિત શર્મા ત્રીજા સ્થાને છે. બોલરોની રેન્કિંગમાં કુલદીપ યાદવ ત્રીજા ક્રમે છે. શ્રીલંકાના મહિશ થિક્સાના ટોચ પર છે. ઓલરાઉન્ડરોમાં, અફઘાનિસ્તાનના મોહમ્મદ નબી ટોચ પર છે, જ્યારે ભારતનો રવીન્દ્ર જાડેજા ક્રમે છે.

## છેતરપિંડીના કેસમાં લક્ષ્ય સેનની અરજી ફગાવી દેવામાં આવી



(એજન્સી) બેંગલુરુ તા 27

કર્ણાટક હાઈકોર્ટે ભારતીય બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેનની ઉંમર છેતરપિંડીના કેસમાં અરજી ફગાવી દીધી છે. હકીકતમાં, 2022માં, લક્ષ્ય, તેના પરિવાર અને કોચ વિમલ કુમાર પર જુનિયર બેડમિન્ટન ટુર્નામેન્ટમાં જન્મ પ્રમાણપત્રો સાથે છેડછાડ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. લક્ષ્યની અરજીની સમીક્ષા કર્યા પછી, કર્ણાટક હાઈકોર્ટે કહ્યું કે કેસમાં એવા પુરાવા છે જે તપાસની જરૂરિયાત દર્શાવે છે. આરોપીઓએ લક્ષ્ય અને ચિરાગ સેનની ઉંમર તેમના જન્મ પ્રમાણપત્રોમાં લગભગ બે વર્ષ અને છ મહિના ઘટાડી દીધી હતી જેથી તેઓ અંડર એજ (ઉંમર) ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકે અને સરકારી લાભો મેળવી શકે.લક્ષ્યે પોતાની અરજીમાં કહ્યું હતું કે ઉંમર છેતરપિંડીનો કેસ તથ્ય પુરાવાને બદલે વ્યક્તિગત ફરિયાદો પર બનાવવામાં આવ્યો હતો. ફરિયાદી એમ.જી. 2020માં જ્યારે તેમની પુત્રીને પ્રકાશ પાદુકોણ બેડમિન્ટન એકેડેમીમાં પ્રવેશ ન મળ્યો ત્યારે નાગરાજ નિરાશ થયા. તેથી જ તેમણે લક્ષ્ય પર હુમલો કર્યો. સેન પરિવારના મતે, આ આરોપમાં કોઈ સત્ય નથી.તેમણે આરોપ લગાવ્યો હતો કે લક્ષ્ય સેનના માતા-પિતા ધીરેન્દ્ર અને નિર્મલા સેન, તેમના ભાઈ ચિરાગ સેન, કોચ વિમલ કુમાર અને કર્ણાટક બેડમિન્ટન એસોસિયેશનના એક કર્મચારીએ જન્મ રેકોર્ડ ખોટા બનાવ્યા છે. ફરિયાદ બાદ, મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે તપાસનો આદેશ આપ્યો અને ડિસેમ્બર 2022માં આરોપી વિરુદ્ધ FIR નોંધવામાં આવી.લક્ષ્યે પેરિસ ઓલિમ્પિક પહેલા મોટાભાગની BWF ટુર્નામેન્ટ રમી હતી. તેમણે રમેલી છેલ્લી ટુર્નામેન્ટ ઈન્ડોનેશિયા ઓપન હતી, જેમાં તેઓ ક્વાર્ટર ફાઈનલમાં હારી ગયો હતો. તે એકેડેમીમાં પહોંચ્યો અને પેરિસ ઓલિમ્પિકની તૈયારી શરૂ કરી. પેરિસમાં, તેણે ગ્રૂપ સ્ટેજમાં ત્રણેય મેચ ફક્ત 2 રમતોમાં જીતી હતી.

## જો રૂટે 2084 દિવસ પછી ફટકારી ODIમાં સદી




(એજન્સી) કરાંચી તા 27

2084 દિવસની લાંબી રાહ જોયા પછી ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન જો રૂટે વનડેમાં સદી ફટકારી હતી. આ સદી ચેમ્પિયન્સ ટ્રોફીમાં અફઘાનિસ્તાન સામે મહત્વપૂર્ણ મુકાબલામાં ખૂબ જ જરૂરી સમય પર આવી હતી. આ રુટની ODI કારકિર્દીની 17મી અને ચેમ્પિયન્સ ટ્રોફીની બીજી સદી હતી.ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન જો રૂટે ચેમ્પિયન્સ ટ્રોફીમાં લડાયક ઈનિંગ રમીને સદી ફટકારી છે. અફઘાનિસ્તાન સામેની મહત્વપૂર્ણ ગ્રુપ મેચમાં આ સદી ફટકારીને રૂટે પોતાની ટીમને મેચમાં જાળવી રાખી. જો રૂટે 98 બોલમાં પોતાની ODI કારકિર્દીની 17મી સદી ફટકારી હતી. ખાસ વાત એ છે કે રૂટની આ સદી 2084 દિવસની લાંબી રાહ જોયા પછી આવી છે. ઉપરાંત, આ ટુર્નામેન્ટના ઈતિહાસમાં આ બીજી વખત છે જ્યારે કોઈ અંગ્રેજી બેટ્સમેને ટ્રિપલ સ્કોરને સ્પર્શ કર્યો છે.આ ઈનિંગથી જો રૂટે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં અફઘાનિસ્તાન સામેની મુશ્કેલ પરિસ્થિતિમાંથી ઈંગ્લેન્ડને બહાર નીકળવામાં મદદ કરી. તેની સામે વિકેટ પડતી રહી પરંતુ આ મહાન બેટ્સમેને અફઘાનિસ્તાનના સ્પિન અને પેસ આક્રમણનો બહાદુરીથી સામનો કર્યો અને 42મી ઓવરમાં 100 રનના આંકડા સુધી પહોંચીને તેની લાંબી રાહનો અંત લાવ્યો.ઈંગ્લેન્ડે માત્ર 30 રનમાં 2 વિકેટ ગુમાવી દીધા બાદ ક્રીઝ પર આવેલા જો રૂટે પહેલા બેન ડકેટ સાથે અડધી સદીની ભાગીદારી કરી અને પછી કેપ્ટન જોસ બટલર સાથે 83 રન ઉમેર્યા. આ બેટ્સમેનો આઉટ થઈ ગયા પરંતુ રૂટ મક્કમ રહ્યો અને 42મી ઓવરમાં 1 રન લઈને પોતાની સદી પૂર્ણ કરી. રૂટની આ સદી 2019ના વર્લ્ડ કપ પછી આવી છે. બરાબર 2084 દિવસની રાહ પૂરી થઈ દિવસ પહેલા, તેણે 14 જૂને વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝ સામે 100 રનની ઈનિંગ રમી હતી. ત્યારથી, તે આ ફોર્મેટમાં સતત સદી ચૂકી રહ્યો હતો. હવે, મુશ્કેલ સમયે, તેણે આ રાહનો અંત લાવ્યો.રૂટે આ સદી 98 બોલમાં પૂર્ણ કરી, જે તેની ODI કારકિર્દીમાં 17મી સદી અને ચેમ્પિયન્સ ટ્રોફીના ઈતિહાસમાં બીજી સદી છે. આ પહેલા 2017 ચેમ્પિયન્સ ટ્રોફીમાં રૂટે બાંગ્લાદેશ સામે સદી ફટકારી હતી.

## શું કોહલીએ BCCIના નિયમો તોડ્યા?

(એજન્સી) દુબઈ તા 27

પાકિસ્તાનને હરાવ્યા બાદ ટીમ ઈન્ડિયાને તેની આગામી મેચ પહેલા 6 દિવસનો વિરામ મળ્યો. આ વિરામ દરમિયાન ટીમ ઈન્ડિયાના તમામ ખેલાડીઓ આરામ કરી રહ્યા છે અને હવે ટ્રેનિંગ પર પાછા ફર્યા છે, જ્યારે વિરાટ કોહલી આ દરમિયાન IPL માટે શૂટિંગ કરતો જોવા મળ્યો હતો. જે બાદ કોહલીએ BCCIનો નિયમ તોડ્યો હોવાની ચર્ચા સોશિયલ મીડિયા પર શરૂ થઈ છે. ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની સેમીફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. સેમીફાઈનલ પહેલા ટીમ ઈન્ડિયાને ગ્રુપ સ્ટેજમાં પોતાની છેલ્લી મેચ ન્યુઝીલેન્ડ સામે રમવાની છે પરંતુ તે પહેલા પણ ટીમ ઈન્ડિયાને બ્રેક મળી ગયો છે. આ વિરામમાં, ભારતીય ખેલાડીઓએ થોડો આરામ કર્યા પછી ફરીથી ટ્રેનિંગ શરૂ કરી દીધી છે, પરંતુ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ પણ IPL માટે તૈયારી શરૂ કરી દીધી છે, જેના કારણે પ્રશ્નો ઉભા થવા લાગ્યા છે કે શું કોહલીએ BCCI ના નિયમો તોડ્યા છે?

## IPL 2025 ધોનીની છેલ્લી સિઝન હશે !

(એજન્સી) ચેન્નાઈ તા 27

IPL 2025 સિઝન પહેલા તૈયારીઓ માટે ચેન્નાઈ સુપર કિંગ્સનો ટ્રેનિંગ કેમ્પ શરૂ થઈ રહ્યો છે અને આ માટે, ભૂતપૂર્વ કેપ્ટન એમએસ ધોની બુધવારે ચેન્નાઈ પહોંચ્યો હતો. જ્યારે તે ચેન્નાઈ પહોંચ્યો ત્યારે તેના ચાહકો ખૂબ ખુશ હતા પરંતુ તેના ટી-શર્ટ પર લખેલા મેસેજે બધાને નિરાશ કર્યા હતા. IPL 2025 ધોનીની છેલ્લી સિઝન હશે ! 'થાલા'એ ટી-શર્ટ પર કોડ વર્ડમાં આપ્યો સંકેત હાલ બધાનું ધ્યાન ચેમ્પિયન્સ ટ્રોફી પર છે, જ્યાં ટીમ ઈન્ડિયા સેમીફાઈનલમાં પહોંચી ગઈ છે. પરંતુ IPL 2025 સિઝન પણ દૂર નથી અને આ અંગે હલચલ પણ શરૂ થઈ ગઈ છે. લીગની 18મી સિઝન 22 માર્ચથી શરૂ થઈ રહી છે અને ફરી એકવાર બધાના મનમાં એક જ પ્રશ્ન છે - શું આ એમએસ ધોનીની છેલ્લી સિઝન છે? અત્યાર સુધી આ પ્રશ્નનો કોઈ ચોક્કસ જવાબ નહોતો, પણ હવે એવું લાગે છે કે ધોનીએ પોતે જ તેની જાહેરાત કરી દીધી છે. એમએસ ધોની ચેન્નાઈ પહોંચ્યો લીગની નવી સિઝન પહેલા, 5 વખતની ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ દર વર્ષની જેમ થોડા દિવસ પહેલા જ પોતાનો પ્રેક્ટિસ કેમ્પ શરૂ કરી રહી છે. આ વર્ષના કેમ્પ માટે ફ્રેન્ચાઈઝીના ખેલાડીઓએ ચેન્નાઈ પહોંચવાનું શરૂ કરી દીધું છે. ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને આ ફ્રેન્ચાઈઝીની ધડકન ધોની આ કેમ્પમાં ભાગ લેવા માટે બુધવાર, 26 ફેબ્રુઆરીના રોજ ચેન્નાઈ પહોંચ્યો હતો. અહીં ટીમના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે તેના માર્ગદર્શક ધોનીનું ગળે લગાવીને સ્વાગત કર્યું હતું. ધોનીની ટી-શર્ટ પરના મેસેજે હંગામો મચાવ્યો ધોનીના આગમનથી ચેન્નાઈ સુપર કિંગ્સના ચાહકોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ હતી, પરંતુ ચેન્નાઈમાં તેણે પહેરેલી કાળી ટી-શર્ટે વધુ ધ્યાન ખેંચ્યું છે અને તેનાથી ચેન્નાઈના ચાહકો નારાજ થયા છે. વાત એ છે કે ધોનીના આ ટી-શર્ટમાં ડોટ અને ડેશ સાથે કેટલીક ડિઝાઈન બનાવવામાં આવી હતી. કેટલાક સ્માર્ટ યુઝર્સે તે સમજી લીધું અને કહ્યું કે તે ખરેખર 'મોર્સ કોડ' માં લખેલો મેસેજ છે. 19મી અને 20મી સદીમાં ગુપ્ત સંદેશા મોકલવા માટે મોર્સ કોડનો ઉપયોગ થતો હતો, અને લશ્કરમાં પણ તેનો વ્યાપક ઉપયોગ થતો હતો. હવે એ વાત કોઈથી છુપાયેલી નથી કે ધોની ભારતીય સેના પ્રત્યે કેટલો ઉત્સાહી છે અને આ જ કારણ છે કે કેટલાક યુઝર્સે તેના ટી-શર્ટ પર લખેલા કોડને ડીકોડ કર્યો અને જે સંદેશ નીકળ્યો તે ચેન્નાઈના ચાહકોના દિલ તોડી નાખશે. વાસ્તવમાં અંગ્રેજીમાં મોર્સ કોડમાં લખાયેલા આ સંદેશનો અર્થ છે - 'વન લાસ્ટ ટાઈમ' (એક છેલ્લી વાર). આનાથી ધોનીના ચાહકો નિરાશ થયા છે અને એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ધોનીએ જાહેરાત કરી છે કે આ તેની છેલ્લી IPL સિઝન હશે. હવે આ ડર સાચો સાબિત થશે કે નહીં, તે તો સિઝન પૂરી થયા ફ્રેન્ચાઈઝીની ધડકન ધોની આ કેમ્પમાં ભાગ લેવા માટે બુધવાર, 26 ફેબ્રુઆરીના રોજ ચેન્નાઈ પહોંચ્યો હતો. અહીં ટીમના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે તેના માર્ગદર્શક ધોનીનું ગળે લગાવીને સ્વાગત કર્યું હતું. ધોનીની ટી-શર્ટ પરના મેસેજે હંગામો મચાવ્યો ધોનીના આગમનથી ચેન્નાઈ સુપર કિંગ્સના ચાહકોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ હતી.




## અફઘાન ખેલાડીએ સદી ફટકાર્યા બાદ નમસ્તે કરતા પાકિસ્તાની ચાહકે તેના ધર્મ પર ઉઠાવ્યા સવાલ

(એજન્સી) કરાંચી તા 27

ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની એક મેચમાં અફઘાનિસ્તાનના યુવા બેટ્સમેન ઈબ્રાહિમ ઝદરાને શાનદાર સદી ફટકારી હતી. આ સદી ફટકારવા બદલ કરોડો ક્રિકેટ ફેન્સ ઝદરાનના વખાણ કરી રહ્યા છે, ત્યારે કેટલાક પાકિસ્તાનીઓએ તેના ધર્મ પર સવાલ ઉઠાવવાનું શરૂ કરી દીધું છે. પાકિસ્તાન ક્રિકેટ ટીમ પોતાના જ ઘરમાં રમાઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી બહાર થઈ ગઈ છે. પાકિસ્તાની ચાહકો ટીમના પ્રદર્શનથી ખૂબ જ ગુસ્સે છે અને પોતાના જ ખેલાડીઓની આકરી ટીકા કરી રહ્યા છે. પરંતુ કેટલાક પાકિસ્તાની ચાહકો હવે અફઘાન ક્રિકેટરને નિશાન બનાવી રહ્યા છે અને તેના ધર્મ પર પ્રશ્નો ઉભા કરી રહ્યા છે. આ ખેલાડી ઈબ્રાહિમ ઝદરાન છે, જેણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ઈંગ્લેન્ડ સામેની મેચમાં શાનદાર સદીની ઈનિંગ રમી હતી. ઝદરાને 146 બોલમાં 177 રન ફટકાર્યા લાહોરમાં બુધવાર 26 ફેબ્રુઆરીના રોજ ચેમ્પિયન્સ ટ્રોફીની આઠમી મેચમાં અફઘાનિસ્તાનના બેટ્સમેન ઈબ્રાહિમ ઝદરાનના બેટની તાકાત જોવા મળી. અફઘાનિસ્તાન પ્રથમ બેટિંગ કરી રહ્યું હતું અને રન ફટકાર્યા હતા, જે ચેમ્પિયન્સ ટ્રોફીના ઈતિહાસમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોરનો નવો રેકોર્ડ છે. આ ઈનિંગ સાથે, ઝદરાને અફઘાનિસ્તાનને 325 રનના મજબૂત સ્કોર સુધી પહોંચાડ્યો.

## 23 વર્ષીય ખેલાડીએ ઐતિહાસિક સદી ફટકારી

(એજન્સી) નવી દિલ્હી તા 27

26 ફેબ્રુઆરી, બુધવારના રોજ લાહોરના ગદ્દાફી સ્ટેડિયમ ખાતે ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની આઠમી મેચમાં ઈંગ્લેન્ડ સામે અફઘાનિસ્તાને પહેલા બેટિંગ કરતા 50 ઓવરમાં 7 વિકેટ ગુમાવી 325 રન બનાવ્યા હતા અને ઈંગ્લેન્ડને જીતવા 326 રનનો ટાર્ગેટ આપ્યો હતો. 23 વર્ષના અફઘાન ઓપનરે ઐતિહાસિક સદી ફટકારી હતી. અફઘાનિસ્તાનના યુવા ઓપનર ઈબ્રાહિમ ઝદરાને ઈંગ્લેન્ડ સામેની ચેમ્પિયન્સ ટ્રોફી મેચમાં ઐતિહાસિક સદી ફટકારી છે. ટીમનો ઓપનર ઈતિહાસમાં સદી ફટકારનાર પ્રથમ લાહોરમાં ચેમ્પિયન્સ ટ્રોફીની આઠમી મેચમાં અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરતા ત્રણ વિકેટો શરૂઆતમાં ગુમાવી દીધી હતી.

## 8 દિવસમાં ચંદ્ર પર પહોંચશે; બે મહિનામાં બીજું મિશન; પહેલું લેન્ડર 22 ફેબ્રુઆરીએ પલટી ગયું હતું

# સ્પેસએક્સ મૂન મિશન સફળતાપૂર્વક લોન્ચ

(એજન્સી) વોશિંગ્ટન તા 27

યુએસ ખાનગી અવકાશ કંપની સ્પેસએક્સનું બીજું મૂન મિશન, એથેના IM-2, આજે સવારે ભારતીય સમય મુજબ 5:45 વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું હતું. તેને અમેરિકાના કેનેડી સ્પેસ સેન્ટરથી ફાલ્કન 9 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. છેલ્લા બે મહિનામાં સ્પેસએક્સ દ્વારા ચંદ્ર પર મોકલવામાં આવેલું આ બીજું લેન્ડર છે. 15જાન્યુઆરી, 2025ના રોજ, પ્રથમ ચંદ્ર લેન્ડર ઓડીસિયમ IM-૨ અવકાશમાં મોકલવામાં આવ્યું હતું. 22 ફેબ્રુઆરીના રોજ, તેણે ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કર્યું, પરંતુ થોડા સમય પછી તે પલટી ગયું. પ્રથમ લેન્ડર નિષ્ફળ ગયા પછી, સ્પેસએક્સે પાંચ દિવસ પછી બીજું ચંદ્ર મિશન શરૂ કર્યું. મૂન લેન્ડર ચંદ્ર પર એક પર્વત પર ઉતરશે. તેમાંથી બહાર આવ્યા પછી, રોવર ચંદ્રના અંધારાવાળા ભાગમાંથી નમૂનાઓ એકત્રિત કરશે. મૂન લેન્ડર ચંદ્ર પર એક પર્વત પર ઉતરશે. તેમાંથી બહાર આવ્યા પછી, રોવર ચંદ્રના અંધારાવાળા ભાગમાંથી નમૂનાઓ એકત્રિત કરશે. ડ્રેગન અવકાશયાન 7 અવકાશયાત્રીઓને અવકાશમાં લઈ જવા અવકાશયાન છે જે મનુષ્યોને અવકાશ મથક પર લઈ જાય છે. ડ્રેગનની પહેલી ટેસ્ટ ફ્લાઈટ 2010માં થઈ હતી. લેન્ડર ચંદ્ર પર ક્યારે ઉતરશે? આ ચંદ્ર લેન્ડર પૃથ્વીથી ચંદ્ર સુધીનું અંતર 8 દિવસમાં કાપશે. ચંદ્ર પર તેનું સોફ્ટ લેન્ડિંગ 6 માર્ચે થશે.



**તેનું નામ એથેના IM-2 કેમ રાખવામાં આવ્યું?** તે ઈન્ટ્યુટિવ મશીન્સ (IM) નામની કંપની દ્વારા બનાવવામાં આવ્યું છે. ચંદ્ર લેન્ડરનું નામ પણ આના પરથી રાખવામાં આવ્યું છે. ચંદ્રના કયા ભાગ પર ઉતરાણ થશે? એથેના મૂન લેન્ડર ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક મોન્સ માઉટન પર ઉતરશે. તે ચંદ્ર પર સ્થિત સૌથી મોટો પર્વત છે. જે 100 કિમીમાં ફેલાયેલું છે અને સપાટીથી 20 હજાર ફૂટ ઊંચું છે.આ મિશનનો ઉદ્દેશ્ય ચંદ્રની સપાટીથી સંબંધિત નવી માહિતી એકત્રિત કરવાનો છે. લેન્ડર પર હાજર રોવરમાં ડ્રિલ મશીન લગાવેલું છે. તે લગભગ 10 કવાયત કરશે. એક વખત ડ્રિલિંગમાં લગભગ 10 સેમી ખોદકામનો સમાવેશ થશે. એટલે કે મશીન કુલ એક મીટરની ઊંડાઈ સુધી જશે અને અંદરથી નમૂનાઓ એકત્રિત કરશે.

**ચંદ્ર લેન્ડરમાં શું છે?** લેન્ડર એક નાનું રોબોટિક માઈક્રો નોવા હોપર વહન કરે છે, જેનું નામ GRACE છે. આ ઉપરાંત, ચાર પૈડાવાળું માઈક્રોવેવ કદનું રોવર પણ છે, જે ચંદ્રની સપાટી પર ડેટા એકત્રિત કરશે. મિશનનો હેતુ શું છે? નાસાએ એક વિડિઓ દ્વારા ચંદ્ર લેન્ડરના મિશન વિશે સમજાવ્યું, તે કેવી રીતે ડ્રિલિંગ દ્વારા ડેટા એકત્રિત કરશે. નાસાએ એક વિડિઓ દ્વારા ચંદ્ર લેન્ડરના મિશન વિશે સમજાવ્યું, તે કેવી રીતે ડ્રિલિંગ દ્વારા ડેટા એકત્રિત કરશે.ફાલ્કન-9 રોકેટ જેની મદદથી મૂન લેન્ડર લોન્ચ કરવામાં આવશે. તે સ્પેસએક્સ દ્વારા બનાવવામાં આવેલ ફરીથી વાપરી શકાય તેવું, બે-તબક્કાનું રોકેટ છે જે અવકાશયાત્રીઓ અને પેલોડ્સને પૃથ્વીની ભ્રમણકક્ષા અને તેનાથી આગળ લઈ જવા માટે બનાવવામાં આવ્યું છે.

# પગાર ન મળતાં ભારતીયો ઓમાનમાંથી બોટ દ્વારા ભાગ્યા જીપીએસની મદદથી દરિયાઈ માર્ગે 3000 કિમીનું અંતર કાપ્યું

(એજન્સી) મસ્કત તા 27

ઓમાનમાં કામ કરતા ત્રણ ભારતીયો પગાર ન મળવાથી નારાજ થઈને ભારત ભાગી ગયા. દેશમાં પાછા ફરવા માટે તેણે દરિયાઈ માર્ગ પસંદ કર્યો અને એક હોડી ચોરી લીધી. તેમણે હોડી દ્વારા 3000 કિમીની મુસાફરી પણ કરી હતી, પરંતુ 6 દિવસ પછી તેમને કર્ણાટકના ઉડુપી કિનારા નજીક ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા પકડી લેવામાં આવ્યા હતા. સોમવારે ત્રણેયને ઉડુપીની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. આ ઘટનાની માહિતી હવે સામે આવી છે. આખો મામલો વિગતવાર વાંચો... ૧૧. જ્યારે ઓમાની કંપનીએ તેનો પાસપોર્ટ જપ્ત કર્યો, ત્યારે તે બોટ દ્વારા ભાગી ગયો. જેમ્સ ફ્રેન્કલિન મોસેસ (50), રોબિન્સ્ટન (50) અને ડેરોઝ આલ્ફોન્સો (38) તમિલનાડુના છે. ત્રણેય ઓમાનમાં એક માછીમારી કંપનીમાં કામ કરતા હતા. અહીં તેને સમયસર પગાર મળતો ન હતો અને તેને હેરાન કરવામાં આવી રહ્યો હતો. આવી સ્થિતિમાં, ત્રણેયે ઘરે પાછા ફરવાનું નક્કી કર્યું. પરંતુ, ઓમાની કંપનીએ આ લોકોના પાસપોર્ટ જપ્ત કરી લીધા હતા, તેથી તેમની પાસે દરિયાઈ માર્ગ સિવાય ઘરે પાછા ફરવાનો બીજો કોઈ રસ્તો નહોતો. ત્રણેય માછીમારીની હોડીમાં ભાગી જાય છે. ૩. GPS ઉપકરણની મદદથી 3000 કિમીનું અંતર કાપ્યું માહિતી મળતાં, ભારતીય કોસ્ટ ગાર્ડ અને કોસ્ટલ સિક્યુરિટી પોલીસે સાંજે લગભગ 4.30 વાગ્યે સેન્ટ મેરી ટાપુ નજીકથી ત્રણેયને પકડી લીધા. આ બધા પર પાસપોર્ટ એક્ટ, 1920ની કલમ 3 અને ભારતીય દરિયાઈ ક્ષેત્ર એક્ટ, 1981ની કલમ 10, 11 અને 12 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ બોટની મદદથી, ત્રણેય ભારતીયો 3 હજાર કિમીનો પ્રવાસ કરીને ભારતીય સરહદ પર પહોંચ્યા. પૂછપરછ દરમિયાન, એવું બહાર આવ્યું કે આ લોકો ફક્ત એક GPS ઉપકરણની મદદથી લગભગ 3000 કિલોમીટરની દરિયાઈ યાત્રા કરીને કારવાર કિનારે થઈને સેન્ટ મેરી ટાપુ પર પહોંચ્યા હતા. કોસ્ટલ સિક્યુરિટી પોલીસના એસપી મિથુન એચએનએ આ કેસમાં કોઈપણ આતંકવાદી એંગલ હોવાનો ઈનકાર કર્યો છે.



**જ્યારે તેઓ ભારતીય સરહદમાં પ્રવેશ્યા, ત્યારે એક માછીમારોએ પોલીસને જાણ કરી.**

આ ત્રણેય 17 ફેબ્રુઆરીના રોજ બપોરે 3 વાગ્યે પૂર્વી ઓમાનના દુક્મ બંદરેથી નીકળ્યા હતા. 6 દિવસની મુસાફરી પછી, 23 ફેબ્રુઆરીના રોજ, તેઓ ઉડુપીમાં સેન્ટ મેરી ટાપુ નજીક બોટ દ્વારા ભારતીય પાણીમાં પ્રવેશ્યા. ઓમાની બોટ જોઈને એક સ્થાનિક માછીમારએ દરિયાકાંઠાની સુરક્ષા પોલીસને તેની જાણ કરી. આ બોટની મદદથી, ત્રણેય ભારતીયો 3 હજાર કિમીનો પ્રવાસ કરીને ભારતીય સરહદ પર પહોંચ્યા.

## બીજો કોઈ રસ્તો નહોતો. ત્રણેય માછીમારીની હોડીમાં ભાગી જાય છે.

આખો મામલો વિગતવાર વાંચો... ૧૧. જ્યારે ઓમાની કંપનીએ તેનો પાસપોર્ટ જપ્ત કર્યો, ત્યારે તે બોટ દ્વારા ભાગી ગયો. જેમ્સ ફ્રેન્કલિન મોસેસ (50), રોબિન્સ્ટન (50) અને ડેરોઝ આલ્ફોન્સો (38) તમિલનાડુના છે. ત્રણેય ઓમાનમાં એક માછીમારી કંપનીમાં કામ કરતા હતા. અહીં તેને સમયસર પગાર મળતો ન હતો અને તેને હેરાન કરવામાં આવી રહ્યો હતો. આવી સ્થિતિમાં, ત્રણેયે ઘરે પાછા ફરવાનું નક્કી કર્યું. પરંતુ, ઓમાની કંપનીએ આ લોકોના પાસપોર્ટ જપ્ત કરી લીધા હતા, તેથી તેમની પાસે દરિયાઈ માર્ગ સિવાય ઘરે પાછા ફરવાનો બીજો કોઈ રસ્તો નહોતો. ત્રણેય માછીમારીની હોડીમાં ભાગી જાય છે. આ લોકોના પાસપોર્ટ જપ્ત કરી લીધા હતા, તેથી તેમની પાસે દરિયાઈ માર્ગ સિવાય ઘરે પાછા ફરવાનો બીજો કોઈ રસ્તો નહોતો. ત્રણેય માછીમારીની હોડીમાં ભાગી જાય છે. ૩. GPS ઉપકરણની મદદથી 3000 કિમીનું અંતર કાપ્યું.

# ટ્રમ્પને ચેતવણી- રશિયા સાથે ઉતાવળમાં કરાર ન કરો

## ફ્રાન્સના રાષ્ટ્રપતિએ કહ્યું- રશિયાએ દર વખતે યુદ્ધવિરામ તોડ્યો

(એજન્સી) વોશિંગ્ટન ડીસી તા 27

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને મંગળવારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને યુક્રેન યુદ્ધ અંગે રશિયા સાથે સોદો કરવા ઉતાવળ ન કરવા ચેતવણી આપી હતી. મેક્રોન ટ્રમ્પને મળવા માટે અમેરિકા પહોંચ્યા હતા, મુલાકાત પછી તેમણે ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં આ વિશે વાત કરી. મેક્રોને કહ્યું કે રશિયા અને યુક્રેન વચ્ચે થોડા અઠવાડિયામાં યુદ્ધવિરામ કરાર થવાની પૂરી શક્યતા છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ટ્રમ્પને યુરોપિયન દેશોના પ્રતિનિધિ તરીકે મળ્યા હતા, કારણ કે યુરોપના લગભગ તમામ દેશોને તેમની સુરક્ષા અંગે સમાન ચિંતાઓ છે. મેક્રોને કહ્યું- 2014માં રશિયા સાથે અમારો શાંતિ કરાર થયો હતો. હું તમને અંગત અનુભવથી કહી શકું છું.



## સૌ પ્રથમ રશિયા અને અમેરિકા વચ્ચે વાતચીત થવી જોઈએ

મેક્રોને કહ્યું કે મારા મતે યુદ્ધવિરામ કરારનો ક્રમ એવો હોવો જોઈએ કે પહેલા અમેરિકા અને રશિયા વચ્ચે અને પછી અમેરિકા અને યુક્રેન વચ્ચે વાતચીત થાય. રાષ્ટ્રપતિ ટ્રમ્પે મંગળવારે જાહેરાત કરી કે તેઓ યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથે મળવા માટે તૈયાર છે, આ ખૂબ જ મહત્વપૂર્ણ બાબત છે. તેમણે કહ્યું કે આગામી અઠવાડિયામાં યુદ્ધવિરામ થઈ શકે છે. રશિયાએ આનો આદર કરવો જોઈએ. જો આવું નહીં થાય તો સ્પષ્ટ થઈ જશે કે પુતિન શાંતિ કરાર અને યુક્રેનની સાર્વભૌમત્વ પ્રત્યે ગંભીર નથી. મેક્રોન સોમવારે ટ્રમ્પને મળવા માટે અમેરિકા પહોંચ્યા હતા. અહીં તેમણે કહ્યું કે યુક્રેનને યુક્રેન યુદ્ધ રોકવા માટે અમેરિકા અને રશિયાએ 18 ફેબ્રુઆરીએ સાઉદી અરેબિયામાં એક બેઠક યોજી હતી.

**જો યુક્રેન એકલું પડી જાય તો તેના પર હુમલાનો ભય છે :** રાષ્ટ્રપતિ મેક્રોને કહ્યું કે જ્યારે યુદ્ધવિરામ અમલમાં આવશે, ત્યારે અમે યુક્રેનની સુરક્ષા ગેરંટી અને રશિયન કબજામાંથી યુક્રેનિયન જમીન પાછી લેવાના મુદ્દા પર ચર્ચા કરીશું. યુક્રેનના રાષ્ટ્રપતિની જવાબદારી રહેશે કે તેઓ પોતાના દેશના હિતોનું રક્ષણ કરે. તેમણે કહ્યું કે જો યુક્રેનિયન ખનિજો અંગે અમેરિકા અને યુક્રેન વચ્ચે કોઈ કરાર થાય છે, તો ફ્રાન્સ અને બાકીના યુરોપને તેની સાથે કોઈ સમસ્યા રહેશે નહીં.

# થાઈલેન્ડમાં ભયાનક માર્ગ અકસ્માત; ચાર્ટર્ડ બસ પલટી જતાં 18નાં મોત અનેક ઘાયલ

(એજન્સી) થાઈલેન્ડ તા 27

પૂર્વી થાઈલેન્ડમાં એક ભયાનક માર્ગ અકસ્માતે અનેક લોકોના જીવ લીધા છે. જણાવવામાં આવી રહ્યું છે કે બુધવારની વહેલી સવારે એક ચાર્ટર્ડ બસ અચાનક કાબૂ બહાર નીકળી ગઈ અને પલટી ગઈ, જેના કારણે 18 લોકોના મોત થયા અને 31 લોકો ઘાયલ થયા.

અધિકારીઓએ જણાવ્યું કે તમામ ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી ઘણાની હાલત ગંભીર છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ દુર્ઘટના પ્રાચીનબુરી પ્રાંતમાં થઈ હતી. આ પુરુષો મ્યુનિસિપલ સ્ટડી ટૂર પર ઉત્તર થાઈલેન્ડથી દરિયાકાંઠાના રેયોંગ પ્રાંતની મુલાકાત લઈ રહ્યા હતા. માર્ગ પરિવહન વિભાગે જણાવ્યું હતું કે તે માર્ગ અકસ્માતોની તપાસમાં પોલીસ સાથે સંકલન કરશે અને તમામ જાહેર પરિવહન વાહનોનું નિરીક્ષણ કરશે. જેથી તેઓ સલામતીના ધોરણોને પૂર્ણ કરે તેની ખાતરી કરી શકાય. થાઈલેન્ડમાં અવારનવાર રોડ અકસ્માતો થાય છે થાઈલેન્ડમાં માર્ગ અકસ્માતો અત્યંત સામાન્ય છે.



રોડ સેફ્ટી અહીં મોટી સમસ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, માર્ગ અકસ્માતથી થતા મૃત્યુના સંદર્ભમાં થાઈલેન્ડ 175 સભ્ય દેશોમાંથી નવમા ક્રમે છે. આના પરથી તમે થાઈલેન્ડમાં રોજબરોજ થતા અકસ્માતોનો ખ્યાલ મેળવી શકો છો. ઘણા લોકો થાઈલેન્ડ પર્યટન માટે આવે છે. ઘણીવાર તેઓ માર્ગ અકસ્માતમાં જીવ પણ ગુમાવે છે.

## વોશિંગ્ટનમાં વિમાન અને હેલિકોપ્ટર વચ્ચે ટક્કર, 67 લોકોનાં મોત

# અમેરિકાના એરપોર્ટ પર બે વિમાન ટકરાતાં બચ્યાં

(એજન્સી) વોશિંગ્ટન ડીસી તા 27

શિકાગો મિડવે એરપોર્ટ પર એક મોટી દુર્ઘટના ટળી. જ્યારે સાઉથવેસ્ટ એરલાઈન્સનું વિમાન ઉતરાણ કરી રહ્યું હતું ત્યારે બીજું વિમાન રનવે પર આવ્યું. આ સમગ્ર ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે. મંગળવારે સવારે અમેરિકાના શિકાગોના મિડવે એરપોર્ટ પર પાઈલટની હાજરીની સમજદારીને કારણે બે વિમાન ટકરાતાં રહી ગયાં હતાં. સાઉથવેસ્ટ એરલાઈન્સનું વિમાન એરપોર્ટ પર ઊતરવાનો પ્રયાસ કરી રહ્યું હતું ત્યારે બીજું વિમાન, ચેલેન્જર 350 ખાનગી જેટ રનવે પર આવ્યું. આવી સ્થિતિમાં સાઉથવેસ્ટ એરલાઈન્સનું વિમાન જમીનને સ્પર્શ કરવાથી માત્ર 50 ફૂટ દૂર હતું, પરંતુ એને અચાનક હવામાં જવું પડ્યું. બાદમાં વિમાનને શિકાગો એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતારવામાં આવ્યું. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન આ મામલાની તપાસ કરી રહ્યું છે. જોકે બીજા વિમાનને પરવાનગી વિના રન-વેમાં પ્રવેશવા બદલ દોષી ઠેરવવામાં આવ્યું હતું. મિડવે એર ટ્રાફિક કંટ્રોલે જણાવ્યું હતું કે ખાનગી જેટના પાઈલટને રન-વેથી દૂર રહેવા માટે ઓછામાં ઓછા નવ વખત ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ પાઈલટે દેખીતી રીતે એ સૂચનાઓની અવગણના કરી.અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં 29 જાન્યુઆરીની રાત્રે એક પેસેન્જર વિમાન અને હેલિકોપ્ટર વચ્ચે ટક્કર થઈ હતી. અકસ્માત બાદ બંને પોટોમેક નદીમાં પડી ગયાં. વિમાનમાં 64 લોકો સવાર હતા, જેમાં 4 ક્રૂ-મેમ્બરનો સમાવેશ થાય છે. હેલિકોપ્ટરમાં 3 લોકો હતા. આ અકસ્માતમાં બધા 67 લોકોનાં મોત થયાં હતાં. અધિકારીઓએ બધાના મૃત્યુની પુષ્ટિ કરી છે. અકસ્માત બાદ અમેરિકન એરલાઈન્સનું વિમાન પોટોમેક નદીમાં ત્રણ ટુકડામાં મળી આવ્યું હતું. વિમાન અને હેલિકોપ્ટર બંનેના ફ્લાઈટ ડેટા રેકોર્ડર (FDR અથવા બ્લેક બોક્સ) પણ મળ્યાં હતાં. આ ઘટના રોનાલ્ડ રીગન એરપોર્ટ નજીક બની હતી. આ અકસ્માત યુએસ એરલાઈન્સના CRJ700 બોમ્બાર્ડિયર જેટ અને આર્મી બ્લેક હોક (H-60) હેલિકોપ્ટર વચ્ચે થયો હતો. અમેરિકન



# યુદ્ધવિરામ બાદ ઠંડીનો પ્રકોપ; 6 બાળકોના મોત

(એજન્સી)ગાઝા તા 27

ગાઝામાં યુદ્ધવિરામ થઈ ગયો છે. પરંતુ અહીં તબાહીના કારણે સ્થિતિ ખરાબ છે. ગાઝા પટ્ટીમાં ચાલી રહેલી ઠંડીના મોજાને કારણે છેલ્લા બે સપ્તાહમાં મૃત્યુ પામનાર શિશુઓની સંખ્યા વધીને છ થઈ ગઈ છે. ઈઝરાયેલના હુમલાથી તબાહ થઈ ગયેલા આ વિસ્તારમાં ઠંડા હવામાને તબાહી મચાવી દીધી છે. ગાઝા હેલ્થ ઓથોરિટીના ડાયરેક્ટર જનરલ મુનીર અલ-બુર્શે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ગંભીર ઠંડીના કારણે મૃત્યુ પામનારા બાળકોની સંખ્યા વધીને છ થઈ છે. શિયાળાની શરૂઆતથી અત્યાર સુધીમાં ઠંડીના કારણે જીવ ગુમાવનારા બાળકોની કુલ સંખ્યા 15 થઈ ગઈ છે. અલ-બુર્શે ચેતવણી આપી હતી કે આરોગ્ય સંકટ વધુ ખરાબ થઈ શકે છે, કારણ કે તબીબી સુવિધાઓને નુકસાન આ પ્રદેશમાં આરોગ્ય



સેવાઓને અસર કરી રહ્યું છે. અધિકારીએ જણાવ્યું હતું કે હોસ્પિટલો, ખાસ કરીને બાળ ચિકિત્સાલયો, સંસાધનોની અછત અને વારંવાર પાવર કટને કારણે જરૂરી સારવાર આપવામાં મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. અગાઉ મંગળવારે ગાઝા સિટીમાં 'ફ્રેન્ડ્સ ઑફ ધ પેશન્ટ' ચેરિટેબલ હોસ્પિટલના ડિરેક્ટર સઈદ સલાહે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક કલાકોમાં અતિશય ઠંડી અને આશ્રયસ્થાનોમાં ગરમીના અભાવને કારણે ઓછામાં ઓછા ત્રણ શિશુઓ મૃત્યુ પામ્યા છે. ગાઝામાં તાજેતરના દિવસોમાં ભારે પવન, ભારે વરસાદ અને ભારે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ખરાબ હવામાનને કારણે, સેંકડો તંબુઓ ઉખડી ગયા છે અને ઘણા શરણાર્થી શિબિરોમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે હજારો પરિવારોની સમસ્યાઓમાં વધારો થયો છે. નજીકના પૂર્વમાં પેલેસ્ટાઈન શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્રની રાહત અને કાર્ય એજન્સીએ અગાઉ ગાઝામાં નવજાત શિશુઓ માટે વધતા જોખમોની ચેતવણી આપી છે. એજન્સીએ અહેવાલ આપ્યો હતો કે બગડતી પરિસ્થિતિ અને સલામત આશ્રયસ્થાનોની તીવ્ર અછતને કારણે, 7,700 બાળકોને જરૂરી તબીબી સંભાળ મળી રહી નથી.

# પાંચ દેશ સાથે ચાલે છે વેપાર, લિસ્ટ જોઈ ચોંકી જશો

(એજન્સી) ચીન તા 27

ભારત અને ચીન વચ્ચે તણાવપૂર્ણ સંબંધ હોવા છતા તેઓ એકબીજા સાથે વેપાર કરતા રહે છે. વેપારી ભાગીદારી એમની સૌથી મજબૂત જોવા મળે છે. ભારત અને ચીન એકબીજાના સૌથી મોટા ટ્રેડ પાર્ટનર છે. ચીનની સાથે ભારત 118.6 બિલિયન ડૉલરનો વેપાર કરે છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળ્યા પછી, વિશ્વ વેપાર વ્યવસ્થા સંપૂર્ણપણે હચમચી ગઈ છે. વ્હાઈટ હાઉસનો કાર્યભાર સંભાળ્યા પછી, ટ્રમ્પે ઘણા દેશો પર ટેરિફની જાહેરાત કરી છે. ટેરિફના કારણે વેપાર નીતિઓ પર અસર પડી છે. અમેરિકા દ્વારા જે દેશો પર ટેરિફ લાદવામાં આવ્યા છે તેમાં મેક્સિકો, કેનેડા અને ચીનનો સમાવેશ થાય છે. એ નોંધવું યોગ્ય છે કે આ ત્રણેય દેશો અમેરિકાના સૌથી મોટા વેપાર ભાગીદારો છે. ટ્રમ્પે મેક્સિકો અને કેનેડા પર 25% અને ચીન પર 10% વધારાનો ટેક્સ લાદ્યો હતો. ટ્રમ્પના આ નિર્ણયોમાં રાહત એ છે કે ભારત અત્યાર સુધી આ વેપાર યુદ્ધથી સુરક્ષિત રહ્યું છે. તાજેતરમાં પીએમ મોદી અમેરિકાની અમેરિકાની મુલાકાતે ગયા હતા. આ દરમિયાન તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પણ મળ્યા હતા. બંને નેતાઓએ ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર સંબંધોને વધુ સુધારવા પર ભાર મૂક્યો. આવી સ્થિતિમાં, શું તમે જાણો છો કે અમેરિકા અને ચીન સિવાય ભારત કયા દેશો સાથે સૌથી વધુ વેપાર કરે છે? ભારતના સૌથી મોટા વેપાર ભાગીદારો કોણ છે અને આ દેશો સાથે કેટલો વેપાર થાય છે? ભારતના સૌથી મોટા વેપાર ભાગીદારોની યાદીમાં અમેરિકા પ્રથમ ક્રમે છે. ભારત અમેરિકા સાથે $119.7 બિલિયનનો વેપાર કરે છે. 2024 સુધીમાં અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર બનશે. તે જ સમયે, ભારત અને ચીન વચ્ચે તણાવપૂર્ણ સંબંધો હોવા છતાં, આ દેશ ભારતનો બીજો સૌથી મોટો વેપાર ભાગીદાર છે. ભારત ચીન સાથે $118.6 બિલિયનનો વેપાર કરે છે. અમેરિકા અને ચીન પછી, સંયુક્ત આરબ અમીરાત એવા દેશોમાં ત્રીજા ક્રમે છે જેની સાથે ભારત વેપાર ભાગીદારી ધરાવે છે. ભારત યુએઈ સાથે 83.7 બિલિયન ડોલરનો વેપાર કરે છે. તે જ સમયે, દાયકાઓથી ભારતનો નજીકનો મિત્ર રશિયા, આ યાદીમાં ચોથા નંબરે છે. ભારત રશિયા સાથે $65.4 બિલિયનનો વેપાર કરે છે. ત્યારબાદ સાઉદી અરેબિયા આવે છે, જેની સાથે $43.0 બિલિયનનો વેપાર થાય છે. ટોચના 10 દેશોની યાદીમાં સિંગાપોર, ઈરાક, ઈન્ડોનેશિયા, હોંગકોંગ અને દક્ષિણ કોરિયાનો પણ સમાવેશ થાય છે. ટોપ 10ની યાદી પર નજર કરીએ તો,

યુનાઈટેડ સ્ટેટ્સ - $119.7 બિલિયન, ચીન - $118.6 બિલિયન, સંયુક્ત આરબ અમીરાત - $83.7 બિલિયન, રશિયા - $65.4 બિલિયન, સાઉદી અરેબિયા - $43.0 બિલિયન, સિંગાપોર - $35.6 બિલિયન, ઈરાક - $33.3 બિલિયન, ઈન્ડોનેશિયા - $29.4 બિલિયન, હોંગકોંગ - $28.7 બિલિયન, દક્ષિણ કોરિયા - $27.6 બિલિયનનો વેપાર કરે છે.

### રેલ મંત્રીએ પ્રયાગરાજ મહાકુંભમાં રેલ કર્મયોગીઓના અવિરત પ્રયાસો માટે આભાર વ્યક્ત કર્યો અને તેમની પ્રશંસા કરી

# મહાકુંભ 2025 દરમિયાન રેકોર્ડ 17,000થી વધુ ટ્રેનો ચલાવવામાં આવી

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે મહાકુંભ 2025 માટે ભારતીય રેલવેની વ્યાપક તૈયારીઓની સ્થળ પર જઈને સમીક્ષા કરવા માટે આજે સવારે પ્રયાગરાજની મુલાકાત લીધી. આ ભવ્ય ધાર્મિક સમાગમના મહત્ત્વ અને વિશાળતા સમજતા, તેમણે જમીની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે ઉત્તર મધ્ય રેલ (NCR), ઉત્તર પૂર્વ રેલ (NER) અને ઉત્તર રેલ (NR) હેઠળ આવેલા વિવિધ સ્ટેશનોની મુલાકાત લીધી.

આ મુલાકાત દરમિયાન, તેમણે રેલવે કર્મચારીઓ સાથે વાતચીત કરી, મુખ્ય વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું શ્રી વૈષ્ણવે વિવિધ વિભાગો વચ્ચેના સુમેળ માટે પ્રશંસા વ્યક્ત કરી. તેમણે ખાતરી આપી કે તમામ યાત્રાળુઓ માટે ભારતીય રેલ્વે સલામત, કાર્યક્ષમ અને આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.આ સમગ્ર આયોજન માટે, રેલ મંત્રીએ માનનીય પ્રધાનમંત્રીનો તેમનાં સતત માર્ગદર્શન માટે આભાર માન્યો. અને શ્રદ્ધાળુ ઓની અભૂતપૂર્વ સંખ્યાને સાંભળવામાં, માનનીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન શ્રી યોગી આદિત્યનાથ, મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શ્રી મોહન યાદવ અને પડોશી રાજ્યોની સરકારોને પણ આ મહાકાય આયોજનમાં તેમના સતત સહયોગ માટે આભાર વ્યક્ત કર્યો. રેલ મંત્રીએ રેલ કર્મયોગીઓના સમર્પણની પ્રશંસા કરી તેમની મુલાકાત દરમિયાન, રેલ મંત્રીએ વ્યક્તિગત રૂપે રેલવેના દરેક કર્મચારી સાથે મુલાકાત કરી અને મહાકુંભની આયોજન અને સંચાલન કરવામાં તેમની ભૂમિકા માટે આભાર વ્યક્ત કર્યો. રેલવે મંત્રી દ્વારા રેલવે



કર્મયોગીઓનું સમર્પણ કદર કરવામાં આવી તેમણે TTE, ડ્રાઈવર, સહાયક ડ્રાઈવર, સિગ્નલ અને ટેલિકોમ કર્મીઓ, TRD અને ઈલેક્ટ્રિકલ ટીમો, ASM, કંટ્રોલ અધિકારીઓ, ટ્રેકમેન અને રેલવે પ્રશાસકો માટે પણ આભાર વ્યક્ત કર્યો, જેઓના સંકલિત પ્રયાસોથી આ વિશાળ આયોજન સફળતાપૂર્વક સંચાલિત થયું. તેમણે પહેલીથી આખરી પંક્તિ સુધી દરેક કર્મચારીઓનો આભાર માન્યો તેમને સ્ટેશન જઈને પહેલીથી આખરી પંક્તિ સુધી હર એક કર્મચારીને મળીને આભાર માન્યો ઉત્સાહ વધાર્યો અને બધાનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો, લાખો તીર્થયાત્ર માટે મહાકુંભ 2025ના નિર્બાધનો અનુભવ ખાતરી કરવા માટે ચોબીસ કલાક અથક પ્રયાસ કર્યો.. મહાકુંભ 2025 માટે ભારતીય રેલ્વેએ તેમની પૂર્વ આયોજન કરતા પણ વધુ ટ્રેનોનું સંચાલન કર્યું. કુલ 17,152 ટ્રેનો ચલાવવામાં આવી, જેની શરૂઆતમાં 13,000 ટ્રેનોની યોજના હતી. આ સંખ્યા અગાઉના કુંભમેળાની સરખામણીએ ચાર ગણી વધારે છે. આમાં 7,667 વિશેષ ટ્રેનો અને 9,485 નિયમિત ટ્રેનો સામેલ હતી, જેથી યાત્રાળુઓ સરળ અને સુગમ પ્રવાસ કરી શકે. મહાકુંભ દરમિયાન કુલ 66 કરોડ યાત્રાળુઓના પ્રવાહનું સંચાલન કરવામાં આવ્યું, જેમાંથી માત્ર પ્રયાગરાજના 9 મુખ્ય રેલવે સ્ટેશનો પર 4.24 કરોડ યાત્રીઓનું સંચાલન કરવામાં આવ્યું. મહાકુંભ 2025 દરમ્યાન રેલ સંચાલનની અવિરત સફળતા ભારતીય રેલ્વેની અવિચલ જાહેર સેવાની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. રેલવે મંત્રીએ સમગ્ર રેલવે ટીમને તેમની અદ્ભૂત કામગીરી માટે આભાર વ્યક્ત કર્યો અને રેલવેની સુસજ્જ કામગીરી માટે તેમની પ્રશંસા કરી.

## ભાજપમાં જોડાઈ રહ્યા છે શિવકુમાર? કહ્યું- હું હિન્દુ છું અને તમામ ધર્મને પ્રેમ કરું છું

(એજન્સી) કર્ણાટક । તા. 27

કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે મહાકુંભ દરમિયાન પ્રયાગરાજ સંગમમાં સ્નાન કરીને યોગી સરકારના વખાણ કર્યા હતા. ત્યારબાદ તેઓ મહા શિવરાત્રિના અવસર પર સદગુરુ જગ્ગી વાસુદેવના ઈશા યોગ કેન્દ્ર પણ ગયા. આ કાર્યક્રમમાં ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહ્યા હતા. આ બધા બાદ એવી અટકળો શરુ થઈ હતી કે ડીકે શિવકુમાર પણ ભાજપમાં જોડાઈ શકે છે. એવામાં આ મામલે તેમણે સ્પષ્ટતા કરી છે કે હું જન્મથી જ કોંગ્રેસી છું. મીડિયા સાથે



વાત કરતા ડી.કે. શિવકુમારે કહ્યું, 'ઈશા ફાઉન્ડેશનની મુલાકાત લેવા બદલ મારી ટીકા થઈ ચૂકી છે. પરંતુ મને સદગુરુએ આમંત્રણ આપ્યું હતું, તેથી હું અહીં આવ્યો છું. હું જન્મથી હિન્દુ છું, જે તમામ ધર્મોને ચાહે છે. આનો અર્થ એ નથી કે હું ભાજપની નજીક આવી રહ્યો છું, પરંતુ હું અમિત શાહને મળ્યો પણ નથી.'ડેપ્યુટી સીએમએ કહ્યું કે, 'મેં મીડિયા અને સોશિયલ મીડિયામાં જોયું છે અને મારા મિત્રો પણ ફોન કરીને પૂછી રહ્યા છે કે શું હું ભાજપની નજીક આવી રહ્યો છું, પરંતુ એવું નથી. હું જન્મથી કોંગ્રેસી છું. મને મહાકુંભમાં શ્રદ્ધા છે અને હું તમામ ધર્મોનું સન્માન કરું છું. હું ભાજપના આરોપોને ગંભીરતાથી લેતો નથી.' મહાકુંભ મેળામાં પોતાના અનુભવ વિશે વાત કરતા, ડી.કે. શિવકુમારે કહ્યું, 'તે અદ્ભુત હતું. આટલી મોટી ભીડને સંભાળવી એ સરળ કાર્ય નથી. કેટલીક નાની અસુવિધાઓ હશે, પરંતુ હું અહીં ખામીઓ શોધવા નથી. પરંતુ ઉત્તર પ્રદેશ સરકારે સારી વ્યવસ્થા કરી છે. આસ્થાની દ્રષ્ટિએ, તે ભગવાન સાથે ભક્તના સંબંધ વિશે છે, કેટલાક લોકો સીધા જોડાય છે, જ્યારે અન્ય લોકો પૂજારી દ્વારા જોડાય છે.'

### બળજબરીથી છોકરીઓને રાખવાનો કેસ રદ

# દિલ્હી દારૂ નીતિ કૌભાંડમાં ભાજપ પણ સામેલ, તપાસ કરાવો: કોંગ્રેસની માંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

કોંગ્રેસે દિલ્હીમાં આમ આદમી પાર્ટી સરકારના કાર્યકાળ દરમિયાન કથિત દારૂ નીતિ કૌભાંડમાં ભાજપ પણ સામેલ હોવાનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસે CAGના રિપોર્ટમાં અનેક મહત્ત્વપૂર્ણ સવાલોને નજરઅંદાજ કરવાની વાત કહેતા વ્યાપક તપાસની માંગ કરી છે. નવી દિલ્હી સ્થિત કોંગ્રેસ કાર્યાલયમાં પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતા દિલ્હી પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ દેવેન્દ્ર યાદવ અને પાર્ટીના વરિષ્ઠ નેતા સંદીપ દિક્ષિતે માંગ કરી છે કે, દારૂ કૌભાંડની તપાસનો દાયરો વધારવામાં આવે. આટલું જ નહીં ભાજપ વિરુદ્ધ આપવામાં આવેલી લેખિત ફરિયાદની પણ તપાસ કરાવવામાં આવે.



કોંગ્રેસના નેતાઓ (દેવેન્દ્ર યાદવ અને સંદીપ દીક્ષિત)એ કહ્યું કે, 'દારૂ કૌભાંડના મુદ્દા પર જાહેર મંચ પર ચર્ચા થવી જોઈએ.' કોંગ્રેસના નેતાઓએ CAG રિપોર્ટની તપાસ માટે પીએસીની વહેલી તકે રચના કરવાની પોતાની માંગ પર ભાર મૂક્યો છે. દેવેન્દ્ર યાદવે કહ્યું કે, 'વિધાનસભામાં દારૂ નીતિ સંબંધિત CAG રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો. કોંગ્રેસને પહેલાથી જ શંકા હતી કે આ નીતિમાં ઘણી અનિયમિતતાઓ છે, જેનાથી સરકારના મહેસૂલ પર અસર પડશે. દિલ્હી પ્રદેશ કોંગ્રેસ કમિટિએ દારૂ નીતિ સંબંધિત લેખિત ફરિયાદ પણ તપાસ એજન્સીઓને આપી હતી, જેમાં ભાજપની સંડોવણીના પણ પુરાવા હતા.'

### 2002 કરોડ રૂપિયાની લૂંટ

તેમણે કહ્યું કે 'CAG રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, દિલ્હીના લોકો પાસેથી ટેક્સ રૂપમાં વસૂલવામાં આવેલી તેમની મહેનતની કમાણી લૂંટવામાં આવી. આમ આદમી પાર્ટીની સરકાર સતત જુઠ્ઠું બોલતી રહી કે સરકારની આવકમાં વધારો થઈ રહ્યો છે, પરંતુ સત્ય એ છે કે નિષ્ણાત સમિતિની ભલામણોને અવગણીને 2002 કરોડ રૂપિયાની લૂંટને અંજામ આપવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચેની પરસ્પર મિલીભગતનું પરિણામ છે કે વિધાનસભામાં CAG રિપોર્ટ પર ચર્ચા નથી થઈ રહી. બંને પક્ષો આ મુદ્દા પર ચર્ચા કરવાથી દૂર ભાગી રહી છે.'

### ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા ભાજપ અને આમ આદમી પાર્ટીને પૈસા આપ્યા

દેવેન્દ્ર યાદવે સવાલ કર્યો કે, માસ્ટર પ્લાનનું ઉલ્લંઘન કરીને દારૂની દુકાનો ખોલવા માટે લાઈસન્સ કેવી રીતે આપવામાં આવ્યા. કોર્પોરેશનની પરવાનગી વિના દારૂની દુકાનો નથી ખોલી શકાતી અને તે સમયે એમસીડીમાં ભાજપનું રાજ હતું. જે દારૂની કંપનીઓને કોન્ટ્રાક્ટ મળ્યા હતા તેમણે ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા ભાજપ અને આમ આદમી પાર્ટીને પૈસા આપ્યા હતા. આ તમામ સવાલોની તપાસ થવી જોઈએ.

### PACમાં તપાસ થવી જોઈએ

દેવેન્દ્ર યાદવે કહ્યું કે, કોંગ્રેસ ઈચ્છે છે કે, CAG રિપોર્ટની પીએસીમાં તપાસ કરવામાં આવે અને જે પણ લોકો આ લૂંટમાં સામેલ હતા તેમને સજા મળે. તેમણે વહેલી તકે પીએસી ગઠનની માંગ કરી. તેમણે કહ્યું કે, 'પરંપરાગત રીતે પીએસીની અધ્યક્ષતા વિપક્ષના નેતા કરે છે, પરંતુ દિલ્હીમાં શાસક પક્ષના નેતા તેની અધ્યક્ષતા કરી રહ્યા છે. આવી સ્થિતિમાં તો ઘણા આવા પાસાઓ છે જે ચર્ચામાં નહીં આવી શકશે. તેથી, CAG રિપોર્ટ અને આગામી રિપોર્ટ્સ પર જાહેર મંચ પર પણ ચર્ચા થવી જોઈએ.'

### વ્યાપક ચર્ચાની માંગ

બીજી તરફ સંદીપ દિક્ષિતે કહ્યું કે, 'CAG રિપોર્ટમાં જણાવાયું છે કે દારૂ નીતિ જે હેતુથી બનાવવામાં આવી હતી તેમાં વારંવાર ફેરફાર કરવામાં આવ્યા હતા. શરૂઆતમાં વધુને વધુ લોકોની ભાગીદારીની વાત કરવામાં આવી હતી, પરંતુ શરૂઆતમાં જ્યાં 77 લોકોની ભાગીદારી હતી, તે બાદમાં ઘટીને 14 થઈ ગઈ. આ 14 એવી સંસ્થાઓ છે જે એકબીજા સાથે સંબંધિત છે. કેટલાક દેશના એવા ભાગોમાંથી આવે છે જ્યાં રાજકારણીઓ અથવા તેમના પરિવારના સભ્યોનો આમ આદમી પાર્ટીની સરકાર સાથે સંબંધ છે. તેથી શંકાની સ્થિતિ ઊભી થાય છે અને આની ઊંડાણપૂર્વક ચર્ચા થવી જોઈએ.'

### વિશ્વ પ્રોટીન દિન

## નવું સર્વેક્ષણ બતાવે છે કે 3માંથી 2 ભારતીયોએ બદામને ઉચ્ચ માત્રામાં પ્રોટીન ધરાવતી હોવાનુ ઓળખી કાઢ્યુ છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

વિશ્વ પ્રોટીન દિનના પ્રસંગે નવો YouGov સર્વેક્ષણ, આલમોન્ડ બોર્ડ ઓફ કેલિફોર્નીયા દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો, જેમાંથી એવુ મળી આવ્યુ હતું કે મોટા ભાગના ભારતીયોએ ઉર્જા પૂરી પાડવામાં અને મજબૂત પાચન વ્યવસ્થાને ટેકો આપવા માટે પ્રોટીનની મુખ્ય ભૂમિકા છે તેવું ઓળખી કાઢ્યુ છે. આ સર્વેક્ષણ કે જેમાં ભારતમાં 17 શહેરોમાં 4,300 લોકોને આવરી લેવામાં આવ્યા હતા તે દર્શાવે છે કે 3માંથી 2 ભારતીયો (65%) બદામને ઉચ્ચ પ્રોટીન ધરાવતા નાસ્તા તરીકે ઓળખી કાઢે છે, તેમજ લખનૌ (38%), થિરુવન્થપુરમ, (37%), કોઈમ્બતુર (34%),



ગૌહત્તી (34%), અને ઈન્દોર (31%) જેવા ટિયર II શહેરોમાં તેણે મજબૂત સ્વીકાર્યતા પ્રાપ્ત કરી છે. નવાઈની વાત એ છે કે આ શહેરોમાંથી પ્રાપ્ત થયેલ સમર્થન સ્તરે મેટ્રોપોલીટન વિસ્તારો કરતા વધી ગયા હતા, જે દર્શાવે છે કે શહેરી કેન્દ્રો કરતા આ શહેરોમાં બદામને પ્રોટીન સમૃદ્ધ નાસ્તા તરીકે બહોળી સ્વીકાર્યતા મળી હોવાનું સુચન કરે છે. સર્વેક્ષણમાં જણાયુ હતુ કે ભારતમાં બદામ ટોચના પાંચ પ્રોટીનયુક્ત પસંદગીઓમાંની એક તરીકે ઉભરી આવી છે. પ્રોટીનનો કુદરતી સ્ત્રોત એવી બદામ, તેમાંયે ખાસ કરીને કેલિફોર્નીયા આલમોન્ડ્ઝ 15 આવશ્યક પોષણોથી ભરપૂર છે, જેમાં તુદરસ્ત ચરબી, ડાયેરી ફાયબર, મેગ્નેશિયમ, પોટેશિયમ અને ઝીંકનો સમાવેશ થાય છે. જો તેનું દરરોજ સેવન કરવામાં આવે તો તે અસંખ્ય આરોગ્ય લાભો આપે છે, જે તેને ભારતીયોમાં પસંદગીનો નાસ્તો બનાવે છે.

નવા સર્વેક્ષણના તારણો પર ટિપ્પણી કરતા MBBS અને ન્યૂટ્રીશનીષ્ટ ડૉ રોહિણી પાટીલએ જણાવ્યું હતુ કે, "આ વિશ્વ પ્રોટીન દિન પર મારે એ બાબત પર ભાર મુકવો છે કે પ્રોટીન એ અગત્યનું પોષકતત્વ છે અને ભારતીય ઉપભોક્તાઓને તેના ફાયદાઓની વધુને વધુ પ્રતીતી થઇ રહી છે. બદામ પ્રોટીનનો અત્યંત કુદરતી સ્ત્રોત હોવાથી, તે સ્નાયુઓના સ્વાસ્થ્યને ટેકો આપે છે.

## સનફીસ્ટ 14 ક્રિસ્પી લેયર્સ અને ચીઝી ડિલાઈટની સાથે ગ્રાહકોને 'વાઉ' કહેવા મજબૂર કરી દેશે

(એજન્સી) બેંગલોર। તા. 27

બિસ્કિટની કેટેગરીમાં ગ્રાહકોને તદન અલાયદો સ્વાદ પૂરો પાડવા માટે જાણીતી આઈટીસીની સનફીસ્ટે તેની લેટેસ્ટ બ્રાન્ડ વાઉઝર્સને લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ક્રન્ચીનેસ અને આહલાદક ફ્લેવર્સના અજોડ મિશ્રણ ધરાવતા ક્રેકર સેગમેન્ટને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે બનાવવામાં આવેલ સનફીસ્ટ વાઉઝર્સ તમારા સ્નેક ટાઈમનો સ્વાદ બદલી નાંખશે અને ચટાકેદાર ક્રેકર કેટેગરીમાં એક નવી જ તાજગી લાવશે. 'ક્રન્ચીનેસ' એ ક્રેકર્સમાં ગ્રાહકોને પસંદ પડતાં મુખ્ય પરિબળોમાંથી એક છે અને સનફીસ્ટ




વાઉઝર્સમાં તમને 14 લેયરના ક્રેકરની અદભૂત રચના જોવા મળશે. જેમાં તમને જબરદસ્ત ક્રિસ્પીનેસ અને આહલાદક ટેક્સચરને માણવા મળશે. પરંપરાગત સ્વાદથી અલગ ચીલો ચાતરીને સનફીસ્ટે વાઉઝર્સે બે સ્વાદિષ્ટ વેરિયેન્ચટ્સ રજૂ કર્યા છે - ચીઝ ક્રીમ એનરોબ્ડ ક્રેકર અને લેમન ક્રીમીન રોબ્ડ ક્રેકર. થોડાં વધુ આનંદ માટે ચપટી ખાંડ અને 14 ક્રિસ્પી લેયરની સાથે વિશિષ્ટ પ્રકારનો તેનો સ્વાદ સાચા અર્થમાં મલ્ટિ-ટેક્સચરલ અનુભવ પૂરો પાડે છે.

## પશ્ચિમ રેલ્વે અમદાવાદ-ગ્વાલિયર વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

(એજન્સી) અમદાવાદ । તા. 27

પશ્ચિમ રેલ્વેએ આગામી હોળીના તહેવાર અને ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને,મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ગ્વાલિયર વચ્ચે ખાસ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે:- ટ્રેન નં. 09411/09412 અમદાવાદ-ગ્વાલિયર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન (કુલ 36 ટ્રિપ્સ) ટ્રેન નંબર 09411 અમદાવાદ-ગ્વાલિયર સ્પેશિયલ 01 માર્ચથી 28 જૂન 2025 સુધી દર શનિવારે અમદાવાદથી 20.25 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 13.00 વાગ્યે ગ્વાલિયર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09412 ગ્વાલિયર-અમદાવાદ સ્પેશિયલ 2 માર્ચ થી 29 જૂન 2025 સુધી દર રવિવારે ગ્વાલિયર થી 16.30 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 09.05 વાગ્યે અમદાવાદ પહોંચશે.આ ટ્રેન માર્ગમાં બન્ને દિશાઓમાં આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, મકસી, ગુના અને શિવપુરી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.

### પૂણેમાં નિર્ભયા કાંડ જેવી ઘટના

## બસ સ્ટેન્ડ પર ઊભેલી બસમાં યુવતી સાથે દુષ્કર્મ, પોલીસે બનાવી આઠ ટીમો



(એજન્સી) નવી દિલ્હી । તા. 27

દિલ્હીના નિર્ભયા ગેંગરેપ જેવી ઘટના પુણેમાં બનતા ચકચાર જાગી છે. સ્વારગેટ બસ સ્ટેન્ડ ખાતે વહેલી સવારે શિવશાહી બસમાં 26 વર્ષીય યુવતી પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ગુનાહિત રેકોર્ડ ધરાવતા 36 વર્ષીય ફરાર આરોપી દતાત્રય રામદાસ ગાડેને પકડવા પોલીસની આઠ ટીમ બનાવવામાં આવી છે. યુવતીને વાતોમાં ભોળવીને બસમાં લઇ જતા આ નરાધમ સીસીટીવી કેમેરામાં ઝડપાઈ ગયો હતો. આ બનાવ પ્રકાશમાં આવ્યા બાદ વરિષ્ઠ પોલીસ અધિકારીઓની ટીમ ડૉગસ્કવૉડ તપાસ માટે પહોંચી ગઇ હતી.સ્વારગેટ પોલીસ સ્ટેશનના સૂત્રોએ જણાવ્યું હતું કે શંકાસ્પદ દત્તાત્રય રામદાસ ગાડે (ઉ.વ. 36) વિરૂદ્ધ ચોરી અને ચેન સ્નેચિંગના કેસ નોંધાયેલા છે. સ્વારગેટ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમના સૌથી મોટા બસ જંકશનમાંનું એક છે.

એક તરફ લાડકી બહિણ યોજના બીજી તરફ મહિલા અસુરક્ષિત પીડિત મહિલાના જણાવ્યા મુજબ સ્વારગેટ બસ સ્ટેન્ડ પાસે મંગળવારે સવારે 5.45 વાગ્યાની આસપાસ સાતારા જિલ્લાના ફલટણ જવા માટે આવી હતી. તે બસની રાહ જોઇ રહી હતી. ત્યારે એક શખસ તેની પાસે આવ્યો હતો તેને દીદી કહીને વાતચીતમાં વ્યસ્ત કરી હતી. તેણે સાતારાની બસ બીજા પ્લેટફોર્મ પર આવી ગઇ હોવાનું કહ્યું હતું. યુવતીએ તેની વાત પર વિશ્વાસ કર્યો હતો. ત્યારબાદ તે યુવતીને વિશાળ બસ સ્ટેન્ડ પરિસરમાં બીજી જગ્યાએ પાર્ક કરેલી ખાલી શિવશાહી AC બસમાં લઇ ગયો હતો.

સ્વારગેટ બસ સ્ટેશને પાર્ક બસમાં યુવતીને ભોળવીને લઈ ગયો: સીસીટીવીને આધારે રીઢો ગુનેગાર હોવાનું ઓળખાયું

બસની અંદરની લાઈટ ચાલું ન હોવાથી શરૂઆતમાં યુવતી અંદર જવામાં અચકાઈ હતી. પરંતુ આરોપી ખાતરી આપી કે તે યોગ્ય બસ છે.તેણે આરોપીને કહ્યું કે બસમાં અંધારું છે ત્યારે ગાડેએ જણાવ્યું કે બસ રાતે આવી ગઇ હતી. લોકો સૂઈ રહ્યા હોવાથી અંધારું છે. આમ તેણે યુવતીને બસની અંદર જઇ ટોર્ચથી તપાસ કરવા મનાવી લીધી હતી. યુવતી અંદર ગઇ ત્યાર બાદ આરોપી તેની પાછળ બસમાં ગયો હતો. તેણે બસનો દરવાજો બંધ કરી દીધો હતો. અને યુવતી પર બળાત્કાર ગુજાર્યો હતો.

પોલીસે સીસીટીવીની ફૂટેજ પરથી આરોપી ગાડેની ઓળખ કરી લીધી છે. તેને શોધવા માટે ઘણી ટીમો બનાવવામાં આવી છે. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સ્માર્તના પાટીલે પત્રકારોને જણાવ્યું હતું કે સીસીટીવી ફૂટેજમાં આરોપી સાથે મહિલા બસ તરફ જતાં જોવા મળી હતી. આ ઘટના બની ત્યારે બસ સ્ટેશન પરિસરમાં ઘણાં લોકો અને ઘણી બસો હતી. આ બનાવ પછી મહિલાએ તરત જ પોલીસનો સંપર્ક કર્યો ન હતો. પરંતુ તે ફલટણ જવાની બસમાં બેસી ગઇ હતી. પ્રવાસ દરમિયાન ફ્રેન્ડને બળાત્કારની જાણ કરી હતી. ફ્રેન્ડની સલાહ બાદ બસમાંથી ઉતરીને પોલીસ સ્ટેશનમાં ગઇ હતી.

પીડિતાની હાલત સ્થિર છે. તેણે પોલીસને સ્પષ્ટ નિવેદન આપ્યું હતું. જેના આધારે ભારતીય ન્યાય સંહિતા હેઠળ બળાત્કારનો કેસ નોંધવામાં આવ્યો છે. ભૂતકાળમાં ગાડે વિરૂદ્ધ પુણેના શિકરાપુર અને શિરુર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાયેલા છે. ફરાર આરોપીની માહિતી મેળવવા સ્નિફર ડૉગને બોલાવવામાં આવ્યા હતા. એમ ડીસીપીએ વધુમાં કહ્યું હતું.

### ફડણવીસનું ગૃહખાતું ગુનાખોરી રોકવામાં નિષ્ફળ: વિપક્ષો

બીજી તરફ વિપક્ષી નેતાઓએ આ ઘટનાની તીવ્ર પ્રતિક્રિયા આપી હતી. અને પુણેમાં વધી રહેલા ગુનાખોરીને રોકવામાં નિષ્ફળ જવા માટે મુખ્ય પ્રધાન દેવેનેદ્ર ફડણવીસ દ્વારા સંભાળવામાં આવતા ગૃહ વિભાગને જવાબદાર ઠેરવ્યું હતું.આ ખળભળાટ જનક બનાવ અંગે એનસીપી (એસપી)ના નેતા અને બારામતીના સાંસદ સુપ્રિયા સુળેએ ભાજપની આગેવાની હેટળની મહારાષ્ટ્ર સરકાર પર પ્રહારો કર્યા હતા. અહીં નજીકમાં એક પોલીસ ચોકી છે અને આ વિસ્તારમાં નિયમિતપણે પેટ્રોલિંગ કરવામાં આવે છે. હજીપણ સ્વારગેટ ખાતે આવા હુમલા થાય છે. જે દર્શાવે છે કે અસામાજિક તત્વોને કાયદાનો કોઈ ડર નથી. ગૃહ વિભાગ પુણેમાં ગુનાઓને રોકવામાં નિષ્ફળ ગયો છે. આ કેસની ટ્રાયલ ફાસ્ટટ્રેક કોર્ટમાં થવી જોઈએ અને આરોપીને કડક સજા મળવી જોઈએ, એમ સુળેએ કહ્યું હતું.

# વક્ફ બિલને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી

## સંસદમાં બજેટનું બીજું સત્ર 10મી માર્ચથી ચોથી એપ્રિલ સુધી ચાલશે

### વક્ફ સંશોધન બિલ... બજેટ સત્રના બીજા ચરણમાં સંસદમાં રજૂ કરાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

કેન્દ્રીય કેબિનેટ દ્વારા વક્ફ સંશોધન બિલને મંજૂરી આપવામાં આવી છે. સંસદમાં બજેટ સત્રના બીજા ચરણમાં આ બિલ રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. સંસદમાં બજેટનું બીજું સત્ર 10મી માર્ચથી ચોથી એપ્રિલ સુધી ચાલશે. નોંધનીય છે કે અગાઉ 13મી ફેબ્રુઆરીએ વક્ફ બિલ મુદ્દે સંસદીય સમિતિનો રિપોર્ટ સંસદમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટના આધારે જ બિલનો નવો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે, જેને આજે મોદી કેબિનેટે મંજૂરી આપી છે.અહેવાલો અનુસાર, વક્ફ સંશોધન બિલને 19 ફેમીબ્રુઆરીના રોજ યોજાયેલી કેબિનેટ બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. સુધારાઓના આધારે બિલને મંજૂરી આપવામાં આવી છે. વક્ફ બિલ સૌપ્રથમ ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં રજૂ કરવામાં



આવ્યું હતું. પરંતુ વિપક્ષના વિરોધને કારણે તેને સંસદીય સમિતિમાં મોકલવામાં આવ્યું. પાછળથી, કેટલાક સુધારાઓ પછી, જગદંબિકા પાલના નેતૃત્વ હેઠળની આ સમિતિએ સરકારને અહેવાલ સુપરત કર્યો.

ત્યારબાદ 13મી ફેબ્રુઆરીએ, વક્ફ બિલ પર સંસદીય સમિતિનો અહેવાલ સંસદમાં રજૂ કરવામાં આવ્યો. સમિતિના અહેવાલના આધારે, વક્ફ બિલનો નવો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો. હવે આ બિલને મોદી કેબિનેટે મંજૂરી આપી દીધી છે. આ બિલ બજેટ સત્રના બીજા ભાગમાં રજૂ કરી શકાય છે. બજેટ સત્રનો બીજો ભાગ 10મી માર્ચથી ચોથી એપ્રિલ સુધી ચાલશે.

### JPCએ 29મી જાન્યુઆરીએ મંજૂરી આપી હતી

JPC (સંયુક્ત સંસદીય સમિતિ)એ 29મી જાન્યુઆરીએ વક્ફ બિલમાં નવા ફેરફારો અંગેના રિપોર્ટને મંજૂરી આપી હતી. જેમાં પક્ષમાં 15 અને વિરોધમાં 14 મત પડ્યા. ભાજપના સાંસદો દ્વારા આપવામાં આવેલા ફેરફારોનો રિપોર્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વિપક્ષી સાંસદોએ અસંમતિ નોંધ રજૂ કરી હતી, અને તેને વક્ફ બોર્ડને નાબૂદ કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો. વક્ફ બિલ અંગે વિપક્ષે અનેક વાંધો ઊઠાવ્યો હતો. આ ઉપરાંત વક્ફ બાય યુઝર જોગવાઈને દૂર કરવાના પ્રસ્તાવનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો.

સિટી એક્સપ્રેસ

FRIDAY 28 FEBRUARY-2025

AHMEDABAD


## પંચદેવ મંદિરના મેળામાંથી 15 મોબાઇલની ચોરી થઇ

ગાંધીનગર | ગાંધીનગર શહેરના સેક્ટર 22 સ્થિત પંચદેવ મંદિર ખાતે વર્ષમાં બે મેળા ભરાય છે. જેમાં એક જન્માષ્ટમી અને બીજો મહાશિવરાત્રિનો મેળો ભરાય છે. મેળામાં સમગ્ર જિલ્લામાંથી નાગરિકો આવ્યા હતા. મેળામાં જેમ જેમ દિવસ પસાર થતો હતો, તેમ તેમ ભીડ થતી જોવા મળતી હતી. ભીડનો લાભ ગઠિયાઓ લઈ રહ્યા હતા. કેટલાક નાગરિકો મેળામાં ખરીદી કરવામાં વ્યસ્ત બનતા ગઠિયાઓ તેમના ફોન સેરવી લેતા હતા. જોકે, આ બાબતે કોઈ ફરિયાદ નોંધાવી નથી.

## યુવતીને પિયરિયા સાથે વાતની ના પાડનારા પતિ સામે ફરિયાદ

ગાંધીનગર | શહેરના સેક્ટર 29માં રહેતી યુવતીના લગ્ન અંકલેશ્વરમાં રહેતા યુવક સાથે કરવામાં આવ્યા હતા. પરંતુ લગ્નના ત્રણ વર્ષ પછી પતિ પરણિતાને ફોનનો ઉપયોગ કરવા દેતો ન હતો. પિયરીયા સાથે વાત કરવા દેતો ન હતો. જ્યારે પતિ પાસે કઈ માંગે તો પિયરમાંથી લઈ આવવાનુ કહેવામાં આવતા પત્નીએ પતિ સામે મહિલા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો. મળતી માહિતી મુજબ સેક્ટર 29 સરકારી વસાહતમાં રહેતી આશરે 31 વર્ષિય યુવતીના લગ્ન એક દાયકા પહેલા અંકલેશ્વરમાં રહેતા સહેજાદ મલેક સાથે સમાજના રીત રિવાજ મુજબ કરવામાં આવ્યા હતા.



# દેશની કુલ GDPમાં ગુજરાતનું 8.3 ટકા યોગદાન: ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુત

**ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ |** રાજ્ય સરકારે આરોગ્ય, શિક્ષણ, આંતર માળખાકીય સુવિધાઓ, ઔદ્યોગિક, નીતિગત, સામાજિક જેવા તમામ ક્ષેત્રોમાં ઐતિહાસિક અને પરિવર્તનશીલ કામગીરી તેમજ જનકલ્યાણકારી યોજનાઓ દ્વારા લોકહિતના અનેક કામો કરી રહી છે. ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું કે, ગુજરાતે તમામ બાબતોમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અગ્રેસર રહી વિશ્વ ફલક ઉપર પોતાની અલગ ભાત ઉભી કરી છે. રાજ્ય એક તરફ ઔદ્યોગિક વિકાસમાં હરણફાળ ભરી રહ્યું છે તો બીજી તરફ રોજગારીની નવી તકો ઉભી થઈ રહી છે. ભારતની માત્ર 5 ટકા વસ્તી ધરાવતું ગુજરાત હવે દેશના કુલ જી.ડી.પી.માં 8.3 ટકાનું યોગદાન આપી રહ્યું છે.

## ગુજરાતે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અગ્રેસર રહી વિશ્વ ફલક ઉપર પોતાની અલગ ભાત ઉભી કરી

વાયબ્રન્ટ ગુજરાતના આયોજન વિશે જણાવતા મંત્રીએ જણાવ્યું કે, રાજ્યમાં રહેલી વિકાસની વિશાળ તકના પરિણામે વિશ્વના રોકાણકારો, ઉદ્યોગકારો અને મલ્ટીનેશનલ કંપનીઓનું ધ્યાન ગુજરાત તરફ આકર્ષાયુ છે. ગુજરાતના વિકાસ માટે યોજનાઓની સાથે-સાથે નીતિગત સુધારાઓ, માળખાગત સુવિધાઓ અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગના લીધે ઈચ્છીત લક્ષ્યાંક પ્રાપ્ત થયા છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લા દોઢ દાયકાથી ભારતને વિકસિત અને સમૃદ્ધ દેશ બનાવવાની દિશામાં દિવસ-રાત અથાગ મહેનત કરી રહ્યા છે. ગુજરાતથી શરૂ થયેલી વિકાસયાત્રાને ભારતના પ્રત્યેક રાજ્ય-નાગરિક સુધી પહોંચાડી "વિકસિત અને આત્મનિર્ભર ભારત" બનાવવાનો માર્ગ મોકળો થયો છે. જનધન યોજના, સ્કિલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, સ્વચ્છ ભારત મિશન, મુદ્રા, ઉજાલા, ઉજ્જવલા યોજના, સ્માર્ટ સિટી મિશન, સ્ટાર્ટ-અપ ઈન્ડિયા જેવી અનેક લોકકલ્યાણકારી યોજનાઓના પરિણામે નાગરિકોના જીવનધોરણ સુધર્યા અને જનસામાન્યની સ્થિતિમાં ઐતિહાસિક પરિવર્તનો આવ્યાં છે.

**આગામી 25 વર્ષનો રોડમેપ તૈયાર**



### અન્ય રાજ્યોનું ધ્યાન પણ ગુજરાત તરફ આકર્ષાયું : ઉદ્યોગ મંત્રી

ઉદ્યોગ મંત્રીએ કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ વર્ષ 2003થી 2013 સુધી ગુજરાતમાં વિકાસના નવા અધ્યાયની શરૂઆત થઈ. તેમના બહોળા સામાજિક અનુભવ, વહીવટી કુશળતા, સંશાધનોનો યોગ્ય ઉપયોગ કરવાની આવડત અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને કારણે છેવાડાના માનવી સુધી વિકાસની તકો પહોંચી છે. આ ઉપરાંત શાળા પ્રવેશોત્સવ, વન મહોત્સવ, કૃષિ મહોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ, નિર્મળ ગુજરાત જ્યોતિર્ગ્રામ યોજના, ખેલ મહાકુંભ, સુજલામ-સુફલામ યોજના, વનબંધુ કલ્યાણ યોજના અને બેટી બચાવો-બેટી પઢાવો જેવી અનેક ઐતિહાસિક પહેલોના કારણે ગુજરાતમાં મહત્વપૂર્ણ પરિવર્તનો જોવા મળી રહ્યા છે. જેના પરિણામે અન્ય રાજ્યોનું ધ્યાન પણ ગુજરાત તરફ આકર્ષાયું છે.

## નવા શૈક્ષણિક વર્ષથી પાઠ્યપુસ્તકોમાં ફેરફાર કરાશે

**ધો. 1, 6થી 8 અને 12નાં પુસ્તકો બદલાશે; ગુજરાતી, અંગ્રેજી, ગણિત સહિતના વિષયોમાં નવાં પ્રકરણ ઉમેરાશે**



(એજન્સી) ગાંધીનગર | તા.27

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ 2025-26થી પાઠ્યપુસ્તકોમાં ફેરફરા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ધો. 1, 6થી 8 અને 12નાં પુસ્તકો નવાં તૈયાર કરવામાં આવ્યાં છે કે એમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ધો. 1માં ગુજરાતી, ધો. 6માં અંગ્રેજી વિષયના પુસ્તક બદલાશે. ધો. 7ના સંસ્કૃત માધ્યમમાં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, સર્વાંગી શિક્ષણ, સંસ્કૃત અને મરાઠીનાં પુસ્તક બદલાશે. ધો. 8માં ગુજરાતી, ગણિત અને વિજ્ઞાનનાં પુસ્તકો બદલાશે. ધો. 12માં અર્થશાસ્ત્રના પુસ્તકમાં નવા પ્રકરણ ઉમેરવામાં આવશે. આ ફેરફાર NEP(ન્યૂ એજ્યુકેશન પોલિસી)ને ધ્યાનમાં લઈને કરવામાં આવ્યો છે. એની પાછળનો હેતુ વિદ્યાર્થીઓની લર્નિંગ પ્રોસેસ વધુ સુદ્દઢ કરવાનો છે. રાજ્ય શિક્ષણ વિભાગ ન્યૂ એજ્યુકેશન પોલિસીને લઈ સતત ટેક્સ્ટ બુક અપડેટ્સ કરવાના પ્રયાસો કરી રહ્યો છે, જેના ભાગરૂપે આ ફેરફાર કરવામાં આવ્યા છે.

### નવા વર્ષે નવું પુસ્તક

રાજ્યની અનેક શાળાઓમાં GSEB બોર્ડ અને CBSE બોર્ડ મુજબ ધોરણ-1થી ધોરણ-12ના અભ્યાસક્રમમાં વિવિધ વિષયોનો સમાવેશ કરાયો છે. ગુજરાતમાં માતૃભાષાને પ્રથમ સ્થાન તેમ અનેક શાળાઓમાં GSEB બોર્ડ મુજબ જુદા-જુદા વિષયોના અભ્યાસક્રમને સામેલ કરાયા છે. સમય સાથે કેટલીક બાબતોમાં પરિવર્તન આવે છે. શિક્ષણ વિભાગ દ્વારા નવા પુસ્તકોને સામેલ કરવાનો નિર્ણય કરવામં આવ્યો છે. શૈક્ષણિક વર્ષ પહેલા જ પોતાના સંબંધિત વિષયોના થયેલ પુસ્તકમાં બદલાવની નોંધ લઈ શાળા તેમજ બુક સ્ટોર્સ પાસેથી નવું પુસ્તક લેવાનું રહેશે.

## ધોરણ 10નું ભાષાનું પ્રથમ પેપર પૂર્ણ

### ગુજરાતીનું પેપર સરળ પૂછાતાં વિદ્યાર્થીઓ રાજીના રેડ

(એજન્સી) અમદાવાદ | તા.27

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આજથી (27મી ફેબ્રુઆરી) રાજ્યમાં ધોરણ 10 અને 12ની મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થઈ ગયો છે. જેમાં ધોરણ 10ના વિદ્યાર્થીઓનું પ્રથમ પેપર ભાષાનું હતું. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે પ્રથમ પેપર ગુજરાતીનું હતું, જ્યારે અંગ્રેજી માધ્યમવાળા વિદ્યાર્થીઓને પ્રથમ પેપર અંગ્રેજીનું હતું. ગુજરાતીનું પેપર સરળ પૂછાતાં વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશી જોવા મળી હતી. પ્રથમ પેપર સરળ રહેતાં વિદ્યાર્થીઓ અને વાલીઓ આનંદમાં જોવા મળ્યા હતા. આજે સવારે 9:15 વાગ્યાથી તમામ પરીક્ષા કેન્દ્રો પર બાળકોનું ચેકિંગ કરી, ફૂલ, ચોકલેટ, પેન અને તિલક કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો.



### ગુજરાતીનું પેપર સરળ નીકળતાં સમય અવધિમાં પૂર્ણ કરી શકાયું

ધોરણ 10 બોર્ડની પરીક્ષાનાં પહેલા દિવસનાં પેપર વિશે ક્રિશા ઉમરાણિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતીનું પ્રથમ પેપર હતું અને તે પણ સાવ ઇઝી હોવાને કારણે લખવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી પડી ન હતી. એટલું જ નહીં સમયમર્યામાં પણ પૂર્ણ કરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી પડી ન હતી. આજના પેપરમાં બહારનાં કોઇપણ પ્રશ્ન પૂછાયા ન હોતાં હાશકારો થયો છે. તમામ પ્રશ્નો સિલેબર્સમાંથી જ પૂછાયા હોવાથી પેપર લખવામાં પણ મજા પડી ગઇ હતી.

### માતૃભાષાનું મહત્ત્વ સહિતના નિબંધો પૂછાયા

ધોરણ 10ના વિદ્યાર્થી દેવ હીરાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતીનું પ્રથમ પેપર હતું અને પ્રશ્નો પણ સરળ હોવાથી તમામ પ્રશ્નો આવડી ગયા હતા, જેને કારણે નિયત સમયમાં પેપર પૂર્ણ કરવામાં મુશ્કેલી પડી નહીં. સિલેબર્સ બહારનાં કોઈપણ પ્રશ્ન પૂછાયા ન હતાં જેને કારણે પેપર ઈઝી લાગ્યું હતું. આ વખતે નિબંધમાં માતૃભાષાનું મહત્ત્વ, 'નારી તું નારાયણી' અને 'વૃક્ષો વાવો પર્યાવરણ બચાવો' વિષય હતા.

## સરદાર સરોવર ડેમ અને જંગલ સફારી પાર્કની મુલાકાત લેતા રાષ્ટ્રપતિ



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે સરદાર સરોવર ડેમ અને જંગલ સફારી પાર્કની મુલાકાત લીધી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને રાજ્યના પ્રોટોકોલ મંત્રી જગદીશ વિશ્વકર્મા પણ મુલાકાતમાં જોડાયા હતા. રાષ્ટ્રપતિએ વિંધ્યાચલ અને સાતપુડાની ગિરિમાળાઓના પ્રાકૃતિક સૌંદર્યની મધ્યમાં સ્થિત ઈજનેરી કૌશલ્યના અદભૂત નમૂનારૂપ સરદાર સરોવર ડેમની ભવ્યતા નિહાળી હતી. રાષ્ટ્રપતિ ડેમના નિર્માણની સંઘર્ષભરી ગાથા અને વિપુલ જળરાશિના સંગ્રહ, કેનાલ નેટવર્ક અને સંગ્રહિત પાણીથી થઈ રહેલા લાભો વિષે માહિતગાર થયા હતા. સરદાર સરોવર નર્મદા નિગમના મેનેજિંગ ડિરેક્ટર મુકેશ પુરીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને ડેમના કારણે ગુજરાત સહિત રાજ્યો તથા નાગરિકોને થઈ રહેલા ફાયદાઓ વર્ણવ્યા હતા.

## ગુજરાત પ્રવાસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ! 1-2 માર્ચે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે

(એજન્સી) અમદાવાદ | તા.27



દેશના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વધુ એક વખત ગુજરાતની મુલાકાતે આવશે. ગૃહમંત્રી અમિત શાહ આગામી 1-2 માર્ચે ગુજરાતના પ્રવાસે આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી તેમના આ ગુજરાત પ્રવાસ દરમિયાન અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ અમિત શાહ થોડા દિવસ પહેલા જ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા અને વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ કર્યુ હતું.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ 1 અને 2 માર્ચે ગુજરાત પ્રવાસે આવવાના છે. 1 માર્ચે સાંજે અમિત શાહ અમદાવાદ પહોંચશે, 2 માર્ચે મહેસાણાના વિજાપુર પહોંચશે. અમિત શાહ નવનિર્મિત ગોવર્ધન મંદિરના દર્શન કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બપોરે GC હાઈ સ્કૂલની પણ મુલાકાત લેશે. તમામ વિકાસલક્ષી કાર્યોને વેગ આપીને અમિત શાહ જાહેર કાર્યક્રમ પૂર્ણ કરી બાદ દિલ્હી રવાના થશે.

## અમીરગઢ નજીક બસ અને કારનો અકસ્માત, 3ના ઘટના સ્થળે મોત

(એજન્સી) અમદાવાદ | તા.27

ગુજરાત અને રાજસ્થાનની બોર્ડરે આવેલા અમીરગઢ તાલુકા ખુણીયા ગામ નજીક એસ.ટી બસ અને બોલેરો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. જ્યારે અન્ય લોકો ઈજા પામી છે. અકસ્માત એટલો ભયંકર હતો કે પતરા ચીરીને લાશો બહાર કાઢી હતી. આ અકસ્માતમાં હજુ મૃત્યુ આંક વધવાની સંભાવના છે. હાલમાં તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતના પગલે ભારે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા છે. પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે અને કાર્યવાહી શરૂ કરી છે.



પતરાં ચીરી મૃતદેહો બહાર કાઢ્યા

મળતી માહિતી અનુસાર અનુસાર બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ નજીક આવેલા ખુણીયા ગામ નજીક ગુરૂવારે રાજસ્થાન પરિવહનની બસ અને બોલેરો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ત્રણ મુસાફરોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય મુસાફરોને ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

## દ્વારકામાં શિવલિંગ ચોરનારા ચાર ઝડપાયા, ભત્રીજીને સપનું આવતા રચ્યું હતું કાવતરું

(એજન્સી) અમદાવાદ | તા.27



દ્વારકામાં મહાશિવરાત્રિના એક દિવસ પહેલાં જ હર્ષદ દરિયાકિનારે આવેલા ભીડભંજન મહાદેવ મંદિરમાંથી શિવલિંગની ચોરી થઈ હતી. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી 24 કલાકમાં જ 4 આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીની ભત્રીજીને સપનું આવ્યું હતું કે ભીડભંજન મહાદેવ મંદિરનું શિવલિંગ ઘરે લાવીને સ્થાપના કરશે તો પ્રગતિ થશે. ચોરી પાછળનો હેતુ જાણી પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકાના હર્ષદ દરિયાકાંઠે ભીડભંજન મહાદેવ મંદિરમાંથી શિવલિંગ ગુમ મંદિરમાં પૂજા-અર્ચના કરનારા ભક્તો દ્વારા સમગ્ર મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસ અને SRDના જવાનોએ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. આ મામલે પોલીસે 24 કલાકમાં 4 આરોપીઓને ઝડપી પાડ્યા છે. 3 મહિલાઓ સહિત 7 આરોપીઓએ કાવતરુ રચ્યું હતું.

## સુરતની ટેક્સટાઇલ માર્કેટની આગના એ 32 કલાક

### 700 દુકાન બળી, 850 કરોડનું નુકસાન



(એજન્સી) સુરત | તા.27

નજર સામે જિંદગીભરની મૂડી ખાક થઈ ગઈ, 'મારી દુકાન ઓલવો...મારી દુકાન ઓલવો'. આ શબ્દો છે સુરતના રિંગરોડ પર આવેલી શિવશક્તિ ટેક્સટાઈલ માર્કેટમાં દુકાન ગુમાવનારા વેપારીઓના. તેઓ ચોધાર આંસુએ રડીને જિંદગીભરની કમાણી ખાક થવાનો વસવસો વ્યક્ત કરતા હતા. તો બીજી તરફ સાકેત ગ્રુપના બિલ્ડર નિર્મલ જૈને આ તમામ વેપારીઓને 500 દુકાનો ભાડા વિના આપવા તૈયાર થયા છે.

26 ફેબ્રુઆરીના રોજ સવારના 7 વાગ્યે લાગેલી આગ 27 ફેબ્રુઆરીના બપોરના 3 વાગ્યે માંડ કાબૂમાં આવી હતી. આમ આ આગ 32 કલાકે કાબૂમાં આવી હતી. ફાયર વિભાગની 40થી વધુ ગાડીઓએ સતત 40 લાખ લિટરથી વધુ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.

### ગાંધીનગરથી ડાયરેક્ટર ઓફ ફાયર ઓફિસર દોડી આવ્યા

વિકરાળ આગ કાબૂમાં આવી ગયા પછી ચોથા અને પાંચમા માળની દુકાનોના સ્લેબ ધરાશાયી થવા લાગ્યા હતા તેમજ પાંચ દુકાનમાં પણ સામાન્ય આગ જોવા મળી હતી. ગાંધીનગરથી રાજ્યના ડાયરેક્ટર ઓફ ફાયર અનિલ ચાવડા શિવશક્તિ માર્કેટમાં પહોંચ્યા હતા. માર્કેટમાં અત્યારે કયા પ્રકારની સ્થિતિ છે એનો તાગ મેળવ્યો હતો.

### 822 દુકાનની કિંમત સાથે 850 કરોડ જેટલું નુકસાન

1996માં શિવશક્તિ માર્કેટ ભૂપત પટેલ અને અરુણ પટેલ નામના બે ભાઈ દ્વારા બનાવવામાં આવ્યું હતું. આ માર્કેટમાં એક ફ્લોર પર એક 137 દુકાન છે. આમ, 6 ફ્લોર મળીને 822 દુકાન આવેલી છે, જેમાંથી અંદાજે 700 જેટલી દુકાન સંપૂર્ણ ખાક થઈ ગઈ છે. એક દુકાનની કિંમત 60-70 લાખથી એક કરોડની છે. આ હિસાબે એક દુકાનની સરેરાશ 90 લાખ કિંમત ગણીએ તો 740 કરોડ જેટલી થાય છે. જ્યારે દુકાનમાં 12થી 15 લાખનો માલ પડ્યો હતો. આ માલની સરેરાશ કિંમત 13 લાખ ગણીએ તો 106 કરોડ 86 લાખ થાય છે. આમ, કુલ નુકસાન 850 કરોડ જેટલું ગણી શકાય.

# ગુજરાતના માછીમારોને ફિશિંગ નેટ બદલાવવા અમેરિકાનું અલ્ટીમેટમ

## નિયમ બદલશે: USએ કાચબા બચાવવા ચેતવણી આપતા માછીમારીની જાળમાં ડિવાઈસ ફરજિયાત




(એજન્સી) ગાંધીનગર | તા.27

ગુજરાતના માછીમારો પર ફરી એકવાર આર્થિક સંકટ મંડરાઈ રહ્યું છે, કારણ કે સમુદ્રી કાચબાને બચાવવા અમેરિકન સરકારે નવા નિયમો જાહેર કર્યા છે, અમેરિકન સરકારે ઝીંગા લેવાનું વર્ષ 2019થી બંધ કરી દીધું છે અને જાન્યુઆરી 2026 સુધીનું ફિશિંગ નેટ બદલાવવા અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે.

### ગંદા પાણીમાં સમુદ્રી કાચબાનો ઉછેર થતો નથી

GPCB મુજબ શુદ્ધ કરેલું ગંદુ પાણી સમુદ્રમાં છોડવાની વાતો ચર્ચામાં છે, તેના કારણે પણ સમુદ્રી કાચબાનો ઉછેર થતો નથી. સામાન્ય રીતે સમુદ્રી કાચબા શુદ્ધ પાણીમાં જ ઉછેરે છે, માછીમારો પણ ઉદ્યોગોના ગંદા પાણી સમુદ્રમાં છોડવા બાબતનો વિરોધ કરી રહ્યા છે.



### ભારતીય માછીમારો ટ્રોલર ફિશિંગમાં કાચબા છટકબારી જાળનો ઉપયોગ કરતા નથી

કાચબા દરિયામાં પાણીને શુદ્ધ કરે છે. ડેલીગેશનના સભ્યોએ મુલાકાત દરમ્યાન જાણ્યું હતું કે ભારતીય માછીમારો ટ્રોલર ફિશિંગમાં કાચબા છટકબારી જાળનો ઉપયોગ કરતા નથી, ટ્રોલર ફિશિંગમાં ઝીંગા માછલી વધુ આવે છે, જેને કારણે અમેરિકા દ્વારા ભારતમાંથી ઝીંગા માછલી એક્સપોર્ટ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો.

### 2026માં અમેરિકન ડેલીગેશન ભારતની મુલાકાત લેશે

ભારતીય માછીમારો કાચબા છટકબારીની જાળ વાપરતા ન હોય આથી ડેલીગેશન દ્વારા અલ્ટીમેટમ આપ્યું છે કે તેઓ 2026માં ફરીથી ભારતની મુલાકાત લેશે અને જો ટ્રોલર બોટમાં પોતાની જાળમાં કાચબા છટકબારી જાળ ડીવાઈસ નહીં વાપરે તો 2026થી અમેરિકા ભારતમાંથી તમામ પ્રકારની 20થી 22 પ્રકારની માછલીની આયાત બંધ કરી શકે છે.